અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૫ ઓક્ટોબર ૨૦૨૪, શનિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, આસો સુદ ૩ | અંક : ૯૬ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### રોકાણકારોના ૧૭,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ રૂપિયા ડૂબ્યા!

# સેન્સેક્સ-નિફ્ટી સતત પાંચમા દિવસે ભારે કડાકા સાથે બંધ

## સેન્સેક્સ ૮૦૮ અંકના ઘટાડા સાથે ૮૧,૬૮૮ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૦૦ અંકના ઘટાડા સાથે ૨૫૦૪૯ અંક પર બંધ

। (એજન્સી) મુંબઈ, તા.૪ ।

અઠવાડિયાના છેલ્લા ટ્રેડિંગ સેશન અને સતત પાંચમા દિવસે ભારતીય શેર બજાર ભારે ઘટાડા સાથે બંધ થયું છે. આખો દિવસ બજારમાં ભારે ઉથલપાથલ જોવા મળી છે. સવારે બજાર ઘટાડા સાથે ખુલ્યું હતું પરંતુ દિવસ દરમિયાન સેન્સેક્સમાં ૮૭૦ અને નિફ્ટીમાં ૨૩૫ અંકનો વધારો આવ્યો હતો. પરંતુ વેપાર પૂરો થવાના થોડા સમય પહેલા બજારમાં ફરી તીવ્ર નફાખોરી શરૂ થઈ અને સેન્સેક્સ દિવસના ઉચ્ચ સ્તરથી ૧૮૩૫ અને નિફ્ટી ૫૨૦ અંક સુધી નીચે ગબડ્યો. એફએમસીજી, બેન્કિંગ અને એનર્જી સ્ટોક્સમાં વેચવાલીને કારણે બજારમાં આ ઘટાડો આવ્યો છે. વેપાર પૂરો થતાં સેન્સેક્સ ૮૦૮ અંકના ઘટાડા સાથે ૮૧,૬૮૮ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૦૦ અંકના ઘટાડા સાથે ૨૫૦૪૯ અંક પર બંધ થયો છે. બજારમાં વેચવાલીને કારણે આજે પણ રોકાણકારોને ભારે નુકસાન વેઠવું પડ્યું છે. બીએસઈ પર લિસ્ટેડ સ્ટોક્સનું માર્કેટ કેપ ૪૬૧.૦૫ લાખ કરોડ રૂપિયા પર ગિરીને બંધ થયું છે જે અગાઉના સત્રમાં ૪૬૫.૦૫ લાખ કરોડ રૂપિયા પર બંધ



થયું હતું. એટલે કે આજના સત્રમાં રોકાણકારોને ૩.૭૦ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. આ અઠવાડિયે ભારતીય શેર બજારના માર્કેટ કેપમાં ૧૭ લાખ કરોડ રૂપિયાનો ઘટાડો આવ્યો છે.

બીએસઈ પર કુલ ટ્રેડ થયેલા ૪૦૫૪ શેરમાંથી ૧૫૩૨ શેર તેજી સાથે અને ૨૩૮૬ શેર ઘટાડા સાથે બંધ થયા. સેન્સેક્સના ૩૦ શેરમાંથી ૮ તેજી સાથે જ્યારે ૨૨ ઘટાડા સાથે બંધ થયા. નિફ્ટીના ૫૦ શેરમાંથી ૧૩ તેજી સાથે અને ૩૭ ઘટાડા સાથે બંધ થયા. તેજી વાળા શેરમાં ઈન્ફોસિસ ૧.૩૩ ટકા, ટેક મહિન્દ્રા ૦.૮૩ ટકા, ટાટા મોટર્સ ૦.૫૧ ટકા, એક્સિસ બેંક ૦.૫૦ ટકા, ટીસીએસ ૦.૪૨ ટકા, એસબીઆઈ ૦.૨૮ ટકા, એચસીએલ ટેક ૦.૨૭ ટકાની તેજી સાથે બંધ થયા છે. ઘટાડા વાળા શેરમાં મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૩.૫૮ ટકા, બજાજ ફાઈનાન્સ ૩.૦૧ ટકા, નેસ્લે ૨.૮૫ ટકા, એશિયન પેઈન્ટ્સ ૨.૪૯ ટકાના ઘટાડા સાથે બંધ થયા છે. આજના કારોબારમાં આઈટી સ્ટોક્સને બાદ કરતાં બાકીના તમામ સેક્ટરના શેરમાં ઘટાડો જોવા મળ્યો છે. બેંકિંગ, ઓટો, એફએમસીજી, ફાર્મા, મેટલ્સ, એનર્જી, હેલ્થકેર, મીડિયા, રિયલ એસ્ટેટ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સેક્ટરના શેર ઘટાડા સાથે બંધ થયા. મિડકેપ અને સ્મોલકેપ શેરમાં આજે પણ ઘટાડો જોવા મળ્યો છે. સેક્ટોરલ ઈન્ડેક્સમાં સાર્વત્રિક વેચવાલીના પગલે એનર્જી ઈન્ડેક્સ ૧ ટકા, એફએમસીજી ૧.૬૭ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસિઝ ૧.૦૫ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૧.૨૫ ટકા, ઓટો ૧.૫૦ ટકા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૧.૩૫ ટકા, પાવર ૧.૧૨ ટકા, રિયાલ્ટી ૧.૬૦ ટકા તૂટ્યો હતો. મધ્ય-પૂર્વમાં વધતા જતાં સંઘર્ષ અંગેની ચિંતાના કારણે ટોચના ક્રૂડ ઉત્પાદક પ્રદેશમાંથી ક્રૂડના પુરવઠામાં સંભવિત વિક્ષેપની આશંકા ઊભી થઈ છે, જેના કારણે કિંમતો વધી છે. આ પરિસ્થિતિમાં ભારત જેવા ચોખ્ખા આયાતકારોને માઠી અસર થઈ શકે છે.

### ગાઝામાં ઈઝરાયેલના હુમલામાં હજારો લોકોના મોત

## પશ્ચિમ એશિયામાં વધતા જતા તણાવને લઈ મોદીએ કેબિનેટ સમિતિની બેઠક યોજી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

ઈરાને ઈઝરાયેલ પર હુમલો કર્યા બાદથી પશ્ચિમ એશિયામાં સતત તણાવ વધી રહ્યો છે. મધ્ય-પૂર્વ ક્ષેત્રમાં નવા તણાવ વચ્ચે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિની બેઠક યોજી હતી. સૂત્રોએ જણાવ્યું કે, ત્યાં વધી રહેલા તણાવ અને ભારત પર તેની સંભવિત અસર અંગે ચર્ચા કરવામાં આવી હતી. કેબિનેટની બેઠક પહેલા કેબિનેટ કમિટી ઓન સિક્યોરિટી (CCS)ની બેઠક યોજાઈ હતી. સૂત્રોએ જણાવ્યું કે પીએમ મોદીની આગેવાની હેઠળની બેઠકમાં પશ્ચિમ એશિયામાં વધી રહેલા સંકટ અને ભારત પર તેની સંભવિત અસર અંગે ચર્ચા કરવામાં આવી હતી. ગલ્ફ રિજનમાં વધી રહેલા સંકટને કારણે ભારતમાં ક્રૂડ ઓઈલના પુરવઠાને અસર થવાની અને આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમતો વધવાની શક્યતા છે. તેનાથી ભારત સાથેના વેપાર પર પણ અસર પડી શકે છે. ભારતે મધ્ય પૂર્વ ક્ષેત્રમાં વધી રહેલા સંઘર્ષ અને વધતા યુદ્ધ અંગે ચિંતા વ્યક્ત કરી છે અને સંબંધિત પક્ષોને સંયમ રાખવાનો અનુરોધ પણ કર્યો છે. ભારતે પોતાના નિવેદનમાં કહ્યું છે કે, આ સંઘર્ષ વ્યાપક સ્વરૂપ લેવો જોઈએ નહીં. તેમણે તમામ મુદ્દાઓને વાતચીત અને કૂટનીતિ દ્વારા ઉકેલવા માટે પણ આહ્વાન કર્યું છે. બીજી તરફ પશ્ચિમ એશિયામાં વધી રહેલા તણાવને જોતા સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) એ બુધવારે ઈમરજન્સી બેઠક બોલાવી હતી. સંયુક્ત રાષ્ટ્રમાં ઈરાનના રાજદૂતે કહ્યું કે, તેમના દેશે ઈઝરાયલ પર લગભગ ૨૦૦ મિસાઈલો છોડી, જેથી ઈઝરાયેલની હિંસા રોકી શકાય. આ સિવાય ઈઝરાયલના રાજદૂતે આ હુમલાને અભૂતપૂર્વ આક્રમકતા ગણાવી હતી.

### પરિવાર સાથે બહાર નીકળ્યા

## દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે છોડ્યું સીએમ આવાસ

### અરવિંદ કેજરીવાલે લુટિયન ઝોનમાં સ્થિત તેમના નવા સરનામાં પર જવા માટે જૂના નિવાસસ્થાન છોડી દીધું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

આમ આદમી પાર્ટી (AAP) ના રાષ્ટ્રીય સંયોજક અને પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે શુક્રવારે લુટિયન ઝોનમાં સ્થિત તેમના નવા સરનામાં પર જવા માટે તેમના જૂના નિવાસસ્થાન છોડી દીધું. કેજરીવાલ પરિવાર સહિત પાર્ટીના સભ્યો અશોક મિત્તલના ૫, ફિરોઝશાહ રોડ, મંડી હાઉસ નજીક સ્થિત સત્તાવાર નિવાસસ્થાન જવા રવાના થયા હતા.. AAPનું કહેવું છે કે, હવે અરવિંદ કેજરીવાલ ત્યાં સુધી મુખ્યમંત્રી આવાસમાં નહીં રહે જ્યાં સુધી જનતાની અદાલતમાં તે ઈમાનદાર સાબિત ન થાય અને તેમને ફરીથી મુખ્યમંત્રી ન બનાવે. અરવિંદ કેજરીવાલનું નવું સરનામું ૫, ફિરોઝશાહ રોડ



હશે. શુક્રવારથી તેઓ AAPના રાજ્યસભા સાંસદ અશોક મિત્તલના ઘરે રોકાશે. આ બીજી વખત છે જ્યારે તેઓ નવી દિલ્હી વિધાનસભા મતવિસ્તારમાં રહેશે. અગાઉ વર્ષ ૨૦૧૪માં તેમને તિલક લેનમાં મકાન ફાળવવામાં આવ્યું હતું. આ પછી તે સિવિલ લાઈન્સમાં શિફ્ટ થઈ ગયા હતા.

## વ્હીલચેર પર બેસી નીકળ્યો ગોવિંદા, ડિસ્ચાર્જ બાદ ખૂશ

। (એજન્સી) મુંબઈ, તા.૪ ।

ફિલ્મ અભિનેતા ગોવિંદાને લઈ મોટા સમાચાર સામે આવ્યા છે. વાસ્તવમાં ગોવિંદાને



પગમાં ગોળી વાગ્યા બાદ હવે તેમને સારવારને અંતે હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. ગોવિંદાવ્હીલચેરપરબેસીને હોસ્પિટલની બહાર આવ્યા હતા. આ દરમિયાન તેમની સાથે પત્ની અને પુત્રી પણ જોવા મળ્યા હતા. મુંબઈની ક્રિટિકેર હોસ્પિટલમાં ત્રણ મહિનાની હોસ્પિટલમાં દાખલ થયા બાદ ગોવિંદાને હવે રજા આપ વામાં આવી છે. તેઓ હોસ્પિટલની બહાર મીડિયાને મળ્યા હતા. અભિનેતા સાથે તેનો પરિવાર પણ જોવા મળ્યો હતો. તેમણે ચાહકોનો આભાર માન્યો હતો. ગોવિંદા વ્હીલચેર પર બેઠેલા જોવા મળ્યો હતો. ગોવિંદાએ તેમના માટે પ્રાર્થના કરનારા તમામ ચાહકો અને શુભેચ્છકોનો આભાર માન્યો છે.

### મામલામાં ૧૬ ઓક્ટોબરે સુનાવણી

## સોમનાથ ડિમોલેશન કેસમાં યથાવત્ સ્થિતિ જાળવી રાખવાની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

સુપ્રીમ કોર્ટે ગુજરાતના સોમનાથ ડિમોલેશન કેસમાં યથાવત્ સ્થિતિ જાળવી રાખવાની અરજીને ફગાવી દીધી છે. ૨૮ સપ્ટેમ્બરે ગીર સોમનાથમાં મુસ્લિમ ધાર્મિક અને રહેણાંક સ્થળોને ગેરકાયદે તોડવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો.

આ કેસના સુનાવણી ૧૬ ઑક્ટોબરે હાથ ધરવામાં આવશે. જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ કેવી વિશ્વનાથનની પીઠે પ્રભાસ પાટણના પટણી સમુદાયનું પ્રતિનિધિત્વ કરતાં ટ્રસ્ટ સમસ્ત પટણી મુસ્લિમ જમાત દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરી હતી. સીનિયર એડવોકેટ સંજય હેગડેએ કહ્યું



કે,આ મુદ્દો ૧૩૦૯થી ચાલ્યો આવ્યો છે, જે અહીંના માળખાઓ સબંધિત છે. હેગડેએ જણાવ્યું, પક્ષો દ્વારા આપવામાં આવેલી નોટિસમાં ક્યાંય પણ તોડફોડનો ઉલ્લેખ નહોતો, અધિકારીઓની કાર્યવાહી સુપ્રીમ કોર્ટે ૧૭ ઓક્ટોબરે આપેલા આદેશની વિરુદ્ધ છે. જેમાં નિર્દેશ આપવામાં આવ્યો છે કે અદાલતની પૂર્વ અનુમતિ વગર ડિમોલેશન ન થવું જોઈએ. સીનિયર એડવોકેટે કહ્યું, ૫૭ એકર વિસ્તારમાં પથરાયેલી આશરે ૫ દરગાહ, ૧૦ મસ્જિદો અને ૪૫ મકાન ખતરાનો સામનો કરી રહ્યા છે. તેમણે આસામના સોનપુરમાં દબાણ હટાવવાના અભિયાન પર સુપ્રીમ કોર્ટ દ્વારા તાજેતરમાં આવેલા આદેશનો પણ ઉલ્લેખ કર્યો.

ગુજરાત સરકાર તરફથી સૉલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું, દબાણ હટાવ અભિયાન ૧૭ સપ્ટેમ્બરે આપવામાં આદેશ અંતર્ગત અપવાદમાં આવે છે. કોર્ટ દ્વારા જાહેર સ્થળો અને જળાશયો નજીકની જમીન પર કરવામાં આવેલા દબાણનો ઉલ્લેખ છે. સૉલિસિટર જનરલે કહ્યું કે, મામલાનો વિષય સરકારી જમીન છે.

## કિમ જોંગની દક્ષિણ કોરિયા પર પરમાણુ હુમલાની ધમકી

। (એજન્સી) ઉત્તર કોરિયા, તા.૪ ।

ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ભયંકર યુદ્ધના ભય વચ્ચે હવે ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉને દક્ષિણ કોરિયા પર પરમાણુ હુમલાની ધમકી આપી છે. કિમ જોંગે દક્ષિણ કોરિયાને આ ધમકી એવા સમયે આપી છે જ્યારે વિશ્વમાં ત્રીજા વિશ્વયુદ્ધના ભણકારા વાગી રહ્યા છે.

રશિયા-યુક્રેનથી લઈને ઈઝરાયેલ-હમાસ, ઈઝરાયલ-હિઝબુલ્લા, ઈઝરાયલ-હુતી, ઈઝરાયેલ-ઈરાન, લગભગ સમગ્ર મધ્ય એશિયા ભયંકર યુદ્ધની ઝપેટમાં છે. ત્યારે હવે દક્ષિણ કોરિયા અને ઉત્તર કોરિયા વચ્ચે તણાવ



જોવા મળી રહ્યો છે. બંને દેશો વચ્ચે દરરોજ કોઈને કોઈ મુદ્દે બોલાચાલી થતી રહે છે. પરંતુ આ વખતે મામલો પરમાણુ હુમલા સુધી પહોંચી ગયો છે.

ઉત્તર કોરિયાના તાનાશાહ કિમ જોંગ ઉને જો ઉશ્કેરવામાં આવશે તો પરમાણુ હથિયારોનો ઉપયોગ કરીને દક્ષિણ કોરિયાને હંમેશા માટે ખતમ કરવાની ધમકી આપી છે. કિમનું આ નિવેદન દક્ષિણ બાદ કોરિયાના રાષ્ટ્રપતિના નિવેદનના જવાબમાં આવ્યું છે જેમાં તેમણે ઉત્તર કોરિયાને ચેતવણી આપી હતી કે જો કિમે પરમાણુ હથિયારોનો ઉપયોગ કરવાનો પ્રયાસ કર્યો તો તેમનું શાસન હંમેશા માટે ખતમ થઈ જશે. કોરિયન દ્વીપકલ્પમાં તણાવ કોઈ નવી વાત નથી, પરંતુ તાજેતરના તણાવનું કારણ ઉત્તર કોરિયાનો તે નિર્ણય છે જેમાં તેણે તેના પરમાણુ હથિયારોની સુવિધાઓનો વિસ્તાર કરવાની અને મિસાઈલ પરીક્ષણ ચાલુ રાખવાની જાહેરાત કરી છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે ઉત્તર કોરિયાની સંસદ આ અઠવાડિયે એક ઠરાવ પસાર કરી શકે છે, જેમાં દક્ષિણ કોરિયા સાથે સમાધાનને નકારી કાઢવાની અને બે-રાજ્ય પ્રણાલીને બંધારણીય દરજ્જો આપવાની જોગવાઈનો સમાવેશ થાય છે. ઉત્તર કોરિયાના સરમુખત્યાર બુધવારે જણાવ્યું હતું કે જો દક્ષિણ કોરિયા ઉત્તર કોરિયાની સાર્વભૌમત્વ પર અતિક્રમણ કરવા માટે સશસ્ત્ર દળોનો ઉપયોગ કરે છે, તો તેની સૈન્ય ખચકાટ વિના તેના નિકાલ પર તમામ આક્રમક દળોનો ઉપયોગ કરશે, જેમાં પરમાણુ હથિયારોનો ઉપયોગ પણ શામેલ છે.

### બોમ્બના કારણે તેમને નાની-મોટી ઈજાઓ થઈ

## ભાજપ નેતાના ઘર ઉપર બોંબમારો અને ગોળીબાર

। (એજન્સી) કોલકાતા, તા.૪ ।

પશ્ચિમ બંગાળના બીજેપી નેતા અર્જુન સિંહના ઘર પર બોમ્બ ફેંકવામાં આવ્યા છે અને ગોળીઓ ચલાવવામાં આવી છે. બીજેપી નેતાએ ટ્વીટ કરીને આ જાણકારી આપી છે. તેમણે કહ્યું કે હુમલો સવારે સાડા આઠ વાગ્યે થયો હતો. અર્જુન સિંહ ઉત્તર ૨૪ પરગણાના રહેવાસી છે અને ત્યાં તેમની હોમ ઓફિસ પર હુમલો કરવામાં આવ્યો હતો. અર્જુન સિંહે દાવો કર્યો હતો કે બોમ્બના કારણે તેમને પણ નાની-મોટી ઈજાઓ થઈ હતી. અર્જુન સિંહે ઠ પર આ સંદર્ભમાં એક વીડિયો પણ પોસ્ટ કર્યો છે. તેણે આ વીડિયોની સાથે કેપ્શનમાં લખ્યું, 'આજે સવારે જ્યારે બધા દુર્ગા પૂજામાં વ્યસ્ત હતા, ત્યારે ઘણા જેહાદીઓ અને ગુંડાઓએ મારા ઘર પર હુમલો કર્યો હતો. આ હુમલો NIA કેસના આરોપી નમિત સિંહના નેતૃત્વમાં કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે આ હુમલામાં સ્થાનિક ટીએમસી કાઉન્સિલરનો પુત્ર પણ સામેલ છે. મારા ઘર અને ઓફિસ પર તેમના દ્વારા હુમલો કરવામાં આવ્યો છે. એટલું જ નહીં, તેણે હુમલા દરમિયાન પોલીસ પર કોઈ કાર્યવાહી ન કરવાનો અને મૂક પ્રેક્ષક બની રહેવાનો આરોપ પણ લગાવ્યો હતો. તેણે કહ્યું કે આ લોકોએ મારા ઘર પર ૧૫ બોમ્બ ફેંક્યા અને લગભગ એક ડઝન વખત ફાયરિંગ કર્યું હતું.

### બેંગલુરુની ત્રણ પ્રતિષ્ઠિત કોલેજોને ઈમેલ મળ્યો

## બેંગલુરુની ત્રણ જાણીતી કોલેજને બોમ્બથી ઉડાડવાની ધમકી મળી

। (એજન્સી) બેંગલુરુ, તા.૪ ।

બેંગલુરુની ત્રણ પ્રતિષ્ઠિત કોલેજોને બોમ્બની ધમકી ધરાવતો ઈમેલ મોકલવામાં આવ્યો છે. ઈમેલ મળ્યા બાદ કોલેજોમાં ભયનો માહોલ છે અને પોલીસ અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ ઘટનાસ્થળે પહોંચી હતી. અધિકારીઓએ તપાસ કરી હતી અને જાહેર સલામતી સુનિશ્ચિત કરવા માટે સાવચેતી રાખવામાં આવી રહી છે. બેંગલુરુની ત્રણ મોટી કોલેજોને બોમ્બની ધમકી ધરાવતો ઈમેલ મોકલવામાં આવ્યો હતો. શુક્રવારે બીએમએસ કોલેજ, એમએસ રામૈયા કોલેજ અને બીઆઈટી કોલેજને ઈમેલ દ્વારા બોમ્બની ધમકીઓ મોકલવામાં આવી હતી. અહેવાલો અનુસાર, ધમકીમાં કહેવામાં આવ્યું છે કે આ સંસ્થાઓમાં બોમ્બ રાખવામાં આવ્યા છે. આ કોલેજો સદાશિવનગર, હનુમંત નગર અને બસવાનાગુડીમાં આવેલી છે. મળતી માહિતી મુજબ, પોલીસ ફોર્સ અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ હાલમાં ઘટનાસ્થળે છે અને સંપૂર્ણ તપાસ કરી રહી છે. પરિસ્થિતિ પર નજીકથી નજર રાખવામાં આવી રહી છે અને તપાસ ચાલુ છે. અધિકારીઓ જાહેર સલામતી સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી સાવચેતીઓ લઈ રહ્યા છે. અગાઉ મે મહિનામાં દિલ્હી-એનસીઆરની ૧૫૦ શાળાઓને ધમકીભર્યા ઈમેલ મળ્યા હતા. દિલ્હી-એનસીઆરની ઘણી શાળાઓને બોમ્બથી ઉડાડી દેવાની ધમકી મળી હતી.

### ૧૦ વર્ષ બાદ ભારતના કોઈ લીડર ઈસ્લામાબાદ જશે

## શાંઘાઈ સહયોગ સંગઠનની બેઠકમાં ભારત પણ ભાગ લેશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

શાંઘાઈ સહયોગ સંગઠનની બેઠકમાં ભારત પણ ભાગ લેશે. વિદેશ મંત્રી એસ. જયશંકર તેના માટે પાકિસ્તાન જશે. લગભગ ૧૦ વર્ષ બાદ ભારતના કોઈ લીડર પાકિસ્તાનની મુલાકાત લેશે. એસ જયશંકર વિદેશ મંત્રી તરીકે પહેલી વાર ઈસ્લામાબાદનો પ્રવાસ કરશે. લાંબા સમયથી તેને લઈને વિચાર વિમર્શ ચાલી રહી હતી કે ભારત પાડોશી દેશ પાકિસ્તાનમાં યોજાનારી SCOની બેઠકમાં ભાગ લેશે કે નહીં. હવે આખરે ભારતે તેમાં ભાગ લેવાનો નિર્ણય લીધો છે. વિદેશ મંત્રાલયે તેની પુષ્ટિ કરતા શુક્રવારે જણાવ્યું કે, SCOની બેઠકમાં ભારતનું પ્રતિનિધિત્વ વિદેશ મંત્રી એસ જયશંકર કરશે. પાકિસ્તાનમાં ૧૫થી ૧૬ ઓક્ટોબર સુધી SCOની બેઠક થવાની છે. બે દિવસ સુધી ચાલનારી આ બેઠકમાં ચીન અને રશિયા જેવા દેશ પણ ભાગ લેશે. વિદેશ મંત્રાલયે તેની પુષ્ટિ કરતા જણાવ્યું કે, પાકિસ્તાનમાં વિદેશ મંત્રી એસ જયશંકરનો બાકીનો કાર્યક્રમ શું હશે, તેના વિશે બાદમાં જાણકારી આપવામાં આવશે. આપને જણાવી દઈએ કે, ભારત ઉપરાંત ચીન, રશિયા, પાકિસ્તાન, કઝાખસ્તાન, કિર્ગિસ્તાન, તાઝિકિસ્તાન અને ઉઝ્બેકિસ્તાન જેવા દેશ સામેલ છે. એસ જયશંકર પહેલા સુષ્મા સ્વરાજ વિદેશ મંત્રી તરીકે પાકિસ્તાનની મુલાકાતે ગયા હતા.

### ૧૪૮ મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા

## એર ઈન્ડિયા એક્સપ્રેસના પ્લેનમાં અચાનક ધુમાડો નીકળવા લાગ્યો

। (એજન્સી) તિરુવનંતપુરમ, તા.૪ ।

એર ઈન્ડિયા એક્સપ્રેસ ફ્લાઈટ (IX-૫૪૯)નું શુક્રવારે તિરુવનંતપુરમ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. ટેકઓફના થોડા સમય બાદ ફ્લાઈટમાંથી અચાનક ધુમાડો નીકળવા લાગ્યો હતો. આ ફ્લાઈટ મસ્કત જઈ રહી હતી અને તેમાં ૧૪૮ મુસાફરો સવાર હતા. મળતી માહિતી મુજબ, તમામ મુસાફરો અને ક્રૂ મેમ્બર સુરક્ષિત છે. માહિતી આપતા એર ઈન્ડિયા એક્સપ્રેસના પ્રવક્તાએ કહ્યું કે, મુસાફરોની આગળની મુસાફરી માટે વૈકલ્પિક વિમાનની વ્યવસ્થા કરવામાં આવી છે. એર ઈન્ડિયા એક્સપ્રેસે પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે, "તિરુવનંતપુરમથી મસ્કત જતી એર ઈન્ડિયા એક્સપ્રેસ ફ્લાઈટ IX 549 ટેકઓફ દરમિયાન ધુમાડો નીકળવાની જાણ કરી હતી. આ ઘટના સવારે ૮:૩૯ વાગ્યે તિરુવનંતપુરમ એરપોર્ટ પર બની હતી. રનવે પર ધુમાડો જોયા બાદ સલામત રીતે મુસાફરોને પાછા લાવવામાં આવ્યા હતા. એપોર્ટ અધિકારીએ પુષ્ટિ કરી કે, કોઈ આગ લાગી ન હતી અને ધુમાડો નીકળવાના કારણની તપાસ કરવામાં આવી રહી છે. બધા મુસાફરો સુરક્ષિત છે. પોતાના નિવેદનમાં એર ઈન્ડિયા એક્સપ્રેસે વધુમાં જણાવ્યું કે, "અમારા મુસાફરોની આગળની મુસાફરી માટે વૈકલ્પિક ફ્લાઈટની વ્યવસ્થા કરવામાં આવી છે.

CMYK

## સસ્તા અનાજના વેપારીઓની અચોક્કસ મુદ્દતની હડતાલ

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

ગુજરાતભરમાં સસ્તા અનાજની દુકાનો બંધ રાખીને હડતાળ પાડવામાં આવી રહી છે. ત્યારે નવરાત્રી અને દિવાળીના તહેવારો નજીકમાં છે ત્યારે સસ્તા અનાજ દુકાનદારો હડતાલ પર ઉતરી ગયા હોવાને કારણે રાશનીંગની ચીજ-વસ્તુઓનું વિતરણ ઠપ્પ થઈ ગયું છે. જેને પગલે સામાન્ય લોકોએ ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. તહેવારો માથા પર છે ત્યારે સસ્તા અનાજ દુકાનધારકોની હડતાળથી ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને હાલાકી ભોગવવી પડી રહી છે. તહેવારોની સિઝનમાં સસ્તા અનાજની દુકાનોની હડતાળથી લોકો પરેશાન સામાન્ય લોકોએ વધારાના પૈસા ખર્ચ કરીને તહેવારો ઉજવવા પડે એવી સ્થિતિ આવી પડી છે. જેના કારણે જરૂરિયાત મંદ પરિવારોની સ્થિતિ વધુ કફોડી બની છે. પડતર પ્રશ્નોનો ઉકેલ ન આવતાં સસ્તા અનાજ એસોસિયેશને હડતાળનો નિર્ણય લીધો છે. તો જો હડતાળની વાત કરવામાં આવે તો ૨૦૦૦૦ રૂપિયાના કમિશન આપવાની વાત રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી હતી પણ લગભગ ૮ મહિનાનો સમય નીકળી ગયો હોવા છતાં પણ કમિશન પ્રાપ્ત થયું નથી. જેથી હવે વેપારીઓ દ્વારા અચોક્કસ મુદતની હડતાળ પાડવામાં આવી છે. સરકાર દ્વારા પૂરતો જથ્થો પણ આપવામાં આવ્યો નથી. તો ગયા મહિને ખાંડનો જથ્થો મંજૂર તો થયો હતો, પણ ૫૦ ટકા જથ્થો જ વેપારીઓ સુધી પહોંચ્યો હતો. જેથી વેપારીઓની ગ્રાહકો સાથે પણ તકરાર ઊભી થઈ છે.ફેર પ્રાઈઝ શોપ એસોસિએશન અને પુરવઠા વિભાગ વચ્ચે મળેલી બેઠક નિષ્ફળ રહી છે. ફેર પ્રાઈઝ શોપ એસોસિએશને ૯૭% ફિંગરપ્રિન્ટ આધારે વેચાણ કરનારાને ૨૦ હજાર આપવાની માગ કરી હતી.

૬૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે

# રાજકોટમાં ગેરકાયદે જમીન પર સ્કુલની બિલ્ડિંગ ખડકી દેવાઈ

### BU પરમિશન અને ફાયર NOC નથી : શાળાના સંચાલક ભાજપ આગેવાન ગોવિંદ વિરડીયા હોવાનું સામે આવ્યું

। (એજન્સી) રાજકોટ, તા.૪ ।

રાજકોટના મવડી વિસ્તારમાં શ્રીહરિ સોસાયટીમાં આવેલી જય કિશન સ્કૂલનું બિલ્ડિંગ ગેરકાયદે બાંધકામ પર ખડકી દેવાનું સામે આવતા મચ્યો છે ખળભળાટ. સ્કૂલ સંચાલક મિલન વેકરિયા દ્વારા બિલ્ડિંગ યુઝ પરમિશન તેમજ કમ્પ્લીશન સર્ટિફિકેટ ઉપરાંત ફાયર ર્દ્ગંઝ મેળવવામાં આવ્યું નથી. તેમ છતાં અહીં ૬૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે ત્યારે તેમના જીવ ઉપર જોખમ સર્જાયું છે. સૌથી મહત્વની વાત એ છે કે સૂચિત સોસાયટીમાં ૩ માળનું બાંધકામ ખડકી દેવાયું છે. તેમ છતાં રાજકોટ મનપા તંત્ર અજાણ છે ? કે પછી આંખ આડા કાન કરે છે ? તે મોટો સવાલ છે. સૂચિત જગ્યા ઉપર ગેરકાયદે રીતે બાંધકામ કરવામાં આવ્યું હોવાનું સામે આવતાં જ શિક્ષણ વિભાગ દોડતું થયું. જિલ્લા શિક્ષણાધિકારીની ટીમે શાળાએ પહોંચી તપાસ હાથ ધરી. શિક્ષણ વિભાગની ૩ લોકોની ટીમ દ્વારા તપાસ કરાઈ. બીજી તરફ રહીરહીને જાગેલા મનપા તંત્રએ પણ કાર્યવાહી શરૂ કરી છે. સૌપ્રથમ સ્કૂલમાં નળ અને વીજ કનેક્શન કાપવામાં આવશે. ત્યાર બાદ શૈક્ષણિક કાર્ય બંધ કરાવી ગેરકાયદે બિલ્ડિંગનું ડિમોલિશન કરવામાં આવશે. અગ્નિકાંડની જેમ આ કૌભાંડમાં પણ સાગઠિયાની ભૂમિકા શંકાના ઘેરામાં આવી છે. સાગઠિયાએ વર્ષ ૨૦૨૩માં સ્કૂલને તોડી પાડવા નોટિસ આપી હતી. પરંતુ ત્યાર બાદ છેલ્લા દોઢ વર્ષથી કોઈ કાર્યવાહી નથી કરાઈ. જયકિશન શાળાના સંચાલક ભાજપ આગેવાન ગોવિંદ વિરડીયા હોવાનું સામે આવ્યું છે પરંતુ આ મામલે સ્કૂલ સત્તાધીશોએ ચોરી પર સીનાજોરી કરતા હોય તેવો રૂઆબ મારતા કહ્યું કે મવડીમાં તો ઘણી સોસાયટીઓ ગેરકાયદે ધમધમે છે.

કારીગરોને ક્રાફ્ટવાઇઝ એવોર્ડ આપવામાં આવશે

# ગુજરાતના હાથશાળ-હસ્તકલાના ૧૧ કારીગરોને એવોર્ડ એનાયત થશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૪ ।

રાજ્યના ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા કુટીર અને ગ્રામોદ્યોગ નીતિ-૨૦૧૬ અન્વયે હાથશાળ-હસ્તકલાના કારીગરોને પ્રોત્સાહન મળી રહે તે હેતુસર ગુજરાતના હાથશાળ-હસ્તકલા ક્ષેત્રે સિધ્ધિ પ્રાપ્ત કરનાર કારીગરોને ક્રાફટવાઇઝ એવોર્ડ આપવામાં આવશે. ગુજરાત સરકાર દ્વારા અંદાજીત ૨૫ લાખ રૂપિયાના ખર્ચે રાજ્યના વિવિધ જિલ્લાના ઉત્કૃષ્ટ કામગીરી કરનારા કુલ ૧૧ જેટલા કારીગરોને પુરસ્કાર એનાયત કરવામાં આવશે. ઉદ્યોગ અને ખાણ વિભાગ ગાંધીનગરની યાદીમાં જણાવ્યા અનુસાર હાથશાળ-હસ્તકલા ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનારા મહિલા અને યુવા કારીગરો સહિત ઔધોગિક સહકારી મંડળીઓ, એન.જી.ઓ. તથા સંસ્થાઓ સાથે સંકળાયેલા વ્યક્તિગત કારીગરોને પુરસ્કાર આપવામાં આવશે. આ પુરસ્કાર આપવા માટે રાજ્ય કક્ષાની પસંદગી સમિતિ દ્વારા વર્ષ-૨૦૨૩ દરમિયાન વિવિધ સેક્ટરવાઇઝ કેટેગરી જેવી કે ટેક્ષટાઇલ, ભરતકામ, મોતીકામ/ચર્મકામ/અર્થન/લાકડું તથા વાંસકામ/મેટલ, અન્ય ક્રાફ્ટ જેવા વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી કરતા કારીગરોનો સમાવેશ કરવામાં આવ્યો છે. રાજ્ય કક્ષાની પસંદગી સમિતિ દ્વારા પસંદગી કરવામાં આવેલ કારીગરો પૈકી ટેક્ષટાઇલ કેટેગરી માટે ક્રમશઃ પ્રથમ અને દ્વિતીય ક્રમે કચ્છ જિલ્લાના સીજુ લીન્સી ચમનભાઈને દુપટ્ટા તથા સુરેન્દ્રનગરના વાઘેલા નરશીભાઈ વશરામભાઈને ડબલ ઈક્કત પટોળા સાડી તેવી જ રીતે ભરતકામ કેટેગરીમાં પ્રથમ ક્રમે કચ્છના રાઠોડ કંચનબેન સુખલાલને વોલપીસ અને દ્વિતીય ક્રમે બનાસકાંઠાના સુથાર વિષ્ણુભાઈ ગેનાજીને ચોપાટ, મોતીકામ/ચર્મકામ/અર્થન/લાકડું તથા વાંસકામ/મેટલ કેટેગરીમાં પ્રથમ ક્રમે સુરતના પેટીગરા પીનલ રાકેશકુમારને અષ્ટકોણ જવેલરી-કાસ્કેટ બોક્ષ તથા દ્વિતીય ક્રમે ભાવનગરના સોલંકી સોનલબેન વિપુલભાઈને મોતીકામ માટે એવોર્ડ આપવામાં આવશે. તદઉપરાંત અન્ય ક્રાફટમાં અમદાવાદના ચિતારા કિરણકુમાર ભુલાભાઈને માં શેરાવાલીના દરબારની પછેડી માટે પ્રથમ ક્રમે અને દ્વિતીય ક્રમે પંચાલ નયનાબેન દિપકભાઈને વોલપીસ, કચ્છના ખત્રી માજવીન અબ્દુલહમીદને કેપ સિલ્ક શિકારી દુપટ્ટો અને બોચિયા દામા મંગુને વોલ હેંગીંગ ખરડ માટે ક્રમશઃ પ્રથમ અને દ્વિતીય ક્રમે તથા લુપ્ત થતી કલા માટે પાટણના પનાગર મોહોમંદ જુબેરને સાડી માટે પુરસ્કાર આપવામાં આવશે.

## નવરાત્રિ પર્વ દરમિયાન અભયમ્, ૧૮૧ મહિલા હેલ્પલાઇન મહિલાઓની મદદ માટે તૈનાત

। (માહિતી) અમદાવાદ, તા.૪ ।

રાજ્યભરમાં નવરાત્રિનો પ્રારંભ થઈ ચૂક્યો છે ત્યારે, નવરાત્રિ પર્વ દરમિયાન મહિલાઓ અને યુવતીઓ મોટી સંખ્યામાં ગરબા સ્થળે એકત્રિત થાય છે. આ મહિલાઓ સાથે કોઈ અનિચ્છનીય ઘટના બને નહીં અને સુરક્ષિત રીતે ગરબામાં ભાગ લઈ શકે તે માટે રાજ્યની અને શહેરની પોલીસ સાથે અભયમ્ ૧૮૧ મહિલા હેલ્પ લાઈનની ટીમ પણ ફરજ બજાવી રહી છે. ગુજરાત સરકારની અભિનવ હેલ્પલાઈન મહિલા અને બાળ વિકાસ વિભાગ અને ગૃહ વિભાગ તેમજ ઈએમઆરઆઈ ગ્રીન હેલ્થ સર્વિસ દ્વારા કાર્યાન્વિત છે, જે દિવસે દિવસે મહિલાઓમાં વધુને વધુ વિશ્વસનીય અને સાચી સહેલી તરીકે ઉભરી રહી છે. મહિલાઓ છેડછાડ કે કોઈપણ જાતનો ખતરો અનુભવે ત્યારે ૧૮૧ પર હેલ્પ લઈ શકે છે. અભયમ્ ટીમની ૨૪૮૭ સેવાઓ કાયમી હોય છે. જેઓ પીડિત મહિલાઓને સમયસર મદદ, માર્ગદર્શન અને બચાવની અગત્યની કામગીરી ફરજના ભાગ રૂપે બજાવે છે. આ ઉપરાંત વિશેષ નવરાત્રિ પર્વને ધ્યાનમાં રાખી ગરબા સ્થળે, આજુબાજુના વિસ્તારમાં ફરજની સાથે પેટ્રોલિંગ પણ કરી રહી છે, જેથી કોઈ અઘટિત બનાવ બને નહિ અને મહિલાઓ સુરક્ષિત રીતે ગરબાનો આનંદ માણી શકે. મહિલા અને બાળ વિકાસ વિભાગ અને ગૃહ વિભાગે ખાસ કરી મહિલાઓને અપીલ કરી છે કે, ગરબામાં પરિચિત ગ્રૂપ સાથે રહેવું, કોઈ અજાણી વ્યક્તિ સાથે નાસ્તો કે પીણું પીવું નહીં, વધુ વ્યક્તિની અવરજવર હોય તે રસ્તો પસંદ કરવો, અજાણ્યા વ્યક્તિઓ સાથે ફોટો શેર કરવો નહીં.

બેનર, પોસ્ટર, સ્ટીકર અને રૂબરૂ સંપર્ક કરીને વાહકજન્ય રોગોથી બચવાના ઉપાયો સમજાવવામાં આવ્યા

# વિરમગામ સહિત અમદાવાદ જિલ્લામાં નવરાત્રિ મંડપમાં વાહકજન્ય રોગો અંગે જનજાગૃતિ કરવામાં આવી

। (માહિતી) અમદાવાદ, તા.૪ ।



સામાન્ય રીતે વરસાદ આવ્યા બાદ થોડા દિવસો પછી મચ્છરોનો ઉપદ્રવ વધતો હોય છે અને મચ્છરોના કારણે થતા વાહકજન્ય રોગોનું પ્રમાણ પણ વધતું હોય છે. પરંતુ અમદાવાદ જિલ્લામાં વાહકજન્ય રોગચાળો ન ફેલાય તે માટે વિશેષ પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. નવરાત્રિમાં સૌ કોઈ લોકો જ્યારે ગરબે રમતા હોય છે ત્યારે આરોગ્ય કર્મચારીઓ દ્વારા અમદાવાદ જિલ્લાનાં ૪૦૦થી વધુ ગામોના નવરાત્રિમાં જઈને બેનરો સ્ટીકરો પોસ્ટરો અને રૂબરૂ સંપર્ક કરીને વાહકજન્ય રોગચાળાથી બચવા માટે શું કરવું અને શું ન કરવું સહિતના ઉપાયો સમજાવવામાં આવી રહ્યા છે. અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી વિદેહ ખરે, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. શૈલેષ પરમાર અને જિલ્લા મેલેરિયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડના માર્ગદર્શન હેઠળ નવરાત્રિમાં આરોગ્ય કર્મચારીઓ દ્વારા જન જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અંગે વાત કરતાઅમદાવાદ જિલ્લા મેલેરિયા અધિકારી શ્રી નરેન્દ્રસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, આફતને અવસરમાં ફેરવવા ટેવાયેલા ગુજરાતીઓ માટે આ એક સારા સમાચાર છે. નવરાત્રિમાં મોટાભાગના લોકો જ્ઞાતિ- જાતિના ભેદભાવ ભૂલીને ગરબે ઘૂમતા હોય છે. વરસાદના ૩૦ દિવસ પછી મેલેરિયા ડેન્ગ્યૂ ચિકનગુનિયા જેવા વાહકજન્ય રોગો ફેલાવતા મચ્છરોનો ઉપદ્રવ મોટાભાગે જોવા મળતો હોય છે, એટલા માટે લોકો મેલેરિયા ડેન્ગ્યૂ ચિકનગુનિયા જેવા વાહકજન્ય રોગોથી બચી શકે અને અમદાવાદ જિલ્લામાં વાહકજન્ય રોગચાળો ન ફેલાય તે માટે વિશેષ પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે.

## સરકારી નોકરી મેળવવા જતા પિતા-પુત્રી પકડાયા

। (એજન્સી) સુરત, તા.૪ ।

સુરતમાં બોગસ પ્રમાણપત્રના આધારે સરકારી નોકરી મેળવવાનો પ્રયાસ કરતા પિતા અને પુત્રી પકડાયા છે. કતારગામમાં રહેતી અને GPSCની તૈયારી કરી રહેલી ૨૫ વર્ષીય યુવતીએ બક્ષીપંચનું પ્રમાણપત્ર મુકી મદદનીશ ઈજનેર-સિવિલ-વર્ગ-૨ની સીધી ભરતીમાં સરકારી નોકરીનો લાભ લેવા માટે તરકટ રચ્યુ હતું. ફોર્મ સાથે રજૂ કરેલા ડોક્યુમેન્ટ વેરીફાઈ કરતા પિતાનો બક્ષીપંચનો દાખલ બોગસ હોવાનું સામે આવ્યું હતું. આથી સમાજ કલ્યાણ અધિકારી તરીકે ફરજ બજાવતા જીતેન્દ્ર ચૌહાણે અઠવાલાઈન્સ પોલીસમાં ફરિયાદ આપી છે. ફરિયાદના આધારે પોલીસે રેખા શાંતિલાલ ખટીક અને શાંતિલાલ શંકર ખટીક સામે ગુનો નોંધી ધરપકડ કરી છે. હાલમાં રેખા ખટીક સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી રહી હતી. જો કે શાંતિલાલ ખટીકે બોગસ લિવિંગ સર્ટિફિકેટ ક્યા બનાવ્યું તે બાબતે પોલીસે રિમાન્ડ મેળવી આગળની તપાસ કરશે.

## સાબર ડેરીના ચેરમેન પદે સતત ત્રીજી વખત શામળ પટેલ

। (માહિતી) હિંમતનગર, તા.૪ ।

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના સાડા ચાર લાખ પશુપાલકોની આર્થિક કરોડરજ્જુ સમાન સાબર ડેરીના નિયામક મંડળની ચૂંટણીમાં ગત માર્ચ મહિનામાં યોજાઈ પૂર્ણ થઈ હતી. પરંતુ ચેરમેન અને વાઈસ ચેરમેનના પદ માટેની ચૂંટણી ગૂંચવણમાં હતી અને અનેક વિરોધ પ્રદર્શન પણ યોજાયા હતા. ત્યારબાદ ચૂંટાયેલા નિયામક મંડળના સભ્યો દ્વારા હાઈકોર્ટનું શરણું લેવામાં આવ્યું હતું. ત્યારબાદ હાઈકોર્ટે જિલ્લા કલેક્ટરને ૨૧ દિવસમાં ચૂંટણી યોજી દેવા માટેનું સૂચન કરતા જિલ્લા પ્રશાસન દ્વારા ચૂંટણી અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. આજે સાબર ડેરીના બોર્ડ રૂમ ખાતે ચેરમેન અને વાઈસ ચેરમેન પદ માટેની ચૂંટણી યોજવામાં આવી હતી. જેમાં સાબર ડેરીના વર્તમાન ચેરમેન શામળભાઈ પટેલને ફરી એકવાર ચેરમેન પદ માટે બિનહરિફ વરણી કરવામાં આવી હતી. તો બીજી તરફ વાઈસ ચેરમેન પદ માટે વડાલી બેઠકના સભ્ય ઋતુરાજ પટેલની બિનહરિફ વરણી કરવામાં આવી હતી. સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના લાખો પશુપાલકોની સીધી નજર સાબર ડેરીના ચેરમેન અને વાઈસ ચેરમેન પદની ચૂંટણી પર મંડાયેલી હતી. જોકે સહકારી રાજકારણમાં છેલ્લા ત્રણ દિવસથી ગરમાવો જોવા મળી રહ્યો હતો અને અનેક અટકળો પણ ચાલી રહી હતી. જોકે તમામ અટકળોનો આજે અંત આવ્યો, જેમાં ચૂંટણી અધિકારીઓની હાજરીમાં બંનેની બિનહરિફ વરણી પણ કરવામાં આવી હતી. આજે ચેરમેન પદ માટે શામળભાઈ પટેલ અને વાઈસ ચેરમેન પદ માટે ઋતુરાજ પટેલનું એક-એક ફોર્મ ભરાયું હતું. જેના કારણે ચૂંટણી અધિકારીઓની હાજરીમાં બંનેની બિનહરિફ વરણી કરાઈ હતી. જોકે સાબર ડેરીના નિયામક મંડળની માર્ચ ૨૦૨૪માં ચૂંટણી યોજાઈ હતી. જેમાં ૧૫ સભ્યો બિનહરિફ ચૂંટાયા હતા. જ્યારે એક સભ્ય માટે ચૂંટણી યોજાઈ હતી અને ત્યારબાદ ચેરમેન અને વાઈસ ચેરમેન પદ માટેની ચૂંટણી ગૂંચમાં હતી. જોકે અત્યાર સુધી બંને જિલ્લામાં અનેક પ્રકારની અટકળો ચાલી રહી હતી. જેનું આજે ચૂંટણીનું પરિણામ જાહેર થયા બાદ તમામ અટકળોનો અંત આવ્યો છે. સાબર ડેરીના ચેરમેન પદે શામળભાઈ પટેલ સતત ત્રીજી વાર સાબર ડેરીનું સુકાન સંભાળશે.

## અમદાવાદ જિલ્લામાં વરસાદથી અસરગ્રસ્ત રસ્તાઓની મરામત કામગીરી માટે માર્ગ અને મકાન વિભાગ કાર્યરત

। (માહિતી) અમદાવાદ, તા.૪ ।



અમદાવાદ જિલ્લામાં ભારે વરસાદથી અસરગ્રસ્ત થયેલ રોડ રસ્તાઓની મરામત કામગીરી માટે રાજ્ય સરકાર દ્વારા ત્વરિત જરૂરી દિશાનિર્દેશ કરાયા હતા. જેના ભાગરૂપે જિલ્લાના ૯ જેટલા તાલુકાઓના ગ્રામ્ય વિસ્તારોમાં રોડ રસ્તાઓની મરામત કામગીરી કરવામાં આવી છે. અમદાવાદ માર્ગ અને મકાન વિભાગ દ્વારા જિલ્લાના રાજ્ય ધોરી માર્ગો અને મુખ્ય જિલ્લા માર્ગો મળી કુલ ૧૦૨.૫૦ કિ.મી. જેટલી લંબાઈ ધરાવતા માર્ગો પર મેટલપેચથી મરામત કરવામાં આવી છે અને ૯૪.૫૦ કિ.મી. જેટલી લંબાઈના માર્ગો પર ડામરપેચથી મરામત કરવામાં આવી છે. અમદાવાદ જિલ્લામાં વરસાદથી નુકસાન પામેલા રોડ રસ્તાના સમારકામની વિગતવાર વાત કરીએ તો, બાવળા તાલુકાના ૧૬ કિ.મી., દસક્રોઈ તાલુકાના ૫ કિ.મી., દેત્રોજ તાલુકાના ૧૧ કિ.મી., ધંધુકા તાલુકાના ૪ કિ.મી., ધોલેરા તાલુકાના ૧૨ કિ.મી., ધોળકા તાલુકાના ૨૧ કિ.મી., માંડલ તાલુકાના ૬ કિ.મી., સાણંદ તાલુકાના ૧૬ કિ.મી., અને વિરમગામ તાલુકાના ૧૧ કિ.મી. જેટલા માર્ગોની મરામત કરવામાં આવી છે.

**વિશેષ** | વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગરબાને ધાર્મિક વિરાસત સાથે પર્યટન અને ભાવિ પેઢી સાથે જોડીને ગરબાને આધુનિક ઓળખ અપાવી છે : અમિત શાહ

# નવરાત્રિનો ઉત્સવ જીવનમાંથી નિરાશા ત્યાગી, સામૂહિક વિકાસ કરવાની ભાવના ઉજાગર કરવાનો મહોત્સવ : અમિત શાહ

। (માહિતી) અમદાવાદ ।

અમદાવાદના જીએમડીસી મેદાન ખાતે વાઈબ્રન્ટ ગુજરાત નવરાત્રિ મહોત્સવ -૨૦૨૪નો શુભારંભ કરાવતાં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે શારદીય નવરાત્રિની સમગ્ર દેશવાસીઓને શુભેચ્છા પાઠવતાં જણાવ્યું કે પ્રાચીનકાળથી મા શક્તિની ભક્તિ અને આરાધનારૂપે નવરાત્રિનો આ મહોત્સવ ઉજવવાની પરંપરા ચાલી આવે છે. વિશ્વમાં સૌથી લાંબો ચાલતો આ મહોત્સવ તંત્ર-મંત્ર, ધ્યાન, આરાધના, સાધના થકી સર્જન, શક્તિ અને વિદ્યાના સંચયની આંતરિક તેમજ કૌટુંબિક જાગૃતિનો અવસર છે. શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે ભાવિ પેઢીને નવરાત્રિમાં મા શક્તિની આરાધનાનું મહત્ત્વ સમજાવવા માટે પૂર્વજોએ આ ઉત્સવની શરૂઆત કરી હતી. આવા ઉત્સવની ઉજવણી કરીને માનવીએ પોતાના જીવનમાંથી નિરાશાને ત્યાગી સમગ્ર સમાજના વિકાસ માટે સામૂહિક રીતે જોડાઈ જવાની ભાવના ઉજાગર કરવી જોઈએ. આ માટે આ નવ દિવસ દરમિયાન મા દુર્ગા, મા લક્ષ્મી અને મા સરસ્વતી-એ ત્રણ સ્વરૂપે માતાની આરાધના કરવાનો ઉમદા વિચાર કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ આપ્યો હતો. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ શેરી ગરબાની વાત કરતા જણાવ્યું કે શેરી ગરબા પ્રથાનું મહત્ત્વ ઓછું થવા લાગ્યું ત્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગરબાનું મૂળ સ્વરૂપ જળવાઈ રહે, તે માટે વાઈબ્રન્ટ ગુજરાત નવરાત્રિ મહોત્સવની શરૂઆત કરાવી હતી. આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ નેતૃત્વ હેઠળ યુનેસ્કોએ પણ ગુજરાતના ગરબાને વૈશ્વિક સાંસ્કૃતિક ધરોહર તરીકે ઓળખ તરીકે સ્વીકારી છે. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી એ જણાવ્યું કે ગરબો એ ગર્ભનો અપભ્રંશ છે અને તેનો મૂળ અર્થ સર્જન એવો થાય છે, ત્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગરબાને ધાર્મિક વિરાસત સાથે જોડીને પર્યટન સાથે જોડવાનું કાર્ય કર્યું છે એની સાથે આવનારી પેઢીને ગરબા સાથે જોડીને આપણી પ્રાચીન વિરાસતને આધુનિકતા ઓળખ આપવાનું કામ કર્યું છે.

**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ**

વાઈબ્રન્ટ નવરાત્રિ મહોત્સવ નિમિત્તે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે નવરાત્રિ અને ગરબા તો ગુજરાતની ઓળખ છે. ગુજરાતની આ ઓળખને ગ્લોબલ પ્લેટફોર્મ અપાવવાનું વિઝન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું હતું. વિશ્વ આખું ગુજરાતના આ સાંસ્કૃતિક વારસાને જાણે-માણે એ માટે તેમણે જ વર્ષ ૨૦૧૧માં વાઈબ્રન્ટ નવરાત્રિ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. આ વર્ષની વાઈબ્રન્ટ નવરાત્રિનો પ્રારંભ કરાવવા દેશના ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ પધાર્યા છે, એમનું ઉમળકાભેર સ્વાગત છે, એવું તેમણે ઉમેર્યું હતું.



મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને કારણે જ આજે દેશ-વિદેશમાં ગુજરાતનો ગરબો જાણીતો બન્યો છે અને ગત વર્ષે યુનેસ્કો દ્વારા ગરબાને 'અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર' તરીકે જાહેર કરાયો છે. ગરબાને વૈશ્વિક બહુમાન મળ્યા પછીની આ પ્રથમ નવરાત્રિ છે, જે તમામ ગુજરાતીઓ માટે ગૌરવની વાત છે. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે ગુજરાત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વ અને માર્ગદર્શનમાં 'વિકાસ ભી, વિરાસત ભી' સૂત્રને સાર્થક કરી રહ્યું છે. ગુજરાત સેમિકન્ડકર ઉત્પાદનનું હબ બનવા જઈ રહ્યું છે, એટલું જ નહીં, ગ્રીન એનર્જી જેવાં વિકાસનાં વિવિધ ક્ષેત્રોમાં અગ્રેસર છે, તો બીજી તરફ વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં ગુજરાતનાં પવિત્ર યાત્રાધામોની વિરાસતની જાળવણી પણ કરવામાં આવી રહી છે. પાવાગઢમાં પાંચસો વર્ષ પછી મહાકાળી માતાના મંદિર પર ધ્વજારોહણ કરાયું છે, તો અંબાજીમાં એક જ સ્થળે તમામ બાવન શક્તિપીઠનાં દર્શનનો લાભ પણ મળી રહ્યો છે. ગબ્બરનો આદ્યશક્તિના પ્રાગટ્યની કથા વર્ણવતો લાઈટ એન્ડ સાઉન્ડ શો હોય કે ગિરનાર પર મા અંબાનાં દર્શન માટે શરૂ કરેલી રોપ-વે સેવા હોય. વારસાની સાથે વૈશ્વિક વિકાસનો સમન્વય સાધવામાં ગુજરાત સફળ રહ્યું છે, એવું મુખ્યમંત્રીશ્રીએ ગૌરવભેર ઉમેર્યું હતું. નવરાત્રિ જેવા મહોત્સવથી ગુજરાતના પ્રવાસનને વેગ મળવાની સાથે ગરબા ઉત્સવ જેવાં આયોજનોથી હસ્તકલાના કારીગરો તથા ક્રાફ્ટ બજાર સાથે જોડાયેલા લોકોને પણ રોજગારીની તક મળે છે અને એ રીતે વડાપ્રધાનશ્રીએ આપેલ 'વોકલ ફોર લોકલ'નો મંત્ર ચરિતાર્થ થાય છે, એનો આનંદ વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ નવરાત્રિને શક્તિની ભક્તિની સાથે ધરતી માતાની સેવા કરવાનો અવસર ગણાવતા કહ્યું કે વડાપ્રધાનશ્રીએ 'એક પેડ મા કે નામ' અભિયાન થકી ધરતી માતાનું જતન કરવાની પણ તક પૂરી પાડી છે. સ્વચ્છતા સૌનો સ્વભાવ અને સંસ્કાર બને, એવા ઉમદા આશયથી દેશભરમાં સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ જ રીતે, માતાજીના ચાચર ચોકમાં પણ પવિત્રતા જળવાવી જોઈએ. ઉત્સવના માહોલમાં ગંદકી ન ફેલાય, એ આપણા સૌની જવાબદારી છે, એવું તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું. વિકસિત ગુજરાત થકી, વિકસિત ભારતના નિર્માણની દિશામાં કાર્ય કરવા માટે આદ્યશક્તિ મા અંબે સૌને શક્તિ આપશે, એવી આસ્થા મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી.

આ તકે પ્રવાસન મંત્રી શ્રી મૂળુભાઈ બેરાએ સૌ ઉપસ્થિતોનું સ્વાગત કરી, નવરાત્રિની શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું કે નવરાત્રિનો તહેવાર મા શક્તિના પૂજન-અર્ચનનો અવસર છે. આ પ્રસંગે આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ, કૃષિ અને પશુપાલન મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, અમદાવાદના મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન, સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ અને શ્રી દિનેશભાઈ મકવાણા, સ્થાનિક ધારાસભ્યશ્રીઓ, મુખ્ય સચિવશ્રી રાજકુમાર, અધિક મુખ્ય સચિવશ્રી પંકજ જોષી અને શ્રી એમ. કે. દાસ સહિતના અધિકારીઓ-પદાધિકારીઓ તેમજ બહોળી સંખ્યામાં ભાવિકો તથા ખેલૈયાઓ ઉપસ્થિત રહ્યા હતા.

**વિદેશી રાજદૂતો અને પ્રતિનિધિઓએ પણ વાઇબ્રન્ટ નવરાત્રિ મહોત્સવનો આનંદ માણ્યો**

વાઈબ્રન્ટ ગુજરાત નવરાત્રિ મહોત્સવ-૨૦૨૪ના આજના શુભારંભ પ્રસંગે ડેનિસના એમ્બેસેડર શ્રી ફ્રેડી સ્વાન, ઝિમ્બાબ્વેના શ્રી પીટર હોબવાની, લેસોથોના શ્રી થબંગ લીનસ ખોલુમો, ઈથિયોપિયાના શ્રી બિઝુનેસ મેસરેટ, એક્વેડોરના શ્રી જ્યોર્જ એનરાંગો, બુરુન્ડીના શ્રી ચાર્લ્સ રવાંગા, સર્બિયાના શ્રી લાઝર વુકાડિનોવિક, નેપાળના શ્રી ડૉ. સુરેન્દ્ર થાપા, સ્લોવાકના શ્રી રોબર્ટ મેક્સિઅન તેમજ શ્રીમતિ જના મેક્સિઆનોવા, ટોગોના શ્રી યાવો એડેમ, શ્રીલંકાના શ્રી ક્ષેનુકા સેનેવિરત્ને સહિત વિવિધ દેશોના રાજદૂતો તથા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.






અમદાવાદમાં વિચાર ટ્રસ્ટ દ્વારા સ્થાપિત મેટલ જહાજ સંગ્રહાલયનું કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

### આઈસીસીએ એક વર્ષનો પ્રતિબંધ લગાવી દીધો

# શ્રીલંકાના ડાબોડી સ્પિનર પ્રવીણ જયવિક્રમા પર એક વર્ષનો પ્રતિબંધ

### આ ખેલાડીએ આઈસીસી ભ્રષ્ટાચાર વિરોધી સંહિતાની કલમ ૨.૪.૭નું ઉલ્લંઘન કર્યું હોવાનું સ્વીકાર્યું છે

। (એજન્સી) કોલંબો, તા.૪ ।

ક્રિકેટની રમતમાં અનેક કડક નિયમો પણ બનાવવામાં આવેલાં છે. કારણકે, આ નિયમોના સહારે ક્રિકેટનું માન સન્માન જળવાઈ રહ્યું છે. ત્યારે હાલમાં જ શ્રીલંકાના એક ક્રિકેટર સામે આસીસી દ્વારા લેવામાં આવ્યાં છે કડક પગલાં... ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ શ્રીલંકાના ડાબોડી સ્પિનર પ્રવીણ જયવિક્રમા પર એક વર્ષનો પ્રતિબંધ લગાવી દીધો છે. જયવિક્રમાએ ICC ના ભ્રષ્ટાચાર વિરોધી કોડનું ઉલ્લંઘન કર્યું હતું. એક વર્ષના પ્રતિબંધ દરમિયાન તેને છેલ્લા ૬ મહિના માટે સસ્પેન્ડ કરવામાં આવશે. ઓગસ્ટમાં ICCએ જયવિક્રમા પર ભ્રષ્ટાચાર વિરોધી સંહિતાના બે ઉલ્લંઘનનો આરોપ લગાવ્યો હતો. જયવિક્રમાએ કોડની કલમ ૨.૪.૭નું ઉલ્લંઘન કર્યું હોવાનું કબૂલ્યું છે, જે ACU (એન્ટી કરપ્શન યુનિટ) દ્વારા તપાસમાં અવરોધ અથવા વિલંબથી સંબંધિત છે. ICC અનુસાર, જયવિક્રમા સામેના આરોપો



આંતરરાષ્ટ્રીય ક્રિકેટ અને લંકા પ્રીમિયર લીગ (LPL) સાથે સંબંધિત છે. તે એલપીએલની ૨૦૨૧ સીઝનમાં જાફના કિંગ્સ માટે રમ્યો હતો, જેણે બીજી વખત ટાઈટલ જીત્યું હતું. આ વર્ષે તેણે દામ્બુલા સિક્સર્સનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તે છેલ્લે જૂન ૨૦૨૨માં શ્રીલંકા માટે રમ્યો હતો, જે T20 આંતરરાષ્ટ્રીય મેચ હતી. પ્રવીણ જયવિક્રમાએ તેની આંતરરાષ્ટ્રીય કારકિર્દીની શરૂઆત ટેસ્ટ ક્રિકેટથી કરી હતી. તેણે ૨૦૨૧માં બાંગ્લાદેશ સામેની હોમ ટેસ્ટ સિરીઝમાં ડેબ્યૂ કર્યું હતું. તે જ વર્ષે તેણે તેની પ્રથમ ODI અને T20I પણ રમી હતી.

## ન્યૂઝ બ્રિફ

### આપણે દુશ્મનોના ઈરાદાઓને નિષ્ફળ બનાવીશું : ખામેની



। (એજન્સી) તેહરાન, તા.૪ ।

ઈઝરાયલે લેબેનોનમાં અનેક હુમલા કરીને મોટાપાયે જાનમાલને નુકસાન કર્યા બાદ ઈરાન સાથે પણ સંઘર્ષ કરી રહ્યું છે. ઈઝરાયલી સેનાએ હિઝબુલ્લાહના વડા નસરલ્લાહને પણ મોતને ઘાટ ઉતારી દીધો છે. આ ઘટના બાદ ઈરાનના સર્વોચ્ચ લીડર આયાતુલ્લાહ અલી ખામેનીએ પાંચ વર્ષમાં પહેલીવાર શુક્રવારની નમાજ અદા કરીને લાખો લોકોને સંબોધન કર્યું હતું. આ દરમિયાન ખામેનીએ દુનિયાભરના મુસ્લિમોને ઈઝરાયલ સામે એક થઈને બદલો લેવાનું આહવાન કર્યું હતું. આ સંબોધન વખતે મસ્જિદ બહાર બે લાખથી વધુ મહિલાઓ કફન લઈને હાજર રહી હતી, જેમણે ઈઝરાયલ વિરુદ્ધ આક્રમકતાથી સૂત્રોચ્ચાર કર્યા હતા. આ ભાષણ પૂરું થતાં જ લેબેનોને ઈઝરાયલ પર આક્રમક હુમલા શરૂ કરી દીધા હતા. ખામેનીએ દેશવાસીઓને સંબોધન કરતી વખતે કહ્યું કે, 'આપણે અલ્લાહે બતાવેલા રસ્તા પરથી નહીં હટીએ. દુશ્મન પોતાનું શેતાની શાસન વધારવા માંગે છે, જોકે મુસ્લિમો સાથે રહેશે તો આપણું ભલું થશે. આપણે દુશ્મનોના ઈરાદાને નિષ્ફળ બનાવીશું. તેઓ મુસલમાન ભાઈઓમાં દુશ્મની વધારવા માંગે છે. તેઓ પેલેસ્ટાઈન અને યમનના પણ દુશ્મન છે.' ખામેનીએ ઈઝરાયલ પર હુમલો કરવાનું આહવાન કરતા કહ્યું કે 'આ લોકો (ઈઝરાયલ) વિશ્વભરના મુસ્લિમોના દુશ્મન છે.

### હૃદયની સારવાર બાદ રજનીકાંતને હોસ્પિટલમાંથી રજા આપી દેવાઈ



। (એજન્સી) ચેન્નાઈ, તા.૪ ।

સુપરસ્ટાર રજનીકાંતને સોમવારે સ્વાસ્થ્ય સમસ્યાને લઈને ચેન્નાઈ ખાતેની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જેના કારણે ચાહકો તેના સ્વાસ્થ્યને લઈને ચિંતા કરવા લાગ્યા હતા. જો કે હવે તેમના ચાહકો માટે સારા સમાચાર એ છે કે રજનીકાંતને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે. પેટમાં દુખાવાની ફરિયાદ બાદ તેમને ચેન્નાઈની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તપાસ કરતા તેમણે હૃદય સાથે જોડાયેલી નાની સમસ્યા હોવાનું સામે આવ્યું હતું. તેમની સારવાર કોઈપણ સર્જરી વિના કરવામાં આવી હતી. રજનીકાંતના સ્વાસ્થ્ય અંગે એપોલો હોસ્પિટલે એક મેડિકલ બુલેટિન બહાર પાડ્યું હતું. જેમાં કહેવામાં આવ્યું હતું કે, 'રજનીકાંતને ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ અપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમને હૃદય તરફ જતી લોહીની રક્તવાહિનીમાં સોજો હતો. જેની સારવાર ટ્રાન્સકેથેટર દ્વારા કોઈપણ સર્જરી વગર કરવામાં આવી હતી.

### તિરૂપતિ પ્રસાદ વિવાદ મુદ્દે સુપ્રીમે લીધો મોટો નિર્ણય

# તિરૂપતિ પ્રસાદ વિવાદમાં સુપ્રીમ કોર્ટે SIT બનાવવાની જાહેરાત કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

તિરુપતિ પ્રસાદ વિવાદમાં સુપ્રીમ કોર્ટે SIT બનાવવાની જાહેરાત કરી દીધી છે. પાંચ સભ્યોની એક ટીમ બનાવવાની વાત કરી છે. એસઆઈટીની આ ટીમમાં સીબીઆઈ અધિકારીઓથી લઈને FSSAIના સભ્યોને સામેલ કરવામાં આવશે. ગત સુનાવણી દરમિયાન જ સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે આ મામલામાં કોઈ પણ પ્રકારના રાજકારણથી દૂર રહેવામાં આવશે અને બધુ ફોકસ ફક્ત તપાસ પર રહેશે. એવું કહેવાય છે કે એસઆઈટીમાં બે સીબીઆઈના અધિકારી, બે રાજ્ય સરકારના અધિકારી અને એક FSSAI ના સભ્યને રાખવામાં આવશે. આમ તો રાજ્ય સરકારે પણ આ મામલે એસઆઈટીની રચના કરી હતી પરંતુ સુપ્રીમ કોર્ટે સુનાવણી દરમિયાન સ્પષ્ટ કહ્યું કે આ મામલો આસ્થા સાથે જોડાયેલો છે અને આવામાં સ્વતંત્ર તપાસ થાય તે જરૂરી છે. આ કારણે રાજ્ય સરકારની નહીં પરંતુ સુપ્રીમ કોર્ટ દ્વારા રચાયેલી એસઆઈટીની ટીમ આ મામલે તપાસ કરશે. અત્રે જણાવવાનું કે આ મામલે



સુનાવણી જસ્ટિસ બી આર ગવઈ અને જસ્ટિસ કે વી વિશ્વનાથનની બેન્ચ કરી રહ્યા છે. સુનાવણી દરમિયાન અનેક વખતે કોર્ટે કહ્યું કે આસ્થા સંલગ્ન મુદ્દાઓમાં રાજકીય ડ્રામા હોવો જોઈએ નહીં. આ કારણે એસઆઈટી બનાવવામાં આવી પરંતુ તેમાં તમામ પક્ષોના અધિકારીઓને સામેલ કરાયા. આમ તો રાજ્ય સરકાર અને અરજીકર્તાએ પણ કોઈ આપત્તિ જતાવી નથી. રાજ્ય સરકારે કહ્યું હતું કે કોર્ટ ઈચ્છે તો પોતાના પસંદ કરેલા કોઈ પણ અધિકારીને એસઆઈટીમાં સામેલ કરાવી શકે છે. એ રીતે અરજીકર્તા પણ ઈચ્છતા હતા કે કોઈ સ્વતંત્ર એજન્સીને તપાસની જવાબદારી સોંપવામાં આવે. અસલમાં આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ એક બેઠકમાં કહ્યું હતું કે તિરુમાલામાં જે લાડુ મળતા હતા તે ખરાબ ક્વોલિટીના હતા, તે ઘીની જગ્યાએ જાનવરોની ચરબીનો ઉપયોગ કરતા હતા. જ્યારથી ટીડીપીની સરકાર આવી છે, આખી પ્રક્રિયાને સાફ કરાઈ છે અને લાડુની ગુણવત્તાને સુધારવામાં આવી છે. આ પ્રસાદ વિશે કહેવાય છે કે તેને એક સ્પેશિયલ કિચનમાં બનાવવામાં આવે છે. આંધ્ર પ્રદેશમાં તેને Potu કહે છે. આ પ્રસાદ બનાવવાની જવાબદારી એક ખાસ વર્ગને સોંપવામાં આવે છે.

જે અનેક સદીઓથી આ કામમાં લાગેલા છે. એટલે કે તે લોકો માટે સંસ્કૃતિનો એક ભાગ બની ગયો છે. મોટી વાત એ છે કે આ પ્રસાદને જે બનાવે છે તેણે પોતાનું માથું મુંડાવવું પડે છે. ફક્ત એક સિંગલ કપડું પહેરવાની મંજૂરી હોય છે. આ પ્રસાદને બનાવવા માટે ઘી ઉપરાંત બેસન, ખાંડ, કાજૂ, એલચી, કિશમિશ વગેરેનો ઉપયોગ થાય છે. આ પ્રસાદ એટલો ખાસ છે કે તેને ૨૦૧૪માં રૈં નો ટેગ પણ મળેલો છે.

### સીએમ યોગીએ કડક કાર્યવાહીના નિર્દેશ આપ્યા

## અમેઠીમાં બદમાશોએ ઘરમાં ઘૂસીને શિક્ષક સહિત આખા પરિવારની હત્યા કરી



। (એજન્સી) મુંબઈ, તા.૪ ।

અમેઠીમાં બદમાશોએ ઘરમાં ઘૂસીને શિક્ષક સહિત આખા પરિવારને ગોળી મારી ૦૪ લોકોની હત્યા કરી નાખી છે. બદમાશોએ ઘરમાં ઘૂસીને ગોળી મારી હતી જેમાં શિક્ષક, પત્ની અને બાળકનું મૃત્યુ થયું છે. અમેઠીના શિવરતનગંજ વિસ્તારની આ ઘટના છે. ઉત્તર પ્રદેશના અમેઠીમાંથી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. શિવરતનગંજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બદમાશોએ ઘરમાં ઘૂસીને શિક્ષક સહિત સમગ્ર પરિવારને ગોળી મારી દીધી હતી. બદમાશો દ્વારા ગોળી વાગતાં શિક્ષક, તેની પત્ની અને તેના બે બાળકોનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ ઘટનાની માહિતી મળતા જ પોલીસ વિભાગમાં ખળભળાટ મચી ગયો હતો. સ્થાનિક પોલીસ ઉપરાંત અનેક પોલીસ સ્ટેશનના દળો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. એસપી અનુપ સિંહ પણ ઘટના સ્થળે રવાના થઈ ગયા છે. કહેવાય છે કે શિક્ષક અહીં પોતાના પરિવાર સાથે ભાડાના મકાનમાં રહેતો હતો. તે અહીં સિંઘપુર બ્લોકની પન્હૌના પ્રાથમિક શાળામાં તૈનાત હોવાનું કહેવાય છે. આ સમગ્ર ઘટના શિવરતનગંજ પોલીસ સ્ટેશન વિસ્તારના ભવાની નગર ચાર રસ્તાની છે. આ મામલે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સ્વતઃ સંજ્ઞાન લીધું છે.મુખ્યમંત્રી યોગી આદિત્યનાએ અમેઠીની ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. યોગી આદિત્યનાથે મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. સીએમ યોગીએ અધિકારીઓને તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચવાના નિર્દેશ આપ્યા છે. તેમજ અધિકારીઓને દોષિતો સામે કડક કાર્યવાહી કરવા નિર્દેશ આપવામાં આવ્યો છે. આ ઘટનાથી વિસ્તારમાં સનસનાટી ફેલાઈ ગઈ છે. હાલ પોલીસે કેસ નોંધીને કાર્યવાહી હાથ ધરી છે. શિવરતનગંજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો છે.

### અકસ્માતમાં ૧૦ મજૂરોના મોત

# મિર્ઝાપુરમાં ટ્રેક્ટર ટ્રોલીને બેકાબૂ ટ્રકે મારી ટક્કર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

ઉત્તર પ્રદેશના મિર્ઝાપુરમાં એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો. અહીં, વારાણસી-પ્રયાગરાજ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર કચવાણ પોલીસ સ્ટેશન વિસ્તારના કટકા ગામ પાસે અનિયંત્રિત ટ્રકે ટ્રેક્ટર ટ્રોલીને ટક્કર મારી હતી.આ ટક્કર એટલી ભયાનક હતી કે ટ્રેક્ટર ટ્રોલીના ટુકડા થઈ ગયા હતા અને ટ્રેક્ટર ગટરમાં પલટી ગયું હતું.

આ અકસ્માતમાં ટ્રેક્ટર ટ્રોલીમાં સવાર ૧૦ મજૂરોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. ત્રણ મજૂરો ગંભીર રીતે ઘાયલ થયા હતા. દરેકને વારાણસી ટ્રોમા સેન્ટરમાં રીફર કરવામાં આવ્યા છે. ભદોહીના મજૂરો ટ્રેક્ટરમાં બેસીને વારાણસીના રામસિંહપુર મિર્ઝામુરાદમાં તેમના ઘરે જઈ રહ્યા હતા, તે દરમિયાન આ અકસ્માત થયો. અકસ્માતની માહિતી મળતા જ પોલીસની ટીમ ત્યાં પહોંચી ગઈ હતી અને ઘટનાની તપાસ



હાથ ધરી હતી. ત્રણ ઘાયલ મજૂરોને હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા છે.

પોલીસે અકસ્માતનો ગુનો નોંધ્યો છે, અને બીજી તરફ તમામ મૃતદેહોનું પોસ્ટમોર્ટમ કરવામાં આવશે. અકસ્માતમાં જીવ ગુમાવનારા તમામ મજૂરો વારાણસીના રહેવાસી છે. દરમિયાન ઘાયલોમાં આકાશ કુમાર, જામુની અને અજય સરોજનો સમાવેશ થાય છે. આ તમામ લોકો બિરબલ પુર મિરઝામુરાદ અને રામસિંહપુર મિરઝામુદાર ગામના રહેવાસી હતા.

### લાખો રૂપિયા લઈને ભરતી પણ કરી

# લો બોલો! હવે ભેજાબાજોએ ઉભી કરી દીધી નકલી બેંક

। (એજન્સી) રાયપુર, તા.૪ ।

છત્તીસગઢમાંથી એક ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. છત્તીસગઢમાં ઠગોએ SBI બેંકની જ નકલી બ્રાન્ચ શરૂ કરી દીધી. એટલું જ નહીં, આ ઠગોએ લાખો રૂપિયા લઈને ઉમેદવારોને નકલી નિમણૂંક પત્રો પણ આપી દીધા. આ મામલે પોલીસે ત્રણ શખ્સો સામે નામજોગ ફરિયાદ દાખલ કરી છે. જોકે, હાલ તમામ આરોપીઓ ફરાર છે. પોલીસનું કહેવું છે કે કોરબા અને કવર્ધાના ઘણા લોકો સાથે લાખોની છેતરપિંડી આચરવામાં આવી છે. આ કૌભાંડનો ખુલાસો ત્યારે થયો જ્યારે મનોજ અગ્રવાલ નામના વ્યક્તિ કિસ્યોસ્ક બ્રાન્ચ ખોલવા માટે અરજી કરવા પહોંચ્યા હતા. જ્યારે તેમણે છપોરા ગામમાં SBIની બ્રાન્ચ જોઈ ત્યારે તેમને થોડી શંકા ગઈ હતી. જ્યારે તેમણે તપાસ કરી તો જાણવા મળ્યું કે આ બ્રાન્ચ અસલી નહીં, પરંતુ




નકલી છે. જે બાદ તેમણે આ અંગેની જાણ ડભરા બ્રાન્ચના અધિકારીઓને કરી હતી. જેથી અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને સમગ્ર કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. અધિકારીઓએ આ મામલે વધુ તપાસ કરી તો જાણવા મળ્યું કે નકલી બેંકમાં કામ કરનારા કર્મચારીઓને નકલી નિમણૂક પત્ર આપવામાં આવ્યા હતા અને તેમને ટ્રેનિંગના નામે અહીં બેસાડવામાં આવ્યા હતા. જ્યારે પોલીસે અહીં દરોડો પાડ્યો ત્યારે કથિત બેંક મેનેજર ફરાર થઈ ગયો હતો.



રાજસ્થાનમાં માનગઢ ધામના બાંસવાડા ખાતે ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આદિ ગૌરવ સન્માન સમારોહમાં હાજર રહ્યા હતા.

### ટોયલેટ સીટ ઉપર ટેક્સ અંગે વિવાદ!

# વર્તમાન સરકાર દ્વારા આવી કોઈ સૂચના જારી કરવામાં આવી નથી

। (એજન્સી) શિમલા, તા.૪ ।

હિમાચલ પ્રદેશમાં ટોયલેટ સીટોની સંખ્યાના આધારે સીવરેજ ટેક્સ લાદવા અંગે મીડિયામાં ચાલી રહેલા સમાચારો અંગે રાજ્ય સરકારે સ્પષ્ટતા કરી છે. હિમાચલ પ્રદેશના જલ શક્તિ વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા એક નિવેદનમાં એવા અહેવાલોને રદિયો આપવામાં આવ્યો છે કે ઘરોમાં સ્થાપિત શૌચાલય બેઠકોની સંખ્યાના આધારે ગટર જોડાણો આપવામાં આવશે. વિભાગ સ્પષ્ટતા કરે છે કે વર્તમાન સરકાર દ્વારા આવી કોઈ સૂચના જારી કરવામાં આવી નથી. પહેલાની જેમ




ગટર જોડાણો આપવાનું ચાલુ રહેશે. જલ શક્તિ વિભાગે તેના નિવેદનમાં કહ્યું છે કે, 'અમારો ઉદ્દેશ ૧૦૦ ટકા કનેક્ટિવિટી હાંસલ કરવાનો છે, જેથી પ્રદૂષણ ઘટાડી શકાય અને ગટર વ્યવસ્થા સુનિશ્ચિત કરી શકાય. તાજેતરમાં, માત્ર પાણીના શુલ્કને લઈને નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે, જ્યારે અન્ય તમામ બાબતો યથાવત રહેશે.

## તંત્રી લેખ...

### ગરબે ઘૂમવાથી બ્રહ્માંડની પ્રદિક્ષણા કરવાનું પુણ્ય મળે છે

વરસાદે હાલમાં વિદાય લીધી છે, કહો કે માંડ માંડ ખમૈયા કર્યા છે. વરસાદે વિરામ લીધો એટલે ખેલૈયાઓને પણ હાશ થઈ છે, નહીં તો આ વખતની નવરાત્રિ મોનસૂનના મેમરી લોસને કારણે ધોવાઈ જશે એવી આશંકા ઘણા ગરબા પ્રેમીઓને હતી. જોકે હાલમાં અંબાલાલની કોઈ એવી આગાહી નથી કે વરસાદ નોરતાં બગાડશે! એટલે બધા ગેલમાં છે, ખાસ કરીને ગરબા આયોજકોએ યુદ્ઘના ધોરણે મેદાનમાં ભરાયેલાં પાણી ઉલેચી ગરબા રમવા માટેના મેદાનો તૈયાર કરી નાખ્યા છે. આ વખતે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આખી રાત મન મૂકીને ગરબે ઘૂમો એવી જાહેરાત કરતાં યુવા હૈયાઓનો થનગનાટ ખૂબ વધી ગયો છે. ચાચરના ચોકવાળીને કાલાવાલા કરવાના દિવસો શરૂ થયા છે. નવનો આંકડો શુકનવંતો અને ચમત્કારિક છે. જોકે આ વર્ષે એક નોરતું વધારે છે. એટલે ખેલૈયાઓ વધુ આનંદમાં છે. નવ પછી જ શૂન્યનો વિસ્તાર છે. નવરાત્રિ, નવચંડી, નવગ્રહો અને માતાના ગર્ભમાં પણ નવ માસ નવો અવતરણ કરતો જીવ ધબકે છે. ગરબો એટલે જ ગર્ભદીપ જે સમસ્ત બ્રહ્માંડનું પ્રતીક છે. ગરબે ઘૂમવાથી બ્રહ્માંડની પ્રદિક્ષણા કરવાનું પુણ્ય મળે છે. આમ પણ ખગોળીય રીતે જોઈએ તો સમગ્ર સૃષ્ટિ ગરબે જ ઘૂમતી રહી શક્તિની તો આરાધના કરે છે. પૃથ્વી પોતાની ધરી પર ગોળ ફરે છે તો સૂર્યની ફરતે ગોળ ફરે છે. સમગ્ર સૂર્યમંડળ સૂર્યની ફરેત ગોળ ફરે છે. ચંદ્ર પૃથ્વીની ફરતે ગોળ ફરે છે. સૂર્ય અને સૂર્યમાળા સહિતનું સમગ્ર બ્રહ્માંડ અહર્નિશ ચકરડી ભમરડી લેતું ગોળ ફરે છે. ગોળાકાર ગતિથી ચોક્કસ ઊર્જા ઉત્પન્ન થાય છે અને એ ઊર્જા એટલે જ શક્તિ, જે સમગ્ર બ્રહ્માંડનું સંચાલન કરે છે. નવરાત્રિ અંતરથી અમીર કરવા આવે છે. જગત જનની મા જગદંબા પોતાના બારણાં ઉઘાડી ભક્તોને વ્હાલ કરવા ગગનના ગોખમાંથી ઉતરી ગરબે ઘૂમે એ જ કલ્પના ભક્તને આનંદિત કરી મૂકે છે. મા જગદંબા કયા સ્વરૂપમાં પ્રગટ થઈ ગરબે ઘૂમતા હશે એની તો ખબર નથી પરંતુ જ્યારે પરમ આનંદથી ભક્તો હર્ષાન્વિત થઈ ઊઠે ત્યારે માનવું કે જગદંબા સાક્ષાત ગરબે ઘૂમી રહ્યા છે. આજે અનેક મહિષાસુરો આપણી આજુબાજુ ફરી રહ્યા છે. આ મહિષાસુરની માયાને ઓળખવા તેમજ તેની આસુરી શક્તિનું મર્દન કરવા જરૂર છે પવિત્ર હૃદયથી દૈવી શક્તિની આરાધનાની! હવે તો તંત્રસાધના કરી બીજાનું અહિત કરવાની હોડ લાગી છે ત્યારે જરૂર છે શુદ્ઘ ભાવથી મા જગદંબાની આરાધના કરવાની. ખરું જોતાં અસુર એટલે પ્રાણોમાં રમમાણ થનારી અને ભોગોમાં રમમાણ થનારી આસુરી વૃત્તિ અને મહિષ એટલે પાડો. પાડો હંમેશાં પોતાનું સુખ જોતો હોય છે અને માથાભારે હોય છે. સમાજમાં આ પ્રકારની પાડાવૃત્તિ ફાલતી જાય છે.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે મહારાષ્ટ્રની મુલાકાત લેશે

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૫ ઓક્ટોબરના રોજ મહારાષ્ટ્રની મુલાકાત લેશે. તેઓ વાશિમ જશે અને સવારે ૧૧:૧૫ વાગ્યે તેઓ પોહરાદેવી ખાતે જગદંબા માતાના મંદિરમાં દર્શન કરશે. તેઓ વાશિમમાં સંત સેવાલાલ મહારાજ અને સંત રામરાવ મહારાજની સમાધિઓ પર પણ શ્રદ્ધાંજલિ આપશે. જે બાદ સવારે ૧૧:૩૦ વાગ્યે પ્રધાનમંત્રી બંજારા વિરાસત મ્યુઝિયમનું ઉદઘાટન કરશે, જે બંજારા સમુદાયની સમૃદ્ધ વિરાસતની ઉજવણી કરશે. બપોરે લગભગ ૧૨ વાગ્યે તેઓ લગભગ ૨૩,૩૦૦ કરોડ રૂપિયાના કૃષિ અને પશુપાલન ક્ષેત્ર સાથે સંબંધિત અનેક પહેલનો શુભારંભ કરશે. સાંજે લગભગ ૪ વાગ્યે પ્રધાનમંત્રી થાણેમાં ૩૨,૮૦૦ કરોડ રૂપિયાથી વધુના મૂલ્યની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે. ત્યારબાદ સાંજે ૬ વાગ્યાની આસપાસ બીકેસી મેટ્રો સ્ટેશનથી તેઓ બીકેસીથી આરે જેવીએલઆર, મુંબઈ સુધી દોડનારી મેટ્રો ટ્રેનને લીલી ઝંડી આપશે. તેઓ બીકેસી અને સાંતાક્રુઝ સ્ટેશનો વચ્ચે મેટ્રોમાં મુસાફરી પણ કરશે. વાશિમમાં પ્રધાનમંત્રી, ખેડૂતોને સશક્ત બનાવવાની પોતાની પ્રતિબદ્ધતાને અનુરૂપ પ્રધાનમંત્રી આશરે ૯.૪ કરોડ ખેડૂતોને આશરે ૨૦,૦૦૦ કરોડ રૂપિયાનાં મૂલ્યનાં પીએમ-કિસાન સન્માન નિધિનાં ૧૮માં હપ્તાનું વિતરણ કરશે. ૧૮મી હપ્તાની ફાળવણી સાથે પીએમ-કિસાન અંતર્ગત ખેડૂતોને કુલ ૩.૪૫ લાખ કરોડ રૂપિયાનું ભંડોળ રીલિઝ કરવામાં આવશે. ઉપરાંત પ્રધાનમંત્રી આશરે રૂ. ૨,૦૦૦ કરોડનાં વિતરણની નમો શેતકરી મહાસન્માન નિધિ યોજનાનાં ૫માં હપ્તાનો પણ શુભારંભ કરશે. પ્રધાનમંત્રી કૃષિ માળખાગત ફંડ (એઆઈએફ) હેઠળ ૧,૯૨૦ કરોડ રૂપિયાથી વધારેનાં મૂલ્યનાં ૭,૫૦૦થી વધારે પ્રોજેક્ટ દેશને અર્પણ કરશે. મુખ્ય પ્રોજેક્ટ્સમાં કસ્ટમ હાયરિંગ સેન્ટર્સ, પ્રાઈમરી પ્રોસેસિંગ યુનિટ્સ, વેરહાઉસ, સોર્ટિંગ અને ગ્રેડિંગ યુનિટ્સ, કોલ્ડ સ્ટોરેજ પ્રોજેક્ટ્સ, પોસ્ટ-હાર્વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટ્સ વગેરેનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રી આશરે ૧,૩૦૦ કરોડ રૂપિયાનું સંયુક્ત ટર્નઓવર ધરાવતી ૯,૨૦૦ ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન્સ (એફપીઓ) પણ દેશને અર્પણ કરશે. ઉપરાંત પ્રધાનમંત્રી પશુઓ માટે યુનિફાઈડ જિનોમિક ચિપ અને સ્વદેશી જાતિ-સોર્ટેડ સીમેન ટેકનોલોજીનો પણ શુભારંભ કરશે. આ પહેલનો હેતુ ખેડૂતોને પોસાય તેવા ભાવે સેક્સ સોર્ટ કરેલા સીમેનની ઉપલબ્ધતામાં વધારો કરવાનો અને ડોઝ દીઠ ખર્ચમાં આશરે ૨૦૦ રૂપિયાનો ઘટાડો કરવાનો છે. યુનિફાઈડ જિનોમિક ચિપ, સ્વદેશી પશુઓ માટે ગૌચિપ અને ભેંસો માટે માહિષ્ચિપ, જીનોટાઈપિંગ સેવાઓ સાથે વિકસાવવામાં આવી છે. જીનોમિક પસંદગીના અમલીકરણ સાથે, યુવાન ઉચ્ચ-ગુણવત્તાવાળા આખલાઓને નાની ઉંમરે ઓળખી શકાય છે. ઉપરાંત પ્રધાનમંત્રી મુખ્યમંત્રી સૌર કૃષિ વાહિની યોજના-૨.૦ અંતર્ગત સમગ્ર મહારાષ્ટ્રમાં ૧૯ મેગાવોટની કુલ ક્ષમતા ધરાવતા પાંચ સોલર પાર્કનું લોકાર્પણ કરશે. કાર્યક્રમ દરમિયાન તેઓ મુખ્યમંત્રી માઝી લડકી બહિન યોજનાના લાભાર્થીઓનું સન્માન પણ કરશે. થાણેમાં પ્રધાનમંત્રી, આ વિસ્તારમાં શહેરી પરિવહનને પ્રોત્સાહન આપવા માટે પ્રધાનમંત્રી મુખ્ય મેટ્રો અને રોડ પ્રોજેક્ટનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે. પ્રધાનમંત્રી આશરે ૧૪,૧૨૦ કરોડ રૂપિયાનાં મૂલ્યનાં બીકેસીથી આરે જેવીએલઆર સેક્શન - ૩નું ઉદઘાટન કરશે.

**શંકરનાં ભાલ જેમ સિદ્ધિ તરીકે જોવામાં આવે છે, એટલે કે પોતાના સ્વરૂપને સિદ્ધિનાં શણગારથી વધુ નિખાર આપે છે**

# ચંદ્રઘંટા એટલે કે એક અનોખી સિદ્ધિને પોતાના લલાટે લગાડીને નીકળેલું નવદુર્ગાનું સ્વરૂપ....



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**શક્તિને નવદુર્ગા સ્વરૂપે જોઈએ તો પ્રથમ શૈલ પુત્રી, પૂર્ણ જોશ અને જુસ્સો ધરાવતો એક શક્તિપુંજ કે તેજપુંજ પહાડો પરથી નીચે આવે છે, બ્રહ્મચારીણી એટલે ૧૦ થી ૧૬ વર્ષની આયુમાં કે જ્યારે યુવાનીની શક્તિ તન મનને બેકાબુ બનાવે, ત્યારે એને સંયમિત કરવાની હોય, એટલે બ્રહ્મ ચારીણી સ્વરૂપની માતા બતાવી છે, ચંદ્રઘંટા ચંદ્રને આપણે ત્યાં શ્રીંગાર તરીકે ભાલ પર લગાડવામાં આવે છે.**

સાધના, આરાધના, ઉપાસના, પ્રાર્થના આ બધું તો આપણે એને રીઝાવવા કરતા જ હોઈએ છીએ! પણ એ પહેલાંનું એક પગથિયું એટલે કે શક્તિની ઓળખ! એનાં વગર જો સાધના પથ પર પગ માંડીએ તો સામે જ હોય તો પણ ઓળખાય નહીં. માટે પહેલાં એનું મનોમન ચિત્રણ કરવાનું, અને પછી એવાં દર્શન માટે સતત ઝંખના કરવાની. શક્તિના ઘણા સ્વરૂપો છે, પરંતુ આપણે સમજી શકીએ એ સ્તરે જઈએ તો શક્તિના બે મુખ્ય સ્વરૂપ છે વિકાસ અને વિનાશ, અને બંને શક્તિ સ્વરૂપ એનાં પરિણામથી અળગા છે, એટલે કે વિનાશ થાય કે વિકાસ થાય! એનાથી એને કોઈ ફેર પડતો નથી! કારણ કે અંતે તો આદ્યશક્તિ કાર્યકારણ સિદ્ધાંતથી પરે છે. ઉલટું વિકાસના પ્રમાણમાં વિનાશ જલ્દી અને મોટા પાયે થાય છે, કુદરતી આપત્તિ કે દુર્ઘટના સમયે આપણે તેના પરિણામ જોઈ શકીએ છીએ.બંને શબ્દમાં વર્ણાક્ષરની રીતે પણ પ્રાસ છે, આપણી મુશ્કેલી ત્યાં જ છે કે આપણે શક્તિને ઓળખ્યા વગર તેની સાધના કે આરાધના કરીએ છીએ, અને પરિણામે એ વિકાસની બદલે વિનાશને નોતરે છે. વિનાશ થવાનું એક સૌથી અગત્યનું કારણ વિકાર છે, અને એ આપણે માતાથી છુપાવતા હોઈએ છીએ. હકીકતમાં ભૂલ, અપરાધ,કે પાપ એનો એકરાર આપણને વિકાસ તરફ લઈ જાય છે, અને એટલે જ શરણે જવું કે શરણાગત થવું એનો બહુ મોટો મહિમા છે. શક્તિને નવદુર્ગા સ્વરૂપે જોઈએ તો પ્રથમ શૈલ પુત્રી, પૂર્ણ જોશ અને જુસ્સો ધરાવતો એક શક્તિપુંજ કે તેજપુંજ પહાડો પરથી નીચે આવે છે. બ્રહ્મચારીણી એટલે ૧૦ થી ૧૬ વર્ષની આયુમાં કે જ્યારે યુવાનીની શક્તિ તન મનને બેકાબુ બનાવે, ત્યારે એને સંયમિત કરવાની હોય, એટલે બ્રહ્મ ચારીણી સ્વરૂપની માતા બતાવી છે. ચંદ્રઘંટા ચંદ્રને આપણે ત્યાં શ્રીંગાર તરીકે ભાલ પર લગાડવામાં આવે છે, અથવા શંકરનાં ભાલ જેમ સિદ્ધિ તરીકે જોવામાં આવે છે. એટલે કે પોતાના સ્વરૂપને સિદ્ધિનાં શણગારથી વધુ નિખાર આપે છે, એટલે કે કોઈ વિદ્યા કે કલા હસ્તગત કરી એક સિદ્ધિ હાંસલ કરી છે એવું સ્વરૂપ. તો આજે ચંદ્રઘંટા સ્વરૂપની આરાધનાનો દિવસ છે, શૃંગારમાં તો આપણે વર્ષો વિતાવ્યા અને સિદ્ધિને નામે પણ કઈ કેટલીય ડીગ્રી મેળવી, પરંતુ હકીકતમાં શણગાર કે સિદ્ધિથી આપણા વ્યક્તિત્વને નિખાર પ્રાપ્ત થયો નથી, માત્ર અહંકાર પ્રાપ્ત થયો છે, કારણ કે આપણે તપ્યા નથી. સોનાની જેમ નિખાર પામવું હોય તો તપવું પણ પડે. કરી શકાય એવા નાના મોટા વ્રત, નિયમ, સંયમ, કે તપથી નવરાત્રી કરી આપણે આપણા વ્યક્તિત્વને નિખારીને, ચંદ્ર ઘંટાની આરાધના કરીએ તો, ખરેખર કોઈ સાચી સિદ્ધિને મેળવી શકાય. એની માટે આપણે આપણા વિકારોને મા



દુર્ગાને ચરણે ધરવા પડે. મા દુર્ગા જ એનો મહિસાસુરની જેમ વધ કરી આપણને નિર્વીકારી બનાવી શકે છે.

★ શક્રાદય સ્તુતિ★

**શબ્દાત્મિકા સુવિમલર્ગ્યજુષાં નિધાનમુદ્ગીથરમ્ય**
**પદ પાઠવતાં ચ સામ્નામ**
**દેવી ત્રયી ભગવતી ભવભાવનાય**
**વાર્તાય સર્વજગતાં પરમાર્તિ હન્ત્રી**

તમે શબ્દસ્વરૂપા છો અને ઋગ્વેદ,યજુર્વેદ તથા ઉદ્ગીથના મનોહર પદોનો આધાર એવો સામવેદ તમે જ છો.તમે દેવી,વેદત્રયી અને ભગવતી-છ ઐશ્વર્યથી યુક્ત આ જગતની ઉત્પત્તિ અને તેના પાલન માટે તમે વાર્તા-આજીવિકા રૂપે પ્રગટ છો. તમે જગતની ઘોર પીડાનો નાશ કરનારા છો.(૯)

**મેધાસિ દેવિ વિદિતાખિલશાસ્ત્રસારા**
**દુર્ગાસિ દુર્ગભવસાગરનૌરસઙ્ગા**
**શ્રીઃ કૈટભારિહૃદયૈકકૃતાધિવાસા**
**ગૌરી ત્વમેવ શશિમૌલિકૃતપ્રતિષ્ઠા**

હે દેવી! જેના થકી સઘળા શાસ્ત્રોનું જ્ઞાન પ્રાપ્ત થાય છે, તે મેધા તમે જ છો. દુર્ગમ દુસ્તર ભવસાગરમાંથી પાર ઉતારનારી નૌકા રૂપ દુર્ગા પણ તમે જ છો. તમારી કશામાં ય આસક્તિ નથી. કૈટભના શત્રુ ભગવાન વિષ્ણુના વક્ષઃસ્થળ માં નિવાસ કરનારા ભગવતી લક્ષ્મી અને ભગવાન ચંદ્રશેખર શિવ વડે સન્માનિત દેવી ગૌરી પણ તમે જ છો. (૧૦)

**ઈષત્સહાસમમલં પરિપૂર્ણ ચન્દ્રબિમ્બાનુકારિ,**
**કનકોત્તમકાન્તિકાન્તમ્**
**અત્યદ્ભુતં પ્રહૃતમાત્તરુષા તથાપિ**
**વક્ત્રં વિલોક્ય સહસા મહિષાસુરેણ**

તમારું મુખ મંદ મંદ સ્મિતથી સુશોભિત છે, નિર્મળ છે. પૂર્ણ ચંદ્રબીંબ અનુકરણ કરનારું છે. સુવર્ણની મનોહર કાંતિ કરતાં ય સુંદર છે, તેમ છતાં તેને જોઈને મહિષાસુરને ક્રોધ ઉપજયો? એ એના કરતા ય આશ્ચર્યની વાત છે, અને એકાએક જ તેણે તમારા પર પ્રહાર કર્યો એ ભારે નવાઈની વાત છે. (૧૧)

**દૃષ્ટ્વા તુદેવિ કુપિતં ભ્રુકુટીકરાલ,**
**મુધચ્છશાઙ્કસદશચ્છવિ યન્ન સદ્યઃ**
**પ્રાણાન્મુમોચ મહિષસ્તદતીવ ચિત્રં**
**કૈર્જીવ્યતેહિ કુપિતાન્તકદર્શનેન**

હે દેવી! તે જ મુખ જ્યારે ક્રોધયુક્ત થવાથી ઉદય વેળાના ચંદ્રમાની જેમ લાલ થયું, અને ખેંચાયેલી ભમરોને કારણે વિકરાળ થઈ ઊઠ્યું, ત્યારે તેને જોઈને મહિષાસુરના પ્રાણ તરત નીકળી ગયા નહીં! એ તો એના કરતાંય મોટા આશ્ચર્યની વાત છે. કારણકે ક્રોધે ભરાયેલા યમરાજને જોઈને ભલા કોણ જીવતું રહી શકે?(૧૨)

ઈન્દ્ર વગેરે દેવતાઓ અને ઋષિઓ જ્યારે આ સ્તુતિ કરી ત્યારે એમણે મા દુર્ગાના હાથે મહિસાસુરનો વધ થતો જોયો, અને એમના મોઢામાંથી દેવીની પ્રશંસા રૂપે આ સ્તુતિ નીકળી,અને એટલે જ આ સ્તુતિમાં દેવ ઉવાચઃ, ઋષિ ઉવાચઃ અને છેલ્લે દેવી ઉવાચઃ એવો શબ્દ પ્રયોગ થયો છે. પરંતુ આપણે એવું જોયું નથી, અને છતાં સ્તુતિ કરીએ છીએ! એટલે કે માની લીધું, કે આવી ઘટના ત્યારે ઘટી હતી. નિશંક પણે ઘટી હશે! કારણ કે દેવી સિવાય આવાં ભયાનક અસુરનો વધ કોણ કરી શકે, અને એટલે જ શક્તિનો મહિમા છે, પછી તે મા સ્વરૂપે હોય, પત્ની સ્વરૂપે હોય,દીકરી સ્વરૂપે હોય, કે પુત્રવધુ સ્વરૂપે હોય, બધા જ શક્તિના સ્વરૂપો છે. સમાજની ભૂલ ત્યાં થઈ કે એમણે મૂર્તિ અને છબી સ્વરૂપે તો શક્તિની આરાધના કરી, પરંતુ સમાજની આસપાસ ફરતા શક્તિ સમુહોને એ ભૂલી ગયો! અથવા આ પણ શક્તિ સ્વરૂપ છે, એ સત્ય ચૂકી ગયો. જગતના વિકારરૂપી અસરોને આ શક્તિ સ્વરૂપો જ હણી શકે તેમ છે, એટલી ખાતરી રાખી, એમને સન્માન આપવાનું સમાજ ભૂલી ગયો, એટલે જ આટલી ઉપાધીઓ શરૂ થઈ છે. પ્રકૃતિ સ્વરૂપે હોય, સંસ્કૃતિ સ્વરૂપે હોય, કે સ્થૂળ આકૃતિ સ્વરૂપે હોય, શક્તિનું હંમેશા પૂજન થવું જોઈએ, એ જ વાત આ દુર્ગા પૂજાના ઉત્સવમાં કહેવામાં આવી છે. પૂજન એટલે કે કંકુ ચોખા લગાડી આરતી કરવાની વાત નથી, પરંતુ એક ઊંચું સ્થાન આપી એને માન સન્માનિત કરવી. શક્તિ છે તો ક્રિયા છે, ક્રિયા છે તો દ્રવ્ય આવશે, અને દ્રવ્ય આવશે તો જ દ્રવ્યનું સંચાલન કરવા વિદ્યા એટલે કે જ્ઞાન આવશે. શક્તિ થકી જ વંશવૃદ્ધિ થાય છે,એ વંશમાં સંસ્કાર વૃદ્ધિ થાય છે, અને ભક્તિ શક્તિ થકી જ જીવનમાં આનંદની પ્રાપ્તિ થાય છે. વંશવૃદ્ધિ એટલે ક્રિયા વંશને સંસ્કાર વારસો એટલે કે દ્રવ્ય અને ભક્તિ એટલે જ્ઞાન પૂર્ણ ભાવ અવસ્થા! આ બધું જ માત્ર ને માત્ર સ્ત્રી શક્તિ સ્વરૂપ થી જ શક્ય છે, માટે એની અપરંપાર કરુણાને સદાય પ્રાપ્ત કરતા રહી, આપણું જીવન અજવાળતા રહેવું એ જ નવરાત્રી નો મુખ્ય સંદેશ છે. જય અંબે.

**દેવીનું સ્વરૂપ-દેવી ચંદ્રઘંટાનું શરીર સોનાની જેમ ક્રાંતિવાન છે, તેમના માથા પર ઘંટ આકારનો અર્ધચંદ્ર છે**

# નવલાં નોરતાંની રમઝટ-3, યા દેવી સર્વભૂતેષુ મા ચંદ્રઘંટા રૂપેણ સંસ્થિતા નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમ :



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**માતા દુર્ગાની ત્રીજી શક્તિનું નામ ચંદ્રઘંટા છે, નવરાત્રિના ત્રીજા દિવસે તેમની પૂજા કરવામાં આવે છે, અસુરોના વિનાશ માટે માતા દુર્ગાથી દેવી ચંદ્રઘંટા તૃતીય સ્વરૂપમાં પ્રગટ થયા, દેવી ચંદ્રઘંટાને ભયંકર દૈત્ય સેનાનો સંહાર કરીને દેવતાઓને તેમનો હક અપાવ્યો હતો, ચંદ્રઘંટા માતા દુર્ગાનું જ શક્તિરૂપ છે.**

નવરાત્રિ એ શક્તિપૂજાનું પર્વ છે. શાસ્ત્રો પ્રમાણે નવરાત્રિ પર્વવર્ષમાં ચાર વાર આવે છે.એમનેવાસંતિક આષાઢીય,શારદીય અને માધીય નવરાત્રિ કહે છે.આમાં ચૈત્રીય અને શારદીય એટલે કે આશ્વિની નવરાત્રિ વધારે પ્રસિદ્ધ અને મહિમાવાન ગણાય છે.બાકીની બે નવરાત્રિઓને 'ગુપ્ત નવરાત્રિ' કહેવાય છે. શારદીય નવરાત્રિમાં દુર્ગાપૂજા મહાપૂજા તરીકે ઓળખાય છે. આ નવ પુણ્ય રાત્રિ ઓ દરમિયાન ત્રણદેવીઓ પાર્વતી લક્ષ્મી અને સરસ્વતીના નવ સ્વરૂપોની પૂજા થાય છે જેમને નવદુર્ગા કહેવામાં આવે છે. આધા શકિતન લોકકલ્યાણકારી રૂપને દુર્ગા કહેવાય છે. તંત્ર, આગમ તેમને 'દુર્ગા દુર્ગતિનો નાશ કરનારી અને દુઃખને દૂર કરનારી મહાદેવી છે. દુર્ગા સપ્તશતીના ચોથા અધ્યાય શક્રાદય સ્તુતિમાં પણ તેમને 'દારિદ્રય દુઃખભયહારિણી દરિદ્રતા, દુઃખ અને ભયને હરી લેનારા કહેવાયા છે.તે રીતે દુર્ગાસિ દુર્ગ ભવસાગર નૌરસઙગા દુર્ગમ ભવસાગરથી પાર ઉતારનારી નૌકાનું રૂપક પણ અપાયું છે. દુર્ગા દેવી માટે કહેવાયું છે-સૈષા પ્રસન્ના વરદા નૃણાં ભવતિ મુક્તયૈ તે પ્રસન્ન થાય છે ત્યારે મનુષ્યોને વરદાન આપનારા બનીને મુક્તિ પ્રદાન કરે છે. માતા દુર્ગાની ત્રીજી શક્તિનું નામ ચંદ્રઘંટા છે. નવરાત્રિના ત્રીજા દિવસે તેમની પૂજા કરવામાં આવે છે.અસુરોના વિનાશ માટે માતા દુર્ગાથી દેવી ચંદ્રઘંટા તૃતીય સ્વરૂપ માં પ્રગટ થયા.દેવી ચંદ્રઘંટાને ભયંકર દૈત્ય સેનાનો સંહાર કરીને દેવતાઓને તેમનો હક અપાવ્યો હતો. ચંદ્રઘંટા માતા દુર્ગાનું જ શક્તિરૂપ છે. જે સંપૂર્ણ જગની પીડાનો નાશ કરે છે. દેવી ચંદ્રઘંટા ની પૂજા કરવાથી ભક્તોને વાંછિત ફળ પ્રાપ્ત થાય છે. એટલા માટે જ ત્રીજા દિવસની પૂજાને અત્યધિક મહત્વપૂર્ણ માનવામાં આવી છે. દેવીનું સ્વરૂપ-દેવી ચંદ્રઘંટાનું શરીર સોનાની જેમ ક્રાંતિવાન છે. તેમના માથા પર ઘંટ આકારનો અર્ધચંદ્ર છે, એટલા માટે તેમને ચંદ્રઘંટા કહેવામાં આવે છે. તેમની દસ ભુજાઓ છે અને દસેય ભુજા ઓમાં અસ્ત્ર-શસ્ત્ર છે. દેવીના હાથોમાં કમળ, ધનુષ-બાણ કમંડળ, તલવાર,ત્રિશૂળ અને ગદા દેવા અસ્ત્ર ધારણ કરેલ છે. તેમના કંઠમાં સફેદ પુષ્પની માળા અને રત્ન જડિત મુગટ શીર્ષ પર વિદ્ય માન છે. દંવી ચંદ્રઘંટા ભક્તોને અભય વરદાન આપનારી અને પરમ કલ્યાણકારી છે. તેમના રૂપ અને ગુણો પ્રમાણે આજે



તેમની પૂજા કરવામાં આવશે. ચંદ્રઘંટા શક્તિની પૂજા અને સાધનાથી મણિપુર ચંદ્ર જાગૃત થાય છે. તેમની પૂજા કરવાથી વીરતા-નિર્ભયતાની સાથે જ સૌભાગ્ય તથા વિનમ્રતાનો વિકાસ થાય છે.તેમની પૂજાથી મુખ, નેત્ર તથા સંપૂર્ણ કાયામાં ક્રાંતિ વધવા લાગે છે. સ્વર દિવ્ય અને મધુર થવા લાગે છે. માતા ચંદ્રઘંટાની પૂજા કરનારાઓને શાંતિ અને સુખનો અનુભવ થવા લાગે છે. માતા ચંદ્રઘંટાની કૃપાથી દરેક પ્રકારના પાપ અને બધા પ્રકારની બાધાઓ દૂર થઈ જાય છે. ભક્તોના કષ્ટોનું નિવારણ ઝડપથી થઈ જાય છે. દેવી ચંદ્રઘંટાની કૃપા થી પરાક્રમ વધે છે. માતાને સુગંધ પ્રિય છે. તેમનું વાહન સિંહ છે. તેમની પૂજાથી અહંકાર દૂર થાય છે. ત્રીજા નોરતે માતા ચંદ્રઘંટાને દૂધ તથા દૂધમાંથી બનેલી વાનગીઓ કે મીઠાઈઓનો ભોગ ધરાવવો જોઈએ તેનાથી સાધકને અનેક પ્રકારના કષ્ટો કે દુઃખમાંથી મુક્તિ મળે છે.આજે ત્રીજું નોરતું છે તો માં શક્તિના ત્રણેક ગરબાની રમઝટ તો...ચપટી ભરી ચોખાને ઘીનો છે. દીવડો શ્રીફળની જોડ લઈએ રે.... હાલો હાલો પાવાગઢ જઈએ રે માને મંદિરીયે સુથારી આવે,સુથારી આવે માના બાજોઠ લઈ આવે, બાજોઠની જોડ લઈને રે... હાલો માને મંદિરીયે કસુંબી આવે, કસુંબી આવે માની ચુંદડી લઈ આવે, ચૂંદડીની જોડ અમે લઈએ રે... હાલો... માને મંદિરીયે સોનીડો આવે,સોનીડો આવે માનાં ઝાંઝર લઈ આવે, ઝાંઝરની જોડ અમે લઈએ રે... હાલો... માને મંદિરીયે માળીડો આવે, માળીડો આવે, માના ગજરા લઈ આવે, ગજરાની જોડ અમે લઈએ રે... હાલો... માને મંદિરીયે ઘાંચીડો આવે,ઘાંચીડો આવે માનાં દીવડાં લઈ આવે,દીવડાંની જોડ અમે લઈએ રે... હાલો... કોઈ રાજપરા જઈને રીઝાવો જગ જનની ખોડલ મા ખમકારે મારી માટેલ વાળીને મનાવો જગ જનની ખોડિયારમા ખમકારે કોઈ રાજપરા જઈને રીઝાવો જગ જનની ખોડલમા ખમકારે ખોડિયાર મા ખમકારે ભાવેના શેરની ભાગોળે શોભતું રૂડું રાજ પરુ ગામ મનના મનોરથ ફળશે માનવીઓ ધરા તાંતણીયે જાવ તમે ઝાડીયો ડુંગરની ગજાવો જગ જનની ખોડલ મા ખમકારે, કોઈ રાજપરા જઈને રીઝાવો જગ જનની ખોડલ મા ખમકારે મારી મગરવાળીને મનાવો જગ જનની ખોડિયારમા ખમકારે ખોડિયારમા ખમકારે... ઢોલીડા ઢોલ તું ધીમો વગાડ ના, ધીમો વગાડના...જોજે રંગ જાય ના... ધ્રૂજે ના ધરતી તો રમઝટ કહેવાય ના, રમઝટ કહેવાય ના... રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના,પૂનમની રાતડીને આંખડી ઘેરાય ના, આંખડી ઘેરાય ના... રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના, જો જે રંગ જાય ના.. રઢિયાળી રાતડી ની જોજે રંગ જાય ના,જોજે રંગ જાય ના.. હો. ચમકતી ચાલ અને ઘૂઘરીનો ઘમકાર હો...નુપૂરના નાદ સાથે તાળીઓના તાલ ગરબે ઘૂમતાં માને કોઈથી પહોંચાય ના, કોઈથી પહોંચાય ના... રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના, જોજે રંગ જાય ના... હો...વાંકડિયા વાળ અને ટીલડી લલાટ હો...મોગરાની વેણીમાં શોભે ગુલાબ નીરખી નીરખીને મારું મનડું ધરાય ના, મનડું જોજે રંગ જાય ના,.. હો... સોળે શણગાર સજી,રૂપનો અંબાર બની હો...પ્રેમનું આંજણ આંજી, આવી છે માડી મારી આછી આછી ઓઢણીમાં રૂપ માનું માય ના, તેજ માનું માય ના... રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના, જોજે રંગ જાય ના... ઢોલીડા ઢોલ તું ધીમે વગાડ ના, ધીમે વગાડ ના... રઢિયાળી રાતડી નો જોજે રંગ જાય ધરાય ના... રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના,ના, જોજે રંગ જાય ના... વાચક ચાહક મિત્રો, આજે ત્રીજું નોરતુંમાં ચંદ્રઘંટાસ્વરૂપાની પૂજા અર્ચના થશે.આપ સૌ શક્તિ આરાધના ઉપાસનાની સાથે ગરબાની રમઝટમાં કયાંક ને ક્યાંક જોડાયા હશો. રશિયા યુક્રેન ઈઝરાઈલ ઈરાન વચ્ચે ઘમાસાણ યુધ્ધ ચાલી રહ્યું છે ક્યારે કોણ શું કરશે તેના તરફ વિશ્વના નેતાઓની નજર મંડાયેલી છે ત્યારે છેલ્લે એ જ પ્રાર્થના કે માનવ માનવ થાય અને સ્વાર્થ લોભ લાલચ છોડી શ્રમની કામાણી કરી સુખી નીરામયી જીવન જીવે અન્યને જીવવા દે.અત્યારે યુદ્ધ નહીં બુદ્ધ ની જરૂર છે દ.અસ્તુ. મા શક્તિ સૌનું રક્ષણ કરે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# દિકરા જુનૈદ સાથે આમિર કેબીસી -૧૬ની હોટ સીટ પર જોવા મળશે

## એક ખાસ એપિસોડ શૂટ કરવામાં આવ્યો હતો, જેમાં આમિર ખાન તેના દિકરા જુનૈદ સાથે હોટ સીટ પર જોવા મળ્યો હતા

અમિતાભ બચ્ચનના જાણીતા ક્વિઝ શો 'કૌન બનેગા કરોડપતિ'ની હાલ ૧૬મી સીઝન ચાલી રહી છે. જેમાં અમિતાભ બચ્ચનના જન્મ દિવસના સંદર્ભે એક ખાસ એપિસોડ શૂટ કરવામાં આવ્યો હતો. જેમાં આમિર ખાન તેના દિકરા જુનૈદ સાથે હોટ સીટ પર જોવા મળ્યો હતો. ત્યારે આમિરે અમિતાભને જયા બચ્ચન અંગે એક એવો સવાલ પૂછ્યો કે અમિતાભ એ સાંભળીને સ્તબ્ધ થઈ ગયા હતા.સોની દ્વારા ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કરવામાં આવ્યો હતો. આમિરે મિતાભને કહ્યું, "મારી પાસે તમારા માટે એક સુપર ડુપર સવાલ છે." તો અમિતાભ એ સાંભળવા ઉત્સુક હતા. પછી આમિરે પૂછ્યું, "જ્યારે જયાજી શૂટિંગ માટે જતાં હતાં, કોઈ બીજા હિરો સાથે, તો એ કયો હિરો હતો જેનું નામ સાંભળીને તમને તકલીફ થતી હતી અને ઈર્ષ્યા થતી હતી કે, "હમમ..અચ્છા.""આ સાંભળીને અમિતાભ સ્તબ્ધ થઈ ગયા હતા અને પછી હસી પડ્યા હતા. તેમાં જુનૈદ પણ હસી પડ્યો હતો. આ વીડિયો શેર કરતાં તેની સાથે કેપ્શનમાં લખવામાં આવ્યું છે કે,"મહાનાયકના જન્મ ઉત્સવ પર કરી આમિર ખાને કેટલીક જુની યાદો તાજા. જુઓ કૌન બનેગા કરોડપતિ ૧૧ ઓક્ટોબર, રાત્રે ૯ વાગે માત્ર સોની ટીવી પર."



આ ૧૧ ઓક્ટોબરે અમિતાભ ૮૨ વર્ષ પૂરા કરશે.આ પહેલાં પણ સોની દ્વારા અન્ય એક વીડિયો શેર કરવામાં આવ્યો હતો. જેમાં વૅનિટીમાંથી બહાર નીકળીને આમિર અને જુનૈદ કેબીસીના સેટ પર પ્રવેશ કરી રહ્યા હોય છે. તેમાં કેમેરા સામે જોઈને આમિર કહે છે, "શશશ...અમિતજીને ખબર ન પડવી જોઈએ કે અમે લોકો આજે શો પર છીએ.



# એક દિવસમાં ૨૦૦ જેટલી સિગારેટ પી જતા હતા અમિતાભ બચ્ચન

## પરંતુ અત્યારે અમિતાભએ કહ્યું કે હવે હુ સ્મોક કરતો નથી અને ડ્રિન્ક પણ કરતો નથી અને નોનવેજ પણ ખાતો નથી

અમિતાભ બચ્ચન પોતાની સ્ટ્રિક્ટ લાઈફસ્ટાઈલ માટે જાણીતો છે. તે હવે સ્મોક કરતો નથી અને દારૂ પણ પીતો નથી પરંતુ શું તમને ખબર છે કે એક સમય એવો હતો જ્યારે અમિતાભ એક દિવસમાં ૨૦૦ સિગારેટ પી જતો હતો. એક જૂના ઈન્ટરવ્યૂમાં અમિતાભે આ વિશે વાત કરી હતી. અમિતાભે જણાવ્યું કે 'હુ નોનવેજ ખાતો નથી પરંતુ મારી પત્ની જયા ખાય છે.'અમિતાભે કહ્યું, 'હુ સ્મોક કરતો નથી અને ડ્રિન્ક પણ કરતો નથી અને નોનવેજ પણ ખાતો નથી. આ કોઈ ધર્મના કારણે નહીં પરંતુ ટેસ્ટના કારણે છે. મારા પરિવારમાં મારા પિતા વેજિટેરિયન હતા અને મારી માતા નહીં. તેવી જ રીતે જયા નોનવેજ ખાય છે અને હુ નહીં. હુ પહેલા મીટ ખાતો હતો. ડ્રિન્ક અને સ્મોક પણ કરતો હતો પરંતુ હવે બધું છોડી દીધું છે. કોલકાતામાં હુ એક દિવસમાં ૨૦૦ સિગારેટ પીતો હતો, હાં ૨૦૦. પરંતુ મુંબઈ આવ્યા બાદ મે છોડી દીધી. હુ ડ્રિન્ક પણ કરતો હતો, કંઈ પણ હોય જે હાથમાં આવે તે પીતો હતો પરતુ અમુક વર્ષો પહેલા મે નક્કી કર્યુ કે મને આની જરૂર નથી. આ ટેવોના કારણે મને કોઈ તકલીફ થતી નહોતી, માત્ર જ્યારે હુ વિદેશમાં શૂટિંગ કરી રહ્યો હોવ ત્યારે કેમ કે ત્યાં વેજિટેરિયન ભોજનને લઈને મુશ્કેલી પડે છે.'અમિતાભે કહ્યું કે હુ અહિંસક માણસ છુ. મને નથી લાગતુ કે હુ હિંસક માણસ છુ. હુ મારું નિયંત્રણ પણ ગુમાવતો નથી. હા, કોલેજના દિવસોમાં અમુક ઝઘડા થતા હતા પરંતુ આટલું જ. સ્ક્રીન પર લડત ખૂબ અનરિયલ હોય છે. આ શાનદાર હોવી જોઈએ અને લોકો તેને એ રીતે જ સ્વીકાર કરે છે.



### એક્ટર નાગાર્જુને પુત્રના ડિવોર્સ પર

# ટિપ્પણી કરવા બદલ મંત્રી કોંડા સુરેખા સામે માનહાનિનો કેસ કર્યો



## અભિનેતા નાગા ચૈતન્યએ તેના સોશિયલ મીડિયા હેન્ડલ 'X' પર ફરિયાદની કોપી શેર કરી હતી

અભિનેતા નાગાર્જુને અભિનેતા નાગા ચૈતન્ય અને અભિનેત્રી સામંથા રૂથ પ્રભુના છૂટાછેડા અંગેના આપેલા નિવેદનને લઈને તેલંગાણાના મંત્રી અને કોંગ્રેસ નેતા કોંડા સુરેખા વિરુદ્ધ માનહાનિનો કેસ દાખલ કર્યો છે. અભિનેતા નાગા ચૈતન્યએ તેના સોશિયલ મીડિયા હેન્ડલ 'ઠ' પર ફરિયાદની કોપી શેર કરી છે.આ ઉપરાંત ભારત રાષ્ટ્ર સમિતિના કાર્યકારી પ્રમુખ કેટી રામારાવ એ તેલંગાણાના મંત્રી કોંડા સુરેખાને માનહાનિની ? નોટિસ મોકલી છે. સુરેખાએ અભિનેત્રી સામંથા રૂથ પ્રભુ અને નાગા ચૈતન્યના છૂટાછેડા માટે કેટીઆરને જવાબદાર ઠેરવ્યા હતા. કાનૂની નોટિસમાં કેટીઆરએ કહ્યું કે સુરેખાએ તેમની છબી ખરાબ કરવા માટે આ નિવેદન આપ્યું છે. તેમણે વિવાદાસ્પદ નિવેદનો માટે મંત્રી પાસેથી માફી માંગવાની માંગ કરી હતી. તેમણે કહ્યું કે સુરેખાએ પોતાના મંત્રી પદનો દુરુપયોગ કર્યો છે.મંત્રી કોંડા સુરેખાએ લગાવ્યો હતો આરોપમંત્રી કોંડા સુરેખાએ આરોપ લગાવ્યો છે કે કેટીઆર અભિનેત્રીઓના ફોન ટેપ કરતો હતો અને તેમને બ્લેકમેલ કરતો હતો. અભિનેત્રી સામંથાના છૂટાછેડાનું કારણ કેટી રામારાવ છે. તે સમયે તે મંત્રી હતો અને અભિનેત્રીઓના ફોન ટેપ કરતો હતો અને પછી તેમની નબળાઈઓ શોધીને તેમને બ્લેકમેલ કરતો હતો. આ નિવેદનથી મોટો વિવાદ સર્જાયો હતો. આ નિવેદનની BRS અને કલાકારો સામંથા રૂથ પ્રભુ અને નાગાર્જુન અક્કીનેની દ્વારા ટીકા કરવામાં આવી હતી. સામંથાએ પોતે આ ટિપ્પણીનો જવાબ આપ્યો અને કહ્યું કે તેના છૂટાછેડા અંગત બાબત છે.

### અનુષ્કા અને વિરાટની ગલી ક્રિકેટે લોકોને મજા કરાવી

# અનુષ્કા શર્મા-વિરાટ કોહલીનો ક્યુટ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ

## એક બ્રાન્ડના શૂટ દરમિયાનનો આ વીડિયો છે જેમાં તેઓ બંને લંડનની કોઈ ગલીમાં ક્રિકેટ રમતાં હોય એવું લાગે છે

અનુષ્કા અને વિરાટ કોહલી ઘણી વખત એકબીજાને મજાકમાં ટ્રોલ કરે છે અને તેમના આ વીડિયો તેમના ફૅન્સને ભરપુર મનોરંજન પૂરું પાડે છે. અનુષ્કાએ કોહલીની નકલ ઉતારી તેવા વીડિયો પણ પહેલાં વાયરલ થઈ ચૂક્યા છે. હવે વધુ એક વીડિયો વાયરલ થયો છે, જેમાં અનુષ્કા શર્મા અને વિરાટ કોહલી ગલી ક્રિકેટ રમતાં જોવા મળે છે. એક બ્રાન્ડના શૂટ દરમિયાનનો આ વીડિયો છે. જેમાં તેઓ લંડનની કોઈ ગલીમાં ક્રિકેટ રમતાં હોય એવું લાગે છે. અનુષ્કા રમતના નિયમ નક્કી કરતી કરતી હોય ત્યાંથી આ વીડિયોની શરૂઆત થાય છે. જેમાં તે એક વિચિત્ર નિયમ બનાવે છે, જેમકે, 'બૉડી પર બૉલ વાગે તો આઉટ' કે 'જે બૅટ લાવે એનો પહેલો દાવ', 'જે સિક્સ મારે એ જ બૉલ લેવા જાય.'. વિરાટ 'હટ્ટ' કહીને આ નિયમોનો વિરોધ નોંધાવે છે અને કહે છે, 'અબે આ શું છે...'. છતાં આ બાબતે વિરાટનું કશું ચાલતું નથી અને અનુષ્કા ક્રિકેટમાં મોળી હોવા છતાં તે પોતાની વાત મનાવી લે છે. વીડિયોના અંતે કોઈ જીતતું નથી પરંતુ આ વીડિયો જોનારા દરેક માટે તેમાં ભરપૂર મનોરંજન ચોક્કસ છે.આ વીડિયોથી તેમના ફૅન્સ ખુશ થઈ ગયાં અને તેમના વીડિયોને ક્યુટ ગણાવ્યો હતો. કોઈએ લખ્યું, "મર્દ સિર્ફ અપની પસંદીદા ઔરત કે રૂલ માનતા હે" તો કોઈએ કહ્યું, "વાહ ભૈયા ભાભીજી કે સામને નહીં રૂક પાઓગે આપ."તેમને ફરી લોકો બેસ્ટ કપલ ગણાવ્યા છે. તો કોઈએ એવી આશા પણ વ્યક્ત કરી હતી કે, તેમને પણ અનુષ્કા અને વિરાટ જેવા ક્રિકેટ પાર્ટનર મળી જાય.અનુષ્કા છેલ્લા ઘણા સમયથી કોઈ ફિલ્મમાં દેખાઈ નથી. તેની ઝૂલન ગોસ્વામીની બાયોપિક 'છકડા એક્સપ્રેસ' આવવાની વાતો હતી, પરંતુ પછી એ ફિલ્મનું શું થયું એ અંગે કોઈ અપડેટ આવી નથી. આ ફિલ્મ ઓટીટી પર રિલીઝ થવાની છે, પરંતુ એ અંગે કોઈ તારીખ જાહેર કરવામાં આવી નથી.



# બોર્ડર ૨માં સુનીલ શેટ્ટીના પુત્ર અહાનની એન્ટ્રી

## 'બોર્ડર'માં શાનદાર કામ કર્યું હતું અને તે ફિલ્મમાં પોતાના રોલમાં શહીદ થયો હતો

સની દેઓલ, વરુણ ધવન અને દિલજીત દોસાંઝ બાદ સુનીલ શેટ્ટીના પુત્ર અહાન શેટ્ટીએ 'બોર્ડર ૨'માં એન્ટ્રી કરી છે. સુનીલ શેટ્ટીએ ફિલ્મ 'બોર્ડર'માં શાનદાર કામ કર્યું હતું અને તે ફિલ્મમાં પોતાના રોલમાં શહીદ થયો હતો. હવે, બોર્ડર ૨ ફિલ્મમાં સુનીલ શેટ્ટીની ગેરહાજરી પૂરી કરવા માટે, તેના પુત્ર અહાન શેટ્ટીને સૈનિક તરીકે કાસ્ટ કરવામાં આવ્યો છે. સની દેઓલ અને અહાન શેટ્ટીએ પોતપોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર તેમના ચાહકોને આ વિશે માહિતી આપી છે. એક ટીઝર પણ રિલીઝ કરવામાં આવ્યું છે. બોર્ડર ૨ના ટીઝરમાં ફિલ્મ 'બોર્ડર'ના સુનીલ શેટ્ટીની ઝલક જોવા મળે છે, જેમાં સુનીલ શેટ્ટી દુશ્મનો સામે લડતા જોવા મળે છે. તે જ સમયે, હવે તેનો પુત્ર અહાન શેટ્ટી બોર્ડર ૨ માં આ જ કામ કરવા જઈ રહ્યો છે. આ ફિલ્મની જાહેરાત ગયા જૂનમાં કરવામાં આવી હતી. ફિલ્મમાં સની દેઓલ, વરુણ ધવન અને દિલજીત દોસાંજની એન્ટ્રી થઈ છે અને હવે અહાન શેટ્ટી ફિલ્મમાં એક ચુસ્ત સૈનિકની ભૂમિકામાં જોવા મળશે. તમને જણાવી દઈએ કે, 'બોર્ડર ૨'ને જેપી દત્તા, નિધિ દત્તા, ભૂષણ કુમાર અને કૃષ્ણ કુમાર પ્રોડ્યુસ કરી રહ્યા છે. બોર્ડર ૨નું નિર્દેશન અનુરાગ સિંહ કરી રહ્યા છે. દર્શકોએ ફિલ્મ બોર્ડર ૨ માટે લાંબો સમય રાહ જોવી પડશે.



# વિજય દેવરકોંડા હવે પીરિયડ એક્શન ડ્રામા ફિલ્મ કરી શકે

## આ ફિલ્મ રાહુલ સંક્રિત્યાન દ્વારા ડિરેક્ટ કરવામાં આવશે, જેણે વિજય સાથે 'ટેક્સીવાલા' ફિલ્મ કરી હતી



વિજય દેવરકોંડાની ૧૪મી ફિલ્મની એનાઉન્સમેન્ટ થઈ ચૂકી છે. આ એક પીરિયડ એક્શન ડ્રામા હશે જેને મૈથ્રી મુવી મેકર્સ જેવું મોટું પ્રોડક્શન હાઉસ પ્રોડ્યુસ કરશે. આ ફિલ્મ રાહુલ સંક્રિત્યાન દ્વારા ડિરેક્ટ કરવામાં આવશે, જેણે વિજય સાથે 'ટેક્સીવાલા' ફિલ્મ કરી હતી. તેઓ આગામી ફિલ્મમાં ઓગણીસમી સદીનો સાંસ્કૃતિક રીતે સમૃદ્ધ પણ કોલાહલભર્યો સમય દર્શાવશે.અંગ્રેજકાળના સમયગાળા આધારિત આ ફિલ્મનું નામ હજુ જાહેર થયું નથી, પરંતુ તે વિજય દેવરકોંડાની ૧૪મી ફિલ્મ હોવાથી તેને 'વીડી ૧૪' કહેવામાં આવી રહી છે. આ ફિલ્મમાં આઝાદીની લડતનો વિરોધ કર્યા વિના આંધ્રપ્રદેશના રાયલસીમાની આધારભૂત સ્થિતિ દર્શાવવામાં આવશે. આ ફિલ્મમાં વિજય દેવરકોંડા ક્યારેય ન જોયો હોય એવા લૂકમાં જોવા મળશે. આંધ્રપ્રદેશમાં હૈદ્રાબાદ, કર્મૂલ, અનંતપુર અને વાયએસઆર જિલ્લામાં ક્ટોબર અને નવેમ્બર મહિના દરમિયાન તેનું શૂટ કરવામાં આવશે.ડિરેક્ટર રાહુલે બે વર્ષ સુધી આ ફિલ્મની સ્ક્રિપ્ટ માટે બારીકથી બારીક બાબતો પર ધ્યાન આપ્યું છે. એવી પણ ચર્ચાઓ છે કે રશ્મિકા મંદાના આ ફિલ્મમાં લીડ રોલમાં જોવા મળશે. વિજય દેવરકોંડાએ નવા અવતારમાં પ્રગટ થવા માટે પહેલાં જ તેની તારીખો ફાળવી દીધી છે. આ ઉપરાંત તે ડિરેક્ટર રવિ કિરણ કોલા અને પ્રોડ્યુસર દિલ રાજુ સાથે પણ એક ફિલ્મ કરી રહ્યો છે, જેનું શૂટ આવતા વર્ષે શરૂ થશે. મૈથ્રી મુવીઝે આ ૧૯મી સદીની ફિલ્મ માટે મોટું બજેટ ફાળવ્યું છે, જેથી દરેક નાની બાબતોનું ધ્યાન રાખી શકાય અને દર્શકોને આધારભૂત અનુભવ મળી શકે.

### એક કાર્યક્રમમાં સંબોધન કરાતાં અસંમતિ દર્શાવી

# નવી આલિયા તરીકે ઓળખાવાનો અભિનેત્રી અનન્યાએ કર્યો ઈનકાર

અનન્યા પાંડેને પોતાને લોકો આગામી વર્ષોની આલિયા ભટ્ટ કહે તે પસંદ નથી. તાજેતરમાં એક કાર્યક્રમમાં હોસ્ટ દ્વારા અનન્યાને ચાહકો દ્વારા ભાવિ આલિયા તરીકે ઓળખાવાય છે તે પ્રકારે સંબોધન કરતાં અનન્યા પાંડેએ આ સંબોધન સ્વીકારવા ઈનકાર કરી દીધો હતો. અનન્યા પાંડેએ કહ્યું હતું કે આલિયા તો બહુ ઉમદા અભિનેત્રી છે. લોકો મને તેની સાથે સરખાવે તે મારા માટે બહુ મોટું સન્માન છે. પરંતુ, વાસ્તવમાં હું તેના સ્તરે નહીં પહોંચી શકું એ હકીકત છે. ઉલ્લેખનીય છે કે આલિયા અને અનન્યા વચ્ચે કેટલીક સમાનતાઓના કારણે તેમની સરખામણી કરી રહી છે. આલિયાએ 'સ્ટુડન્ટ ઓફ ધી યર' ફિલ્મથી કારકિર્દી શરુ કરી હતી. અનન્યાએ આ જ ફિલ્મની બીજી ફ્રેન્ચાઈઝીથી પોતાની કારકિર્દી શરુ કરી હતી. બંને નેપો કિડ છે અને બંનેની કારકિર્દી આગળ વધારવામાં કરણ જોહરની ભૂમિકા મહત્વની રહી છે. આલિયા ભટ્ટ પણ શરુઆતમાં પોતાની એક્ટિંગ માટે બહુ ટ્રોલ થઈ હતી જોકે બાદમાં તેણે પોતાની એક્ટિંગમાં બહુ સુધારો કર્યો હતો અને ધીમે ધીમે તે બોલીવૂડની ટોચની એક્ટ્રેસ બની હતી. અનન્યા પણ હાલ તેની એક્ટિંગ માટે સતત ટ્રોલ થાય છે. જોકે, 'ગહેરાઈયાં'માં તેનું કામ અનેક ચાહકોને પસંદ આવ્યું હતું.



### ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ચમકતા સિતારાઓની યાદીમાં આલિયા ભટ્ટ મોખરે છે

# પ્રમોશનથી ફિલ્મ હિટ ન થાયઃ આલિયા ભટ્ટ

## આલિયાએ કહ્યું, સો વખત એકનું એક જૂઠ્ઠાણું બોલવાથી તે હકીકત બની જતું નથી

ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ચમકતા સિતારાઓની યાદીમાં આલિયા ભટ્ટ મોખરે છે. આલિયાએ સંખ્યાબંધ હિટ ફિલ્મો આપેલી છે અને તેથી જ આલિયાની હાજરી માત્રથી ફિલ્મની સફળતા સુનિશ્ચિત થતી હોવાનું ઘણાં ફિલ્મમેકર્સ માને છે. ફિલ્મની સફળતામાં લીડ સ્ટાર્સ જેટલું જ મહત્ત્વ પ્રમોશન સ્ટ્રેટેજીનું છે. દમદાર પીઆર અને પ્રમોશનના જોરથી નબળી ફિલ્મો પણ હિટ બનતી હોવાની માન્યતા છે. જો કે આલિયાનો વાસ્તવિક અનુભવ અલગ છે. આલિયાનું છે કે, ફિલ્મની સફળતાનું શ્રેય પ્રમોશનને આપી શકાય નહીં. કોઈ ફિલ્મ સફળ રહે તો તેનું કારણ એ ફિલ્મ પોતે જ છે. પ્રભાવશાળી પ્રમોશન કરવાથી કોઈ પણ નબળી ફિલ્મને બચાવી શકાતી નથી. ફિલ્મની રિલીઝ પૂર્વે લીડ સ્ટાર્સ વચ્ચે અફેરની અફવા શરૂ કરાવવાનું કે ઝઘડાની વાતો વહેતી કરવાનું ચલણ અગાઉના જમાનામાં હતું. આ પ્રકારના ગતકડાંથી ફિલ્મને ચર્ચામાં રાખવામાં અને ઓડિયન્સમાં ઉત્સુકતા ઊભી કરવામાં સફળતા મળતી હોવાની છાપ હતી. બદલાયેલા સમયમાં ઓડિયન્સ સ્માર્ટ થઈ ગયું છે. વળી, સોશિયલ મીડિયાના કારણે પોતાના ફેવરિટ સ્ટાર્સ સાથેની તેમની નિકટતા પણ વધી છે. સ્ટાર્સના વર્કઆઉટ, ડાયેટથી માંડીને રોજિંદા જીવનની અપડેટ્સ પણ ફોલોઅર્સ પાસે રહેતી હોય છે. આ સ્થિતિમાં મોટી અને ખોટી ચર્ચાઓ ઊભી કરવી પબ્લિસિટી મેળવવાનું અઘરું બન્યું છે. આલિયા ભટ્ટ માને છે કે, નવા જમાનામાં જૂની ઢબની પ્રમોશનલ સ્ટ્રેટેજી બિનઅસરકારક છે. ફિલ્મને હિટ બનાવવા માટે કન્ટેન્ટ દમદાર હોવું જોઈએ. આ અંગે પોતાનો મત સ્પષ્ટ કરતાં આલિયાએ કહ્યું હતું કે, પીઆરની મદદથી ખરાબ ફિલ્મને બચાવી શકાતી નથી. પીઆર સારું હોય તો ફિલ્મ સફળ રહે છે. જો કે માત્ર પીઆરના કારણે જ કોઈ ફિલ્મ ચાલી જાય, તેવું કહેવું વધારે પડતું છે. આમ, આ મામલે ભેદરેખા સમજવાનું જરૂરી છે. આલિયા અત્યારે બે ફિલ્મોના કારણે ચર્ચામાં છે. આ બંને ફિલ્મમાં આલિયાએ એક્શન રોલ કર્યા છે. અગાઉની ફિલ્મોમાં ગ્લેમરસ અંદાજમાં જોવા મળેલી આલિયાનો નવો અવતાર આવી રહ્યો છે. જેમાંથી 'જિગરા'નું પ્રમોશન હાલ પૂરજોશમાં ચાલી રહ્યું છે. શર્વરી વાઘ સાથેની 'આલ્ફા' અત્યારે પ્રોડક્શન સ્ટેજમાં છે. ઓડિયન્સના મનમાં આલિયાની ગ્લેમરસ ઈમેજ છે, પણ આગામી બંને ફિલ્મો માટે તેણે નવી ઈમેજ ઊભી કરવાની છે. આલિયા અને તેની ટીમ આ બાબતે સભાન છે. આલિયાનું માનવું છે કે, લાઈમલાઈટમાં રહેવા માટે પોતાના જીવન કે એક્ટિવિટી વિષે વાત કરવાનું સહજ છે, પરંતુ કોઈ વ્યક્તિ આ હકીકતોની મદદથી જૂઠ્ઠાણાં ફેલાવવાનું શરૂ કરે ત્યારે પરિસ્થિતિ કફોડી બની જાય છે. આવા સંજોગોમાં વ્યક્તિએ જૂઠ્ઠાણાં ફેલાવતા લોકોને ટપારવા જોઈએ.



# જન કલ્યાણલક્ષી વિવિધ સેવાઓ અને યોજનાઓનો લાભ ઘર આંગણે

## ધારાસભ્ય મહેશ ભુરીયાએ તમામ લાભાર્થીઓને સરકારની સેવાઓ અચૂક લેવા માટે જણાવ્યું


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૪ ।

રાજ્ય સરકારની જન કલ્યાણલક્ષી વિવિધ સેવાઓ અને યોજનાઓનો લાભ નાગરિકા ને સરળતાથી ઘરઆંગણે મળી રહે તેવા પારદર્શી અભિગમ તેમજ સુશાસન નેમ સાથે રાજયવ્યાપી સેવા સેતુ કાર્યક્રમના ૧૦ મા તબક્કાનો રાજયવ્યાપી પ્રારંભ થયો છે. મહત્વનું છે કે, આગામી તા.૩૧ ઓક્ટોબર સુધી રાજયભરમાં યોજાનાર આ સેવા સેતુ કાર્યક્રમમાં રાજ્ય સરકારના વિવિધ વિભાગોની ૫૫ જેટલી જનકલ્યાણલક્ષી સેવા-સુવિધા સેવા સેતુમાં નાગરિકોને સ્થળ પર પૂરી પાડવાનો ઉદ્દેશ્ય છે. રાજ્ય સરકારના સેવાસેતુ કાર્યક્રમના માધ્યમથી અરજદારો ના પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ આવી રહ્યું છે. રાજ્ય સરકારના પારદર્શી અભિગમ સુશાસન વ્યવસ્થા અંતર્ગત સેવા સેતુ કાર્યક્રમ દ્વારા નાગરિકોની વિવિધ સમસ્યાઓનું નિવારણ અરજદારોને ત્વરાએ મળી રહે તે માટે પારદર્શી શાસન વ્યવસ્થા કાર્યરત છે. સેવા સેતુ કાર્યક્રમ એ રાજ્ય સરકારના જનકલ્યાણલક્ષી અભિગમનું એક પરિમાણ છે. સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી અરજદારોની અરજીઓનો સ્થળ પર જ હકારાત્મક રીતે ઉકેલ આવી રહ્યો છે. સેવા સેતુ કાર્યક્રમ નિમિતે આજ રોજ દાહોદ જિલ્લામાં ઝાલોદ તાલુકાના ધાવડીયા ખાતે ગ્રામ્ય સેવા સેતુ કાર્યક્રમ ધારાસભ્યશ્રી મહેશભાઈ ભુરીયાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમ્યાન ધારાસભ્ય સહિત અન્ય મહાનુભાવો દ્વારા ત્યાં ઊભા કરવામાં આવેલ સ્ટોલની મુલાકાત લેવામાં આવી હતી, એ સાથે ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા આવેલ તમામ લાભાર્થીઓને લાભ અચૂક લેવા માટે જણાવ્યું હતું. ધાવડીયા ખાતે આયોજિત સેવા સેતુ કાર્યક્રમમાં મામતલદાર, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા, જિલ્લા પંચાયતના સભ્યો, તાલુકા પંચાયત પ્રમુખ, વિવિધ ગામના સરપંચો, તાલુકા વિકાસ અધિકારી ગઢવી, ગામના અગ્રણીઓ, પદાધિકારીશ્રીઓ, મહાનુભાવો અને મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જ્યૂસ કોસ્મેટિક્સ દ્વારા સુપરસેફ પ્રોડક્ટ કલેક્શન લોન્ચ અને ફેસ ઓફ જ્યૂસ ક્રાઉનિંગ સમારોહનું આયોજન

। લખનૌ, તા.૪ ।

બ્યુટી ઈનોવેશનમાં અગ્રેસર, જ્યુસ કોસ્મેટિક્સે ૪ ઑક્ટોબર, ૨૦૨૪ના રોજ લખનૌની તાજમહેલ હોટેલમાં એક પ્રેસ કોન્ફરન્સનું આયોજન કર્યું હતું. આ ઈવેન્ટ એ સમગ્ર ભારતમાંથી સૌંદર્ય ઉદ્યોગમાં 'વિશ એ કલર, વી ડિલિવર' હરીફાઈના એક દાયકાની સફળતા અને શ્રેષ્ઠતાના સાથે સાથે સહભાગીઓની સર્જનાત્મકતાનું પ્રદર્શનના શિખરને ચિહ્નિત કર્યું હતું, જેની માટે આ ઉજવણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં અગ્રિતિ ખુરાનાને તેના વિજેતા નેઈલ પોલીશ શેડ 'એગ્રીતીના લટ્ટે' માટે ફેસ ઓફ જ્યૂસ તરીકે તાજ પહેરાવવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં જ્યૂસ કોસ્મેટિક્સે તેના નવીનતમ સુપરસેફ પ્રોડકટ કલેક્શનઃ સુપરસેફ કલર મેક્સ લિપસ્ટિક અને પ્લેઅપ લિપ ક્રેયોન કલેક્શન લોન્ચ કરવાની પણ જાહેરાત કરી હતી. પ્રેસ કોન્ફરન્સના દિવસે લાઈવ થયેલી નવી પ્રોડકટ



લોન્ચ સાથે સુસંગત થવા માટે બ્રાન્ડે તેની વેબસાઈટને સુધારીને એક મહત્વપૂર્ણ પગલું આગળ વધાર્યું હતું. અન્ય ઘણા સહભાગીઓમાંથી સ્પર્ધાની વિજેતાઅગ્રિતિ ખુરાના એ તેના અનન્ય કોફી પ્રેરિત નેઈલ પોલીશ શેડ અને સુંદરતા પ્રત્યેના તેના જુસ્સાથી પ્રેક્ષકોને મોહિત કર્યા. સ્વ-અભિવ્યક્તિ પ્રત્યેની તેણીની પ્રતિબદ્ધતા જ્યુસ કોસ્મેટિક્સના સ્વપ્રદ્રષ્ટા વિચારોની ઉજવણીના મિશન સાથે પડઘો પાડે છે.

# દેત્રોજ ખાતે તાલુકા કક્ષાનો સેવાસેતુ કાર્યક્રમ યોજાયો



। (માહિતી) અમદાવાદ, તા.૪ ।

રાજ્ય સરકારના વિવિધ વિભાગોની સુવિધાઓનો નાગરિકોને પ્રત્યક્ષ લાભ પૂરો પડવાના ઉદ્દેશ સાથે રાજ્યભરમાં ૩૧ ઓકટોબર સુધી સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ જિલ્લાના તાલુકાઓમાં પણ સેવા થકી સુશાસનના મંત્રને સાર્થક કરતા સેવાસેતુ કાર્યક્રમો થકી નાગરિકોને વિવિધ યોજનાઓ અને સેવાઓ તેમના સ્થાને ઉપલબ્ધ કરાવવામાં આવે છે. અમદાવાદના દેત્રોજ તાલુકામાં તાલુકા કક્ષાનો સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. દેત્રોજ ખાતે યોજાયેલા સેવાસેતુ કાર્યક્રમમાં લાભાર્થી ઓને વિધવા સહાય અને વૃદ્ધ સહાયના હુકમોનુંવિતરણકરવામાંઆવ્યુંહતું.આઉપરાંત,તાલુકા કક્ષાના સેવા સેતુ કાર્યક્રમમાં રાજ્ય સરકારની વિવિધ યોજનાકીય સેવાઓ જેવી કે, ગંગા સ્વરૂપા આર્થિક સહાય, રેશનકાર્ડ ઈ-કેવાયસી, આવક તથા જાતિના દાખલા, પીએમ કિસાન ઈ-કેવાયસી, આધાર-કાર્ડ, ઘરેલુ વીજ જોડાણ, બેંકિંગને લગતી સેવાઓ, જન્મ મરણના પ્રમાણપત્રો, ૭/૧૨, ૮-અની નકલો જેવી સેવાઓનો નાગરિકોને લાભ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિતોને સ્વચ્છતાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. દેત્રોજ તાલુકાના જીવાપુરા, સંગપુરા, દેત્રોજ, હઠીપુરા, કુકવાવ, મારુસણા, નાથપુરા, ઈન્દ્રપુરા, ઘેલડા, દામોદરી પુરા, દેકાવાડા, રતનપુરા, નાના કરણપુરા, મોટા કરણપુરા સહિતના ૧૪ ગામોના નાગરિકોએ સેવા સેતુ કાર્યક્રમમાં વિવિધ લાભો મેળવ્યા હતા.

# સાણંદ ખાતે બાગાયતી પાકોમાં પ્રાકૃતિક કૃષિ અંગેનો પરિસંવાદ યોજાશે

। (માહિતી) અમદાવાદ, તા.૪ ।

નાયબ બાગાયત નિયામકની કચેરી, અમદાવાદ દ્વારા જિલ્લાના ખેડૂતો માટે સાણંદ તાલુકાના ઝાંપ ગામે ૫ ઓક્ટોબરના રોજ બાગાયતી પાકોમાં પ્રાકૃતિક કૃષિ અંગે પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં ખેડૂતોને બીજામૃત જીવામૃત જેવા આયામો, આચ્છાદન, વાપસા જેવી કૃષિ પદ્ધતિઓ સહિત પાક સરક્ષણ અને આંતરપાક સહિતની પ્રાકૃતિક કૃષિ પદ્ધતિઓ બાબતે માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ જિલ્લામાં બાગાયતી પાકોમાં ખેડૂતો દ્વારા અપનાવવામાં આવેલી પ્રાકૃતિક કૃષિના પરિણામે જિલ્લામાં બાગાયતી પાકોમાં વાવેતર સારા એવા પ્રમાણમાં વધ્યું છે. પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ જેવા કાર્યક્રમો જિલ્લાના ખેડૂતોને વધુ પ્રમાણમાં પ્રાકૃતિક કૃષિ અપનાવવા તરફ પ્રોત્સાહિત કરશે.

# પંડિત શ્યામજી કૃષ્ણ વર્માની ૧૬૬મી જન્મજયંતિ નિમીત્તે વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી દ્વારા વિધાનસભા પોડિયમ ખાતે તેમના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરાઈ

। (માહિતી) ગાંધીનગર, તા.૪ ।



વિદેશમાં રહીને ભારતની આઝાદીના ચળવળમાં પોતાનું અમુલ્ય યોગદાન આપનાર સ્વાતંત્ર્ય સેનાની પંડિત શ્યામજી કૃષ્ણ વર્માની ૧૬૬મી જન્મજયંતિ નિમીત્તે ગુજરાત વિધાનસભા પોડિયમ ખાતે આવેલા તેમના તૈલચિત્રને વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી અને ગુજરાત સરકારના પૂર્વ મંત્રી શ્રી બાબુભાઈ શાહે પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ શ્રદ્ધાસુમન પાઠવ્યા બાદ જણાવ્યું હતું કે, પંડિત શ્યામજી કૃષ્ણ વર્માનો જન્મ કચ્છના માંડવી ખાતે થયો હતો, તેમનું પ્રારંભિક શિક્ષણ માંડવી તથા ભૂજ ખાતે, ઉચ્ચ શિક્ષણ મુંબઈ માંથી મેળવી, ઈંગ્લેન્ડ જઈ બેરિસ્ટર થયા હતા. શિક્ષણ પૂર્ણ કર્યા બાદ ભારત પાછા ફરી જહાલપક્ષી રાજકારણમાં જોડાયા હતા. ત્યારબાદ તેઓ ઈંગ્લેન્ડ વસવાટ માટે ગયા અને ત્યાં વર્ષ ૧૯૦૫માં ઈન્ડિયન સોશિયાલિસ્ટ પત્ર શરૂ કરી ઈંગ્લેન્ડ હોમરૂલ લીગની સ્થાપના કરી હતી. તેમણે ભારતથી ઈંગ્લેન્ડમાં અભ્યાસાર્થે જનાર વિદ્યાર્થીઓને રહેવાની સગવડ માટે ઈન્ડિયા હાઉસની સ્થાપના કરી હતી. વધુમાં અધ્યક્ષ શ્રીએ જણાવ્યું હતું કે, પંડિત શ્યામજી કૃષ્ણ વર્માએ વિદેશમાં રહીને ભારતની આઝાદીમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું હતું. તેમનું સ્વપ્ર હતું કે, તેમના અસ્થીઓને ભારતમાં લઈ જવામાં આવે. તેમના મૃત્યુ બાદ તેમના અસ્થિઓને જિનીવા ખાતે સુરક્ષિત રાખવામાં આવ્યા હતા. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આઝાદીના ૫૫ વર્ષો બાદ સ્વિત્ઝર્લેન્ડથી તેમના અસ્થિને દેશમાં લાવી તેમના અંતિમ સ્વપ્રને સાકાર કર્યું હતું.

આ વેળાએ ગુજરાત વિધાનસભાના ઈન્ચાર્જ સચિવ શ્રી સી.બી. પંડ્યા, વિધાનસભાના સંયુક્ત સચિવ શ્રી રીટા મહેતા સહિત વિધાનસભાના અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# સાણંદ, બાવળા, વિરમગામ, દસ્ક્રોઈ, ધંધુકા અને ધોલેરા તાલુકાઓમાં સેવાસેતુ કાર્યક્રમનું આયોજન

। (માહિતી) અમદાવાદ, તા.૪ ।

રાજ્ય સરકારના વિવિધ વિભાગોની સુવિધાઓનો નાગરિકોને પ્રત્યક્ષ લાભ પૂરો પડવાના ઉદ્દેશ સાથે રાજ્યભરમાં ૩૧ ઓકટોબર સુધી સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ જિલ્લાના તાલુકાઓમાં પણ 'સરકાર આપને દ્વાર' અને 'સેવા થકી સુશાસન'ના મંત્રને સાર્થક કરતા સેવાસેતુ કાર્યક્રમો દ્વારા નાગરિકોને વિવિધ યોજનાઓ અને સેવાઓ તેમના સ્થાને ઉપલબ્ધ કરાવવામાં આવે છે. તાલુકા કક્ષા અને નગરપાલિકા કક્ષાએ થતા સેવાસેતુ કાર્યક્રમો અંતર્ગત તારીખ ૦૫ ઓકટોબરના રોજ અમદાવાદ જિલ્લાના સાણંદ, બાવળા, વિરમગામ, દસ્ક્રોઈ, ધંધુકા અને ધોલેરા તાલુકાઓમાં કાર્યક્રમોનું આયોજન થનાર છે. વિરમગામની કમીજલા પ્રાથમિક શાળા ખાતે, ધંધુકાની આકરુ પ્રાથમિક શાળા ખાતે, ધોલેરાની સાંગાસર પ્રાથમિક શાળા ખાતે, દસ્કોઈના વહેલાલ ખાતે, બાવળા ની બગોદરા પ્રાથમિક શાળા ખાતે તેમજ નગરપાલિકા હોલ, સાણંદ યોજાનારા સેવાસેતુ કાર્યક્રમોમાં નાગરિકોને રાજ્ય સરકારની યોજનાઓ અને વિવિધ વિભાગોની સેવાઓના લાભો પૂરા પાડવામાં આવશે.

# શ્રી બી.પી. અગ્રવાલ હાઈસ્કૂલ, લીમડી ખાતે ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજવામાં આવ્યું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૪ ।

જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર તેમજ જિલ્લા શિક્ષણ તાલીમ ભવન, દાહોદના સંયુક્ત ઉપક્રમે લાલબહાદુર શાસ્ત્રી શાળા વિકાસ સંકુલ-૫, શ્રી બી. પી.અગ્રવાલ હાઈસ્કૂલ, લીમડી ખાતે ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેમાં કુલ-૨૮ શાળાઓએ ભાગ લઈ કુલ-૫ વિભાગમાં થઈને ૫૪ કૃતિઓ રજૂ કરી હતી.

જિલ્લા શિક્ષણ તાલીમ ભવન, દાહોદના પ્રાચાર્ય શ્રી રાજેશભાઈ મુનિયા સાહેબ દ્વારા વિદ્યાર્થી ઓને પ્રેરક ઉદ્બોધન આપી


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

માહિતગાર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં અન્ય સંસ્થામાંથી પધારેલ આચાર્યશ્રીઓ તેમજ ક્યુ.ડી.સી. કન્વીનર આચાર્ય રમેશભાઈ બારીયા દ્વારા પ્રસંગ અનુસાર વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા બદલ સમગ્ર સ્ટાફ પરિવારની કામગીરીને શાળાના આચાર્યશ્રી અશોકભાઈ શર્મા સાહેબ દ્વારા બિરદાવવામાં આવી હતી.

# બ્રહ્મક્ષત્રિય (ખત્રી) મિત્ર મંડળ દ્વારા થરાથી શ્રી હિંગળાજ માતાજી ધનકવાડા સોળમો પગપાળા સંઘ યોજાયો


તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૪ ।

બ્રહ્મક્ષત્રિય (ખત્રી) મિત્રમંડળ, થરા દ્વારા વર્ષોની પરંપરા મુજબ થરા થી શ્રીહિંગળાજ માતાજી ધનકવાડા સોળમો પગપાળા સંઘ આસો સુદ બીજને શુક્રવાર તા. ૪/૧૦/૨૦૨૪ ના રોજ કાઢવામાં આવ્યો હતો.સંઘના મનોરથી સ્વ. અશોકભાઈ નરભેરમદાસ મામતોરા પરિવાર તરફથી સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. યાત્રીએ માનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી. બ્રહ્મક્ષત્રિય મિત્ર મંડળના સભ્ય પ્રવિણભાઈ માધુ સુરેશભાઈ ગરાછ, હરિભાઈ છાટ બર, વીરેન્દ્રભાઈ મામતોરાએ ખૂબ જ મહેનત કરી સંઘને સફળ બનાવ્યો હતો.

# ડિઝની હોટસ્ટાર પર ધ લીજેન્ડ ઓફ હનુમાન સીઝન ૫ ૨૫મી ઓક્ટોબરથી રિલીઝ થશે

। મુંબઈ, તા.૪ ।

સાહસ, બહાદુરી, પવિત્રતા અને ભાવનાઓની વાર્તા, ડિઝની હોટસ્ટાર દ્વારા ધ લીજેન્ડ ઓફ હનુમાન સીઝન ૫ની ઘોષણા કરવામાં આવી છે, જ્યાં હનુમાન અલગ અલગ અવતારમાં જોવા મળશે. અદભુત વિઝ્યુઅલ્સ, રોમાંચક ગ્રાફિક્સ અને વફાદારી તથા બહાદુરીની થીમોમાં ઊંડાં મૂળિયાં ધરાવતી વાર્તારેખા સાથે દર્શકો મોહિત થવા માટે સુસજ્જ છે. આ મોસમ દર્શકોને મંત્રમુગ્ધ કરનારા પ્રવાસે લઈ જશે, કારણ કે તેમાં હનુમાનનો પંચમુખી અવતાર જોવા મળવાનો છે, જે બેજોડ શક્તિ અને વિવેકવિચાર ધરાવે છે.




ગ્રાફિક ઈન્ડિયા, શરદ દેવરાજન, જીવન જે કાંગનું નિર્માણ, શરદ કેળકર અને દમન બાગનના અવાજ સાથે ડિઝની હોટસ્ટારની ધ લીજેન્ડ ઓફ હનુમાન સીઝન ૫ ૨૫મી ઓક્ટોબર, ૨૦૨૪થી તમને જકડી રાખવા માટે આવી રહી છે.

# ઔદ્યોગિક તાલીમ સંસ્થા સરસપુરના તાલીમાર્થીઓએ સ્વચ્છ ભારત મિશન અન્વયે સ્વચ્છતાના શપથ લીધા





। (માહિતી) અમદાવાદ, તા.૪ ।

સ્વચ્છતા હી સેવા અભિયાન-૨૦૨૪ અંતર્ગત ઔદ્યોગિક તાલીમ સંસ્થા સરસપુર ખાતે તમામ સ્ટાફ તેમજ તાલીમાર્થીઓ દ્વારા સ્વચ્છ ભારત મિશન અન્વયે સ્વચ્છતાના શપથ લીધા હતા.

આ કાર્યક્રમ અંતર્ગત તાલીમાર્થીઓએ તમામ ટ્રેડ વર્કશોપની સાફ સફાઈ, સ્વચ્છતા સંબંધિત પેઈન્ટિંગ કોમ્પિટિશન તેમજ ''એક પેડ મા કે નામ''અભિયાન હેઠળ વૃક્ષારોપણ જેવી વિવિધ પ્રવૃત્તિઓમાં પણ આયોજિત કરવામાં આવી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારા સ્વાસ્થ્ય વિશે ચિંતા કરતા નહીં, કેમ કે આવું કરવાથી તમારી બીમારી વકરી શકે છે. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. તમારો વધારાનો સમય નિઃસ્વાર્થ સેવામાં સમર્પિત કરો. આ બાબત તમને આનંદ આપશે તથા તમારા પરિવારને પણ અપાર આનંદ આપશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. ભૂતકાળમાં તમારા પ્રિયપાત્રએ દાખવેલી ઉદાસીનતા માટે માફી આપી તમે તમારા જીવનને વધુ લાયક બનાલશો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે સંતપુરૂષ પાસેથી મળેલું દિવ્ય જ્ઞાન તમને આશ્વાસન અને રાહત પૂરી પાડશે. જો ભવિષ્ય માં તમારે નાણાકીય રીતે મજબૂત થવું છે તો આજ થીજ ધન ની બચત કરો. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. પ્રિયપાત્ર સાથે કૅન્ડલ લાઈટમાં ભોજન શૅર કરશો. અનુભવી લોકો સાથે આજે જોડાણ કરજો અને તેઓ શું કહે છે તેમાંથી શીખો.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દ્રઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. તમે જો તમારા ભાગીદારોના મતને નજરઅંદાજ કરશો તો તેઓ ધીરજ ખોઈ બેસશે. તમારૂં પ્રેમ જીવન આયુષ્યભરના બંધનમાં પરિણમશે અને લગ્નનો પ્રસ્તાવ મળશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારા સ્વાસ્થ્યમાં સુધારો લાવે એવી બાબતો પર કામ કરવા માટે લાભદાયક દિવસ. આજે તમને ધન ખર્ચવા ની જરૂર નહિ પડે કેમકે ઘર ના કોઈ મોટા આજે તમને ધન આપી શકે છે. તમારા ઉદાર વર્તનનો લાભ તમારા મિત્રોને ન લેવા દો. પ્રેમ પ્રકરણમાં બળપૂર્વક કામ લેવાનું ટાળો. રચનાત્મક ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો માટે સફળતાભર્યો દિવસ કેમ કે લાંબા સમયથી જેની વાટ જોવાતી હતી.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે અપાર ઊર્જા અને ઉત્સાહ તમને ઘેરી વળશે અને તમારી સામે આવનારી કોઈપણ તક તમે તમારા ફાયદા માટે ઉપયોગમાં લેશો. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે. જો તમે આજે આજે પ્રેમ કરવાની તક નહીં ગુમાવો તો, આ દિવસ તમે તમારા આખા આયુષ્યમાં નહીં ભૂલી શકો.

**તુલા (ર,ત) :**
આજના દિવસે મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. તમારા જીવનસાથીની તબિયત ચિંતાનું કારણ બની શકે છે તથા તબીબી મદદની જરૂર પડશે. શું કરવું એ બાબતે તમે જો સરમુખ્યત્યાર જેવું વર્તન કરશો તો તમારા પ્રેમી-પ્રેમિકા સાથે તમને ગંભીર સમસ્યાઓ થશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તબિયતની ધ્યાન રાખવાની ચોક્કસ જરૂર છે. આજ માટે તમારો સફળતા મંત્ર હોવો જોઈએ-તમારા નાણા એવા લોકોની સલાહ મુજબ રોકવા જોઈએ જેઓ કશુંક નવું કરવામાં માને છે તથા સારા અનુભવોને યાદ રાખો. સંબંધીઓ સાથે વિતાવેલો સમય તમારા લાભમાં રહેશે. તમારી વાત સાચી સાબિત કરવા માટે તમે આજ ના દિવસે તમારા જીવનસાથી સાથે ઝઘડો કરી શકો છો.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારૂં મંતવ્ય વ્યક્ત કરતા અચકાતા નહીં. આત્મવિશ્વાસની કમીને તમારા પર અંકુશ જમાવવા ન દો કેમ કે એનાથી તમારી સમસ્યાઓની ગૂંચવણ ઓર વધશે અને તમારો વિકાસ મંદ પડશે. આત્મવિશ્વાસ પાછો મેળવવા માટે તમારી જાતને વ્યક્ત કરો તથા સમસ્યા સાથે પનારો પાડવા ખુલ્લા દિલે સ્મિત કરો. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું.

**મકર (ખ,જ) :**
આજના દિવસે બ્લ્ડ પ્રૅશરના દરદીઓ લોહીનું દબાણ ઘટાડવા રૅડ વાઈનની મદદ લઈ શકે છે અને કૉલૅસ્ટ્રૉલનું પ્રમાણ નીચું રાખી શકે છે. આનાથી તેમને વધુ રાહત થશે. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે સંઘર્ષ ટાળો કેમ કે એનાથી તમારી બીમારી ઓર વકરી શકે છે. આર્થિક સંકળામણથી બચવા માટે તમારા બજેટને વળગી રહો. પારિવારિક પ્રસંગમાં નવા મિત્રો બનશે.પણ તમારી પસંદગીમાં સાવચેત રહેજો. સારા મિત્રો ખજાના જેવા હોય છે જે તમે હંમેશાં સાચવવા માગો છો. તમારો પ્રણય સાથીદાર તમારી ખુશામત કરશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે વ્યસ્ત સમયપત્રક છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સત્ય હકીકત છે એ બાબત અનુભવજો. તમારા માતા પિતા આજે તમારી ફિઝૂલખર્ચી જોઈ ચિંતિત થયી શકે છે અને તમને તેમના ગુસ્સા નો ભોગ બનવો પડી શકે છે. જેઓ સંવેદનશીલ પુનરાશ્વાસન શોધી રહ્યા છે.







નવી દિલ્હીમાં કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથ સિંહ સોસાયટી ઓફ ઈન્ડિયન ડિફેન્સ મેન્યુફેક્ચરર્સ (SIDM) ના સાતમા વાર્ષિક સત્રમાં હાજર રહ્યા હતા.

### 'પાર્ટીમાં બોજારૂપ હતા...'

# હરિયાણા પૂર્વ સાંસદ કોંગ્રેસમાં જોડાતા ભાજપે આપ્યું રિએક્શન

**પૂર્વ સાંસદ અશોક તંવર મહેન્દ્રગઢમાં એક રેલી દરમિયાન રાહુલ ગાંધીની હાજરીમાં કોંગ્રેસ પરત ફર્યા છે**

। (એજન્સી) હરિયાણા, તા.૪ ।

હરિયાણા વિધાનસભા ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસે ભાજપને મોટો ઝટકો લાગ્યો છે. પૂર્વ સાંસદ અશોક તંવર મહેન્દ્રગઢમાં એક રેલી દરમિયાન રાહુલ ગાંધીની હાજરીમાં કોંગ્રેસ પરત ફર્યા છે. જેને પગલે બીજેપી સતત અશોક તંવરને નિશાન બનાવી રહી છે. ભાજપના નેતા સૈયદ શાહનવાઝ હુસૈને જણાવ્યું હતું કે, અશોક તંવર ભાજપમાં બોજ હતા. સીટીંગ સાંસદ સુનિતા દુગ્ગલની ટિકિટ કાપીને તેમને ટીકિટ આપી હતી, તેઓ લાખો મતોથી જીત્યા હતા. શાહનવાઝ હુસૈને જણાવ્યું હતુ કે, "અશોક તંવર કોંગ્રેસમાં જોડાવાથી શું ફાયદો? ત્યાં જઈને પણ તેમને કંઈ નહીં મળે. જે લોકો વધુ પડતા પક્ષ બદલે છે તેઓને વધુ સમસ્યાઓનો સામનો કરવો પડે છે. પૂર્વ સીએમ ભૂપેન્દ્ર સિંહ હુડ્ડા સાથે મતભેદ બાદ અશોક તંવરે લગભગ પાંચ વર્ષ પહેલા કોંગ્રેસ છોડ્યું હતું. આ પછી તેણે અપના ભારત મોરચા નામની પાર્ટી બનાવી. ૨૩ નવેમ્બર ૨૦૨૧માં મમતા બેનર્જીની ટીએમસીમાં જોડાયા. ૪ એપ્રિલ ૨૦૨૨ના રોજ આમ આદમી પાર્ટીમાં જોડાયા. પરંતુ આ વર્ષે લોકસભા ચૂંટણી પહેલા અશોક તંવર ૨૦ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા. બીજેપીએ તેમને સિરસા લોકસભા સીટથી મેદાને ઉતાર્યા પરંતુ કોંગ્રેસના કુમારી સેલજા સામે ૨,૬૮,૪૯૭ મતોથી હારનો સામનો કરવો પડ્યો હતો.હરિયાણા વિધાનસભા ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસે ૩ ઓક્ટોબરના રોજ મહેન્દ્રગઢમાં રાહુલ ગાંધીની રેલી દરમિયાન અશોક તંવર અચાનક ફરી કોંગ્રેસમાં જોડાઈ ગયા. કોંગ્રેસમાં સામેલ થવાના બે કલાક પહેલા જ અશોક તંવર સફીડોન બેઠક પરથી ભાજપના ઉમેદવાર રામકુમાર ગૌતમના કાર્યક્રમમાં હાજર હતા

### હરિયાણામાં ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસે રાહુલ ગાંધી હરિયાણા પહોંચ્યા હતા

# હરિયાણામાં બેરોજગારી માટે મોદી જવાબદાર છે : રાહુલ ગાંધી

**ભાજપ-આરએસએસ મળીને દેશમાં સંવિધાનને ખતમ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, પરંતુ કોંગ્રેસ નહીં થવા દે**

। (એજન્સી) નૂંહ, તા.૪ ।

હરિયાણામાં ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસે રાહુલ ગાંધી હરિયાણા પહોંચ્યા હતા. તેમણે અહીં મહેન્દ્રગઢમાં એક જનસભાને સંબોધી હતી. જનસભામાં રાહુલે કહ્યું હતું કે હરિયાણામાં બેરોજગારી છે અને તેના માટે નરેન્દ્ર મોદી જવાબદાર છે. તેમણે કહ્યું હતું કે અગ્નિવીર યોજનાનો ઉદ્દેશ્ય યુવાનોને મજૂર બનાવવાનો છે. તેમના તમામ પૈસા અદાણી ડિફેન્સમાં જઈ રહ્યા છે. જાહેરસભા દરમિયાન ભાજપની ટિકિટ પર સિરસાથી લોકસભાની ચૂંટણી લડેલા અશોક તંવર કોંગ્રેસમાં જોડાયા હતા. આ પહેલા રાહુલે નૂહમાં પણ જનસભાને સંબોધિત કરી હતી. અહીં તેમણે કહ્યું હતું કે હવે મોદી ૫૬ ઈંચની છાતીની વાત નથી કરી રહ્યા. તેમનો ચહેરો સાવ બદલાઈ ગયો છે. આ સાથે રાહુલે કોંગ્રેસના ઉમેદવારોના પક્ષમાં મતદાન કરવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે ભાજપને વોટ ન આપતા. રાજ્યમાં અન્ય નાના પક્ષોને પણ મત આપશો નહીં, કારણ કે તેઓ ભાજપના જ એ, બી અને સીપક્ષો છે. તેમનામાં અને ભાજપમાં કોઈ ફરક નથી. નૂહ મુસ્લિમ પ્રભુત્વ ધરાવતો વિસ્તાર છે, જેને કોંગ્રેસનો ગઢ માનવામાં આવે છે. રાહુલ ગાંધીએ અહીંથી દક્ષિણ હરિયાણાને જીતવાનો પ્રયાસ કર્યો હતો. પોતાના ભાષણમાં તેમણે ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર જોરદાર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું હતું કે ભાજપે દેશમાં નફરત ફેલાવેલી છે. ભાજપ અને આરએસએસ મળીને દેશમાં સંવિધાનને ખતમ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, પરંતુ કોંગ્રેસ આવું નહીં થવા દે. અંબાણી અને અદાણીનું નામ લીધા વિના રાહુલે કહ્યું કે મોદી સરકારે તેના મિત્રો સહિત દેશના ૨૦-૨૫ લોકોની અબજોની લોન માફ કરી દીધી છે, પરંતુ ખેડૂતો માટે કંઈ જ કર્યું નથી.

### મણિપુરમાં હિંસાનો દોર જારી

# મણિપુરમાં હિંસામાં ત્રણનાં મોત ટોળાએ હથિયારો લૂંટી લીધા



। (એજન્સી) મણિપુર, તા.૪ ।

મણિપુરમાં હિંસાનો દોર જારી રહ્યો છે. ઉખરુલ ગામમાં બે જૂથોની વચ્ચે જૂથ અથડામણ દરમિયાન ટોળાએ પોલીસ સ્ટેશન પર હુમલો કર્યો અને હથિયારો લૂંટી લીધા હતા. બીજી બાજુ બે જૂથો વચ્ચે થયેલા ફાયરિંગમાં ત્રણ લોકોના મોત થયા હતા અને અન્ય ૨૦ ઘાયલ થયા હતા. મૃતકોમાં એક મણિપુર રાઈફલ્સનો જવાન છે, તેમ અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું છે. નાગા સમુદાયના બે જૂથોની વચ્ચે અથડામણ પછી ગામમાં પ્રતિબંધ લાગુ કરવામાં આવ્યા અને મોબાઈલ ઈન્ટરનેટ સેવાઓ બંધ કરી દેવામાં આવી છે. એક અધિકારીએ જણાવ્યું કે, ઉખરુલ ગામમાં હિંસા પ્રસર્યા પછી, મોટાભાગના યુવાનોના ટોળાએ વિનો બજાર સ્થિત પોલીસ સ્ટેશન પર હુમલો કર્યો હતો અને સરકારી હથિયારો લૂંટી લીધા હતા.જોકે, લૂંટેલા હથિયારોની સંખ્યા અને હથિયારોના પ્રકારની તાત્કાલિક કોઈ ખરાઈ શકી નથી, કારણ કે તપાસ હજુ ચાલું છે. જોકે, બિનસત્તાવાર સૂત્રોના દાવા મુજબ લૂંટેલા હથિયારોમાં એકે -૪૭ અને ઈન્સાસ રાઈફલો સામેલ છે. સ્થાનિક મીડિયા રિપોર્ટ પ્રમાણે, આ પહેલીવાર છે, જ્યારે નાગા બહુમતી ધરાવતા વિસ્તારમાં કોઈ પોલીસ સ્ટેશન પર હુમલો કરવામાં આવ્યો છે.

એક અધિકારીએ કહ્યું કે, ઉખરુલ પોલીસ સ્ટેશન આસામ રાઈફલ્સ કેમ્પથી થોડેક જ દૂર આવેલું છે.

# હવાના પ્રદૂષણ પર નિર્દેશોના અમલ માટે ખાસ ટાસ્ક ફોર્સની રચના: કેન્દ્ર



। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

નવીદિલ્હીઅનેઆસપાસના વિસ્તારોમાં એર ક્વોલિટી મેનેજમેન્ટ માટેના પંચ (સીએક્યૂએમ)એ સુપ્રીમ કોર્ટને જણાવ્યું છે કે તેણે વાયુ પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે તેના દ્વારા જારી કરાયેલા કાયદાકીય નિર્દેશોના અમલીકરણ પર દેખરેખ રાખવા અને નિરીક્ષણ માટે સ્પેશિયલ એન્ફોર્સમેન્ટ ટાસ્ક ફોર્સની રચના કરી છે.

સર્વોચ્ચ અદાલતમાં દાખલ કરવામાં આવેલા અનુપાલન અહેવાલમાં, એર ક્વોલિટી પેનલે ટાસ્ક ફોર્સ (SETF) ને મદદ કરવા સૂચના આપી હતી. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની સહાય ધરાવતી ૪૦ ફ્લાઈંગ સ્ક્વોડ/નિરીક્ષણ ટીમો તૈનાત કરવામાં આવી છે. આ ટીમો આયોગના કાનૂની નિર્દેશોના ગંભીર ઉલ્લંઘનોને ઓળખવા માટે નિયમિતપણે ગુપ્ત તપાસ કરશે. જસ્ટિસ અભય એસ ઓકાની બનેલી બેન્ચને સીએક્યૂએમે જણાવ્યું હતું કે વાસ્તવિક સ્થિતિની સમીક્ષા કરવા અને તેની માહિતી લેવા અને કમિશન દ્વારા જારી કરાયેલા વિવિધ નિર્દેશો અને આદેશોના ક્ષેત્ર -સ્તરના અમલીકરણ અને પાલનની બારીકાઈથી દેખરેખ રાખવા માટે ETF વારંવાર મળે છે. પેનલે બેન્ચને જણાવ્યું હતુ કે ફ્લાઈંગ સ્ક્વોડ્સે આશરે ૧૮,૯૭૬ સાઈટ્સ/યુનિટ્સ ખાતે તપાસ હાથ ધરી છે.

# લેબનોનમાં હિઝબુલ્લાહ પર ઇઝરાયેલના હવાઇ હુમલામાં ૪૬ના મોત, ૮૫ ઘાયલ

**ઇઝરાયેલના હવાઇદળે પ્રથમ વખત ગુરુવારે લેબનોનની રાજધાની બૈરુતના એક એપોર્ટમેન્ટ પર હુમલો કર્યો હતો અને તેમાં નવ લોકોના મોત થયા હતાં**

। (એજન્સી) બૈરુત, તા.૪ ।



ઈઝરાયેલે લેબનોનમાં આતંકી સંગઠન હિઝબુલ્લાહહને ટાર્ગેટ કરીને છેલ્લા ૨૪ કલાકમાં કરેલા હવાઈ હુમલામાં ઓછામાં આછા ૪૬ના મોત થયા હતા અને બીજા ૮૫ ઘાયલ થયાં હતાં. ઈઝરાયેલના હવાઈદળે પ્રથમ વખત ગુરુવારે લેબનોનની રાજધાની બૈરુતના એક એપોર્ટમેન્ટ પર હુમલો કર્યો હતો અને તેમાં નવ લોકોના મોત થયા હતાં. બીજી તરફ દક્ષિણ લેબનોનમાં હિઝબુલ્લાહહના લડાકુ સામેની લડાઈ ચાલુ કરી હતી. ઈઝરાયેલે બૈરુતના દક્ષિણી ઉપનગરમાં આવેલી હિઝબુલ્લાહહની મીડિયા ઓફિસની ઈમારત પર હવાઈ હુમલો કર્યો હતો. તેમાં હિઝબુલ્લાહની મીડિયા રિલેશન ઓફિસનો ખાતમો બોલાવ્યો હતો. આ હુમલા પહેલાં કોઈ ચેતવણી આપવામાં આવી ન હતી. આ એપાર્ટમેન્ટ સંયુક્ત રાષ્ટ્રના મુખ્યાલય, વડાપ્રધાનની ઑફિસ અને સંસદની નજીકની ઈમારત પાસે આવેલી છે. હિઝબુલ્લાહહના નાગરિક સંરક્ષણ એકમે જણાવ્યું હતું કે તેના સાત સભ્યો માર્યા ગયા હતાં. ઈઝરાયેલ લેબનોનમાં હિઝબુલ્લાહહ સામે જમીની આક્રમણ પણ કરી રહ્યું છે. બીજી તરફ ગાઝામાં હુમલા પણ ચાલુ રાખ્યા હતા. ગાઝામાં બાળકો સહિત ડઝનેક લોકો માર્યા ગયા હતાં. ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું હતું કે દક્ષિણ લેબેનોનમાં સંઘર્ષમાં આઠ સૈનિકોના મોત થયા છે. ૭ ઓક્ટોબર ૨૦૨૩એ હમાસના હુમલા પછીના દિવસથી ઈઝરાયેલ અને હિઝબુલ્લાહહ લગભગ દરરોજ લેબનોન સરહદ પર એકબીજા પર હુમલા કરે છે. ઈઝરાયેલ ઈરાન પર વળતો કરશે તેવી વ્યાપક અટકળો વચ્ચે અમેરિકાના પ્રેસિડન્ટ જો બાઈડેને જણાવ્યું હતું કે ઈરાન સામે ઈઝરાયેલ તાકીદે વળતો હુમલો કરે તેવી તેમને અપેક્ષા નથી. તહેરાને ઈઝરાયેલ પર આશરે ૨૦૦ બેલિસ્ટિક મિસાઈલોથી હુમલો કર્યાના બે દિવસ પછી ગુરુવારે બાઈડેને આ નિવેદન આપ્યું હતું. ઈરાન પર વળતા હુમલાની અમેરિકા ઈઝરાયેલને મંજૂરી આપશે કે નહીં તેવા સવાલના જવાબમાં બાઈડને જણાવ્યું હતું કે સૌ પ્રથમ એ કે અમે ઈઝરાયેલને 'મંજૂરી' આપતા નથી, અમે ઈઝરાયેલને સલાહ આપીએ છીએ. અને આજે કંઇ થવાનું નથી. લેબનોનના આરોગ્ય પ્રધાન ફિરાસ અબિઆદ જણાવ્યું હતું કે હેલ્થ ફેસિલિટી પરના ઈઝરાયેલના હુમલો આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન છે.આ એક યુદ્ધ અપરાધ છે, તેમાં કોઈ શંકા નથી. લેબનોનમાં હિઝબુલ્લાહના હેલ્થ સેન્ટર પરના હુમલા પછી તેમણે આ નિવેદન આપ્યું હતું. ઈઝરાયેલી આર્મીએ ગુરુવારે જાહેરાત કરી હતી કે તેને ત્રણ મહિના પહેલા કરેલા હવાઈ હુમલા દરમિયાન ગાઝામાં હમાસ સરકારના વડા રાહવી મુશ્તાહા અને બીજા બે હમાસ લીડરનો ખાતમો બોલાવ્યો હતો. ગાઝામાં એક ભૂગર્ભ કમ્પાઉન્ડ પરના હુમલા રાહવી મુશ્તાહા અને હમાસના અન્ય બે કમાન્ડર સમેહ સિરાજ અને સમેહ ઓદેહ માર્યા ગયા હતા.

### જૂદા જુદા કાયદા બનાવી લઘુમતી સમાજને ટાર્ગેટ કરાતો હોવાનો આક્ષેપ

# ભારતને 'વિશેષ ચિંતાનો દેશ' જાહેર કરવા USના ધાર્મિક સ્વતંત્રતા પંચની ભલામણ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।



અમેરિકાના આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા કમિશનને તેના વાર્ષિક રીપોર્ટમાં ભારતને 'વિશેષ ચિંતાનો દેશ' જાહેર કરવાની માગણી કરીને આક્ષેપ કર્યો કે ભારતમાં ધાર્મિક સ્વતંત્રતાની સ્થિતિ કથળી રહી છે. નાગરિકતા સુધારો ધારો, એક સમાન નાગરિક સંહિતા અને કેટલાક રાજ્ય-સ્તરના ધર્માંતરણ અને ગૌહત્યા વિરોધી કાયદાઓ દ્વારા ભારતના કાનૂની માળખામાં ફેરફાર કરીને ધાર્મિક લઘુમતીઓને ટાર્ગેટ કરવામાં આવે છે અને તેમના મતાધિકાર છીનવી લેવાનો પ્રયાસ કરવામાં આવે છે. જોકે ભારતે આ તમામ આક્ષેપોને ફગાવી દીધા છે. વરિષ્ઠ નીતિ વિશ્લેષક સેમા હસન દ્વારા લખાયેલ આ રીપોર્ટમાં ભારત નામના સેક્શનમાં આક્ષેપ કરાયો છે કે ભારતમાં સરકારી અધિકારીઓના દ્રેષપૂર્ણ ભાષણો સહિતની ખોટી માહિતીનો ઉપયોગ કરીને ધાર્મિક લઘુમતીઓ અને તેમના પૂજાના સ્થળો પર હિંસક હુમલા માટે ઉશ્કેરણી કરવામાં આવે છે. તેના વાર્ષિક અહેવાલમાં અમેરિકાના આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા કમિશનએ અમેરિકાના વિદેશ વિભાગને ભલામણ કરી છે કે ધાર્મિક સ્વતંત્રતાના વ્યવસ્થિત, નિરંતર અને ગંભીર ઉલ્લંઘન બદલ ભારતને "ખાસ ચિંતાનો દેશ" તરીકે નિયુક્ત કરવો જોઈએ. જોકે વિદેશ વિભાગે આ રીપોર્ટની ભલામણ હજુ સુધી સ્વીકારી નથી. કમિશનને જણાવ્યું હતું કે ૨૦૨૪ દરમિયાન ગૌરક્ષક જેવા ધાર્મિક જૂથોએ વ્યક્તિઓની હત્યા કરી છે. તેમની સાથે મારપીટ કરી હતી અને તેનું મોબ લિચિંગ કર્યુ છે. ધાર્મિક નેતાઓની મનસ્વી રીતે ધરપકડ કરવામાં આવી છે તથા ઘરો અને પૂજા સ્થાનોને તોડી પાડવામાં આવ્યા છે.

### વિસ્ફોટોથી લેબનોનની રાજધાની બેરૂતમાં ઈઝરાયેલે મોટો હુમલો

# ઈઝરાયેલનો હિઝબુલ્લાના વડા હસન નસરાલ્લાહના ઉત્તરાધિકારીને માર્યાનો દાવો

**હિજબુલ્લાના વડા હસન નસરાલ્લાહને ઠાર કર્યા પછી ઇઝરાયેલે હાશિમ સફીદીનને પણ નિશાન બનાવ્યો હતો**



। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

લેબનોનની રાજધાની બેરૂતમાં ઈઝરાયેલે મોટો હુમલો કર્યો હતો. ઈઝરાયેલ હુમલા દરમિયાન હાશિમ સફીદીનને નિશાન બનાવવામાં આવ્યો હતો. જો કે, આ અંગે ઈઝરાયેલી ડિફેન્સ ફોર્સિસ (IDF) અથવા લેબનોનમાં હિજબુલ્લા તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. હાશિમ સફીદીનને તેમના મૃત્યુ પછી હસન નસરુલ્લાહના સંભવિત અનુગામી માનવામાં આવે છે. હિજબુલ્લાના વડા હસન નસરાલ્લાહને ઠાર કર્યા પછી ઈઝરાયેલે હાશિમ સફીદીનને નિશાન બનાવ્યો હતો. જેને તેના સંભવિત અનુગામી માનવામાં આવતો હતો. લેબનીઝ અહેવાલોને ટાંકીને ઈઝરાયેલી મીડિયાએ મોટો દાવો કર્યો છે કે IDFએ બેરૂતના દહેહ ઉપનગરમાં હાશિમ સફીદીનને ઠાર માર્યો છે. ત્રણ ઈઝરાયેલી અધિકારીઓએ એક અહેવાલમાં જણાવ્યું હતું કે એર સ્ટ્રાઈકમાં સફિદીન સહિત મુખ્ય હિજબુલ્લા નેતાઓની બેઠકને નિશાન બનાવવામાં આવી હતી. જો કે, આ અંગે ઈઝરાયેલી ડિફેન્સ ફોર્સિસ (IDF) અથવા લેબનોનમાં હિજબુલ્લા તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. IDF એ બેરુત સહિત દક્ષિણ લેબનોનના વિસ્તારો પર કથિત રીતે હુમલો કર્યો હતો. બેરૂતમાં સંખ્યાબંધ વિસ્ફોટ થયા હતા, જેમાં ઘણા લોકોના મોતની આશંકા છે. હાશિમ પોતાને પયંગબર મોહમ્મદના વંશજ હોવાનો દાવો કરે છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે ૨૦૧૭માં તેને આતંકવાદી જાહેર કર્યો હતો. ઈરાકના નજફ અને ઈરાનના ક્યુમના ધાર્મિક કેન્દ્રોમાં શિક્ષણ મેળવનાર સફીદીન ૧૯૯૪માં લેબનોન પાછો ફર્યો અને ઝડપથી હિજબુલ્લાહની ટોચની નેતાગીરીમાં પહોંચી ગયો હતો. ૧૯૯૫માં,તે સર્વોચ્ચ નિર્ણય લેતી સંસ્થા મજલિસ અલ-શુરામાં જોડાયો હતો.

# દેશના વડાપ્રધાનએ ૩૭ યોજનાઓના એક આરોગ્ય રક્ષાચક્રથી દેશના ૧૪૦ કરોડ નાગરિકોના આરોગ્યની ચિંતા કરી છે : કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ







। ગાંધીનગર, તા.૪ ।

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૩૭ યોજનાઓના એક આરોગ્ય રક્ષા ચક્રથી દેશના ૧૪૦ કરોડ નાગરિકોના આરોગ્યની ચિંતા કરી છે. એક રાજનેતા સંવેદનશીલતા સાથે અને દીર્ઘદ્રષ્ટિથી પોતાનું કાર્ય કેવી રીતે કરે છે, તેનું ઉમદા દ્રષ્ટાંત વડાપ્રધાનશ્રીએ પૂરું પાડ્યું છે, તેમ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે અડાલજ ખાતે હીરામણિ આરોગ્યધામનું ઉદ્ઘાટન કરતાં જણાવ્યું હતું. અડાલજ ખાતે જન સહાયક ટ્રસ્ટ દ્વારા રૂપિયા ૫૦ કરોડના ખર્ચે નિર્મિત કરવામાં આવેલા હીરામણિ આરોગ્યધામ ઉદ્ઘાટન કરીને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, સતત સક્રિય રહીને સમાજ સેવા કરવાના નરહરીભાઈ અમીનના ઉમદા ભાવના કારણે તેમના માતા પિતાની સ્મૃતિમાં આ હીરામણિ આરોગ્યધામનું નિર્માણ થયું છે. કેન્દ્રીય મંત્રીશ્રી એ ઉમેર્યું હતું કે, ફાસ્ટ જીવન અને પ્રદૂષણયુક્ત વાતાવરણ સાથે જમીન પ્રદૂષિત થવાથી પાણી પણ દૂષિત થયું છે. તેની અસર માનવ શરીર ઉપર થઈ રહી છે. એવા રોગો કે જેને લાંબા સમય સુધી સાતત્યપૂર્ણ આરોગ્ય સેવાની જરૂર હોય છે. તેવી આરોગ્ય સેવાઓ સામાન્ય નાગરિકો અને ગરીબોને ખૂબ મોંઘી પડે છે. આ તમામ આરોગ્ય સેવાઓને ધ્યાનમાં રાખી હીરામણિ આરોગ્યધામનું નિર્માણ કરવામાં આવ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, આઝાદીના ૭૦ વર્ષ સુધી જનસુખાકારીના ક્ષેત્રમાં આરોગ્ય ક્ષેત્રના અનેક પાસાઓને આવરી લેવામાં આવ્યા નહિ. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ બારીકાઈથી અભ્યાસ કરી હોલિસ્ટિક એપ્રોચ સાથે દેશના નાગરિકો માટે આરોગ્ય સેવાઓ સુદ્રઢ બનાવી છે. તેમણે સ્વચ્છતા અભિયાન શરૂ કરી ૨૦ જેટલા સામાન્ય રોગો દૂર કર્યા છે. દરેક ઘરને શુદ્ધ પીવાનું પાણી આપીને નાના મોટા રોગો દૂર કર્યા છે. ઘરે ઘરે શૌચાલય બનાવીને પણ રોગોને દૂર કરવાનો ઉમદા પ્રયત્ન કર્યો છે. નાગરિકો આરોગ્ય પ્રત્યે જાગૃત બને તે માટે યોગને પ્રાધાન્ય આપ્યું છે. આજે સમગ્ર વિશ્વમાં યોગ અંગેની જાગૃતિ આવી છે. ગરીબ અને સામાન્ય પરિવારના ૬૦ કરોડ લોકોને રૂ.પાંચ લાખ સુધીની આરોગ્ય સેવાના કવચ માટે આયુષ્યમાન કાર્ડનું રક્ષણ આપ્યું છે. તેમણે ઉમેર્યુ હતું કે, આરોગ્ય સેવાઓ સાથે સાથે તેમણે મેડિકલ કોલેજો પણ ચાલુ કરી છે. મેડિકલની સીટો માત્ર નથી વધારી, પરંતુ સંપૂર્ણ આરોગ્ય સેવા વિના મૂલ્ય મળી રહે તે પ્રકારની હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આગામી ૧૦ વર્ષમાં ૭૫ હજાર જેટલી મેડિકલ સીટો વધારવામાં આવશે. તેની સાથે પી.એચ.સી., સી.એસ.સી. અપગ્રેડેશન પણ કરવામાં આવી રહ્યું છે. નાગરિકોને દવાઓ સસ્તી મળી રહે તે માટે જેનરિક ઔષધી સેન્ટરોનું નિર્માણ કરવામાં આવ્યા છે. આવી ૩૭ જેટલી જુદી-જુદી યોજનાઓનું એક ચક્ર બનાવીને તેમણે દેશના ગરીબ,વંચિત, જરૂરતમંદ લોકોની આરોગ્ય સુખાકારી વધારી છે. વિશ્વ નેતા અને યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને દેશના ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં દેશમાં સુશાસનનો ઉદય થયો છે, તેવું જણાવી રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગરીબ પરિવારના ઘરમાં હૃદય, કિડની કે અન્ય કોઈ ગંભીર રોગ આવે છે, ત્યારે પરિવાર ખર્ચના ખપ્પર હેઠળ હોમાઈ જતો હોય છે. પરંતુ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સંવેદનશીલ ભાવથી દેશમાં સઘન આરોગ્ય સેવાઓ આપી રહ્યા છે. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૧૫ નવી એઈમ્સ હોસ્પિટલોનું નિર્માણ કરવામાં આવ્યું છે. દેશમાં ૨૨૫ મેડિકલ કોલેજો કાર્યરત છે. ૭૦ હજારથી વધુ મેડિકલ સીટોનો વધારો કરવામાં આવ્યો છે. વડાપ્રધાનશ્રીએ મુખ્યમંત્રીશ્રીના કાર્યકાળ દરમિયાન ગુજરાતમાં જન કલ્યાણનો અભિગમ અપનાવી આરોગ્ય સુખાકારી માટે અનેક નીતિ અમલમાં મુકેલ છે. એક સમય હતો કે, જ્યારે છેવાડાના માનવીને આરોગ્ય સેવા માટે દૂર દૂર સુધી જવું પડતું હતું, પરંતુ આજે અંતરિયાળ વિસ્તારમાં પણ સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલોની સુવિધા ઉપલબ્ધ બને છે. તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતમાં મેડિકલ કોલેજોની સીટો બમણી થઈ છે, ૨૦૧૪માં ગુજરાતમાં મેડિકલ કૉલેજ ૧૪ હતી, જે આજે ૪૦ થઈ છે. આદિજાતિ વિસ્તારમાં પણ મેડિકલ કોલેજ શરૂ થઈ છે. નાગરિકોને ઉત્તમ આરોગ્ય સેવા આપવા માટે જિલ્લા કક્ષાની હોસ્પિટલો, સી.એસ.સી., પી.એસ.સી અને આરોગ્ય સબ સેન્ટર અને અધ્યતન બનાવવામાં આવી રહ્યા છે, પરંતુ સામાજિક સંસ્થાઓ થકી રાજ્યમાં આરોગ્ય સેવા વધુ વ્યાપક બને છે.

ન્યૂઝ બ્રિફ

## વડોદરાના સુપ્રસિદ્ધ યુનાઈટેડ વેના ગરબા વિવાદમાં આવ્યા

। (એજન્સી) વડોદરા, તા.૪ ।

નવરાત્રીનો પ્રારંભ થઈ ચૂક્યો છે. નવરાત્રીના પ્રથમ દિવસે ખેલૈયાઓમાં હર્ષ ઉલ્લાસનો માહોલ જોવા મળ્યો છે. ખેલૈયાઓ મોંઘાદાટ ગરબાના પાસ ખરીદીને પણ નવરાત્રીની મજા માણવા માટે જતા હોય છે. ત્યારે વડોદરા સુપ્રસિદ્ધ એવા યુનાઈટેડ વેના ગરબાના આ વર્ષે વિવાદમાં આવ્યા છે. યુનાઈટેડ વેના ગરબાના મેદાન પર કીચડનું સામ્રાજ્ય જોવા મળ્યુ છે. મેદાનમાં કીચડ હોવા છતા પણ ખેલૈયાઓએ પ્રથમ નોરતે ગરબા રમ્યા હતા. પ્રથમ નોરતે ગરબાની જ મજા બગડતા ખેલૈયાઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો. કીચડમાંથી પસાર થઈને મેદાન સુધી જવા ખેલૈયાઓ મજબૂર બન્યા છે. પાસના નામે હજારો રુપિયા લીધા બાદ પણ સુવિધાના નામે મીંડું જોવા મળ્યુ છે. સફાઈ કામગીરી મુદ્દે પણ ખેલૈયાઓએ સોશિયલ મીડિયામાં બળાપો ઠાલવ્યો છે.

## હવે AIની મદદથી ગુનેગારોને પકડશે અમદાવાદ પોલીસ

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

ગૃહ મંત્રી અમિત શાહ દ્વારા અમદાવાદ પોલીસ માટે એઆઈ ટેકનોલોજીથી સજ્જ આધુનિક કમાન્ડ અને કંટ્રોલ સેન્ટરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. જે રીયલ ટાઈમ મોનિટરીંગમાં ખુબ જ ઉપયોગી સાબિત થશે. જેના ઉપયોગ વડે ગુનાહિત પ્રવૃતિઓને રોકી શકાશે. આ સેન્ટર જાહેર સુરક્ષામાં વધારો કરશે અને પોલીસની ક્ષમતામાં નોંધપાત્ર સુધારો કરશે. સેન્ટરની એક વિશિષ્ટ લાક્ષણિકતા એ છે કે દરેક અધિકારી પાસે ત્રણ મોનીટર હોય છે, જેના દ્વારા એક જ સમયે જુદી જુદી ત્રણ જગ્યાનું મોનિટરીંગ કરી શકાય છે. સૌથી રસપ્રદ એ છે કે હવે અમદાવાદ પોલીસ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરશે.

# અમદાવાદ મંડળ ખાતે રાજભાષા પખવાડિયા ના સમાપન અને ઇનામ વિતરણ સમારોહનું આયોજન

। અમદાવાદ, તા.૪ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્માની અધ્યક્ષતામાં તારીખ ૦૩.૧૦.૨૦૨૪ના રોજ હિન્દી પખવાડિયાના સમાપન અને ઈનામ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પખવાડિયા દરમિયાન રેલવે કર્મચારીઓમાં સત્તાવાર ભાષાના પ્રચાર માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં તારીખ ૧૭.૦૯.૨૦૨૪ ના રોજ કર્મચારીઓ માટે હિન્દી નિબંધ લેખન સ્પર્ધા અને કર્મચારીઓ માટે હિન્દી નોંધ અને ડ્રાફ્ટ લેખન અને સુલેખનનો તારીખ ૧૮.૦૯.૨૦૨૪ ના રોજ અધિકારીઓ માટે નિબંધ સ્પર્ધા, તારીખ ૧૯.૦૯.૨૦૨૪ ના રોજ કર્મચારીઓ માટે કમ્પ્યુટર પર હિન્દી ટાઈપિંગ સ્પર્ધા નો સમાવેશ થાય છે. આ ક્રમમાં તારીખ ૦૧.૧૦.૨૦૨૪ ના રોજ મંડળ કાર્યાલય માં 'કવિ સંમેલન'નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યુ હતું. આ કવિ સંમેલનમાં, કવિ ગણ, શ્રી સંપત લોહાર, ડો. ઋષિપાલ ધીમાન, શ્રી ચંદ્રમોહન તિવારી, શ્રી હરિબદન ભટ્ટ અને શ્રી હાફિઝ ખાને તેમની કવિતાઓ અને ગઝલો દ્વારા સૌને ખુશ કરી દીધા. આ પ્રસંગે મંડળ રેલ પ્રબંધક,અપર મંડળ રેલ પ્રબંધક અને રાજભાષા અધિકારી સહિત વિભાગના તમામ વરિષ્ઠ અધિકારીઓ અને મોટી









સંખ્યામાં કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તારીખ ૦૩.૧૦.૨૦૨૪ ના રોજ કાર્યક્રમનો સમાપન સમારોહ યોજવામાં આવ્યો હતો. સમારંભના અધ્યક્ષ અને મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્મા દ્વારા કેન્દ્રીય ગૃહ મંત્રી, ભારત સરકાર, શ્રી અમિત શાહનો હિન્દી દિવસ સંદેશ વાંચવામાં આવ્યો હતો. આ પછી, અમદાવાદ મંડળ પર રાજભાષા પખવાડિયાના નેજા હેઠળ રાજભાષા વિભાગ દ્વારા આયોજિત વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને મંડળ રેલ પ્રબંધક ના કરકમળો દ્વારા પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. સમારંભ દરમિયાન, પાવર પોઈન્ટ દ્વારા એક રસપ્રદ ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું હતુ અને ઉપરોક્ત ક્વિઝમાં વિજેતા અધિકારીઓ અને કર્મચારીઓને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે, અપર મુખ્ય ભાષા અધિકારી અને અપર મંડળ રેલ પ્રબંધક (ઓપરેશન્સ) શ્રી લોકેશ કુમાર દ્વારા આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

### વરસાદે વિરામ લેતાની સાથે રાજ્યના અનેક વિસ્તારોમાં રોગચાળો વકર્યો

## સુરતમાં વકર્યો રોગચાળો શ્રમિક યુવકનું મેલેરિયાથી મોત નિપજ્યુ

। (એજન્સી) સુરત, તા.૪ ।

વરસાદે વિરામ લેતાની સાથે રાજ્યના અનેક વિસ્તારોમાં રોગચાળો વકર્યો છે.બેવડી ઋતુના પગલે સુરતમાં પણ પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો બેકાબૂ બન્યો છે. શરદી, ખાંસી, વાયરલ, ચિકનગુનિયા તેમજ ડેન્ગ્યુના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. સુરતના કાપોદ્રામાં શ્રમિક યુવકનું મેલેરિયાની સારવાર દરમિયાન મોત થયુ હોવાનું સામે આવ્યુ છે. યુવકની તબિયત લથડતા સ્મીમેર હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. ગત મહિને ડેન્ગ્યૂના ૬૩ અને મેલેરિયાના ૯૧ કેસ નોંધાયા હતા. જેના પગલે અનેક વિસ્તારોમાં આરોગ્ય વિભાગની ટીમે સર્વે હાથ ધર્યો છે. બીજી તરફ વડોદરામાં પણ પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. વડોદરાની SSG હોસ્પિટલમાં છેલ્લા ૫ દિવસમાં ડેન્ગ્યુના ૪૬ કેસ નોંધાયા છે. ૧૫ દિવસમાં ૫૦૦થી વધુ વાયરલ ઈન્ફેક્શનના કેસ નોંધાઈ ચૂક્યા છે. SSG હોસ્પિટલના RMO એ પણ અપીલ કરી છે કે સ્વચ્છતા જાળવો અને સાવચેતીથી રહો. તાવની અસર થતા તરત જ યોગ્ય તબીબ પાસે સારવાર કરાવો.

### ફરી એક વાર સ્પાની આડમાં ચાલતા દેહ વ્યાપાર

## સ્પા અને મસાજ પાર્લરની આડમા ચાલતા દેહ વ્યાપારના ગોરખધંધાનો પર્દાફાશ થયો

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

શહેરમાં ફરી એક વાર સ્પાની આડમાં ચાલતા દેહ વ્યાપારનો પર્દાફાશ થયો છે. અમદાવાદના પોશ વિસ્તાર સમાન જજીસ બંગ્લોઝ નજીકના શોપિંગ કોમ્પ્લેક્ષમાં સ્પા અને મસાજ પાર્લરની આડમા ચાલતા દેહ વ્યાપારના ગોરખધંધાનો પર્દાફાશ સીઆઈડી ક્રાઈમની ટીમે કર્યો છે. જેથી આ બનાવને લઈને હવે ચકચાર મચી જવા પામી છે. નાગાલેન્ડ અને થાઈલેન્ડની યુવતીઓને ઈ-બિઝનેશ વિઝા પર બોલાવીને દેહવ્યાપારના ધંધામાં ધકેલી દેવામાં આવતી હોવાની બાતમીના આધારે દરોડા પાડીને સ્પા સેન્ટરના માલિક સહીત ત્રણ યુવતીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે.સીઆઈડી ક્રાઈમની ટીમે શહેરમાં સ્પા સેન્ટરની આડમાં ચાલતા દેહવ્યાપારના દુષણને ડામવા માટેની મુહિમ ઉઠાવી લીધી હોય તેમ લાગી રહ્યું છે. તાજેતરમાં સીઆઈડી ક્રાઈમે જુદી-જુદી ટીમો બનાવીને શહેરની નામચિન્હ હોટલોમાં દરોડા પાડીને દેહવ્યાપારના રેકેટનો પર્દાફાશ કરીને વાહવાહી લૂંટી હતી. ત્યારે હવે ફરી એક વખત શહેરના જજીસ બંગ્લોઝ નજીક આવેલા કોમ્પ્લેક્ષમાં ધ થાઈ સ્પા સેન્ટરમાં ડમી ગ્રાહક મોકલીને દરોડા પાડવામાં આવ્યા છે.

### હાઈકોર્ટના આદેશ બાદ સરકાર જાહેર કરશે સૂચના

## હેલ્મેટ વગર જતા સરકારી કર્મચારીઓ સામે પોલીસ કડક કાર્યવાહી કરશે

### નિયમભંગ કરનાર કર્મચારીઓને હવે દંડ, લાયસન્સ રદ અને ખાતાકીય તપાસનો સામનો કરવો પડશે

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

ચીફ જસ્ટિસે ટકોર કરતા કહ્યું કે, "લોકોને સમય અને કાયદા બંનેની ભાન કરાવવાની જરૂર છે." તેમણે ઉમેર્યું કે આવા કર્મચારીઓને રોકવાથી તેમને સમયનું પણ ભાન થશે. આ નિર્ણય માત્ર સરકારી કર્મચારીઓ પૂરતો સીમિત નથી. ગુજરાત હાઈકોર્ટમાં કામ કરતા કર્મચારીઓ માટે પણ હેલ્મેટ ફરજિયાત કરવા અંગે સર્ક્યૂલર બહાર પાડવાની વિચારણા ચાલી રહી છે. નોંધનીય છે કે એક મહિના પહેલા ગુજરાત હાઈકોર્ટે સત્તાવાળાઓને અમદાવાદ શહેરમાં દ્વિચક્રી વાહન ચાલકો અને સવારો માટે હેલ્મેટ ફરજિયાત બનાવવાના તેના આદેશનો ૧૫ દિવસની અંદર અમલ કરવા આદેશ આપ્યો હતો. ચીફ જસ્ટિસ સુનીતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ડિવિઝન બેન્ચે પણ અવલોકન કર્યું હતું કે શહેરમાં રોડ ટ્રાફિક એ એક મુદ્દો છે જેની કાળજી લેવાની જરૂર છે. અને તેના સંચાલન માટે સર્વગ્રાહી અભિગમની જરૂર છે. કોર્ટે નાગરિક સત્તાવાળાઓને રોંગ સાઈડમાં ડ્રાઈવિંગ કરતા લોકોને રોકવા માટે પગલાં લેવાનો નિર્દેશ આપ્યો હતો.હાઈકોર્ટે કહ્યું, "ટુ-વ્હીલર અને સવારો દ્વારા હેલ્મેટ પહેરવાની આ ફરજિયાત શરતને લાગુ કરવા માટે અમે તમને ૧૫ દિવસનો સમય આપી રહ્યા છીએ." અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ફ્લાયઓવરના બાંધકામ અંગેની જાહેર હિતની અરજી ની સુનાવણી દરમિયાન ડિવિઝન બેન્ચે આ નિર્દેશ જારી કર્યો હતો. જેમાં અરજદારે જણાવ્યું હતુ કે આનાથી ટ્રાફિક જામ અને અકસ્માતની શક્યતાઓ વધશે અને આ વિસ્તારમાં ગ્રીન કવર પણ ઘટશે.કોર્ટે ગુજરાતના કોમર્શિયલ હબમાં વાહનોની અવરજવરના સંચાલન અને ટ્રાફિક પોલીસ વિભાગમાં ખાલી જગ્યાઓ ભરવાના પાસાઓ ઉમેરીને પીઆઈએલનો વ્યાપ વિસ્તાર્યો છે. હાઈકોર્ટે જણાવ્યું હતું કે તે સમાન અરજીના ભાગરૂપે, રાષ્ટ્રીય ધોરીમાર્ગો, ખાસ કરીને અમદાવાદ શહેરમાંથી પસાર થતા સરખેજ-ગાંધીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરના પ્રવેશ અને બહાર નીકળવાના સ્થળોના સંચાલન અને જાળવણીની પણ તપાસ કરશે. ચીફ જસ્ટિસ અગ્રવાલે કહ્યું, "ખાસ કરીને એવા વિસ્તારોની ઓળખ કરો કે જ્યાં ચોક્કસ સમયે ભીડ હોય છે.

# એક સમયે ખોટ કરતી ADC બેંકે, ૧૭૦૦૦ કરોડનો બિઝનેસ કર્યો

। ગાંધીનગર, તા.૪ ।

કેન્દ્રીય સહકારિતા મંત્રીએ અમદાવાદ ડિસ્ટ્રીકટ કો-ઓપરેટિવ બેંકની સફળ શતાબ્દીને અમદાવાદ જિલ્લા સહિત ગુજરાતભરના ખેડૂતોના ઉત્કર્ષના ૧૦૦ વર્ષ ગણાવતા કહ્યું હતુ કે, ખેડૂતો અને સામાન્ય નાગરિકોને શાહુકારોના વિષચક્રમાંથી બચાવવા માટે વર્ષ ૧૯૨૫માં અમદાવાદ ખાતે એક નાની ઓરડીમાં શરૂ થયેલી ધ અમદાવાદ ડિસ્ટ્રિકટ કો-ઓપરેટિવ બેંકે ૧૦૦ વર્ષમાં અનેક ઉતાર-ચડાવ જોયા છે. છતાં પણ આજે રૂ. ૧૭,૦૦૦ કરોડથી વધુનો બિઝનેસ, રૂ. ૧૦૦ કરોડનો નફો, અડધા ટકા કરતા પણ ઓછો ઢ્રૅછ રેટ તેમજ આશરે રૂ. ૬૫૦૦ કરોડના ધિરાણ સાથે છઢ્ઢઝ બેંક દેશની સૌથી વધુ નફો કરતી અગ્રણી જિલ્લા સહકારી બેંક તરીકે પ્રસ્થાપિત થઈ છે. ગુજરાતના ખેડૂતો પાસે સામાન્ય વ્યવસ્થાનો અભાવ હતો, દુકાળના પરિણામે આર્થિક તંગી હતી અને ખેડૂતો શાહુકારોના વિષચક્રનો ભોગ બનતા હતા. તેવા કપરા સમયે મહાત્મા ગાંધીજીએ સરદાર વલ્લભભાઈ પટેલને ગુજરાતમાં સહકારનો પાયો નાખવાની હાકલ કરી હતી. ગુજરાતમાં સરદાર વલ્લભભાઈ પટેલે શરૂ કરેલી સહકારિતા યાત્રાને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વેગ આપ્યો છે. ગુજરાતમાં શરૂ થયેલું સહકારિતા અંદોલન આજે રાષ્ટ્રવ્યાપી આંદોલન બની ગયું છેઅમિતભાઈ શાહે સતત છ વર્ષથી ઢ્રૅછ વધતાં મોટી રકમના



બૂકલોસમાં આવી ગયેલી અમદાવાદ ડિસ્ટ્રીકટ કો-ઓપરેટિવ બેંકને પોતાની આગવી સૂઝ, કુનેહ અને વહીવટી કુશળતાથી બેંકને પાટા પર ચડાવી હતી. તેમજ વર્ષોથી ખોટમાં ચાલતી એડીસી બેંક અમિતભાઈના નેતૃત્વના પ્રથમ વર્ષથી જ નફો કરવા લાગી હતી. એક સમયે જ્યારે માધુપુરા બેંક નબળી પડી ત્યારે સહકારી ક્ષેત્ર પરનો લોકોનો વિશ્વાસ ડગી ના જાય તેની પણ ખાસ તકેદારી અમિતભાઈ શાહે લીધી હોવાનું મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ. એક સમયે ખોટ કરતી છઢ્ઢઝ બેંક આજે સૌથી નફો કરતી સહકારી બેંક બની છે. સેવા સહકારી મંડળીઓ દ્વારા હાલમાં પેટ્રોલ પંપ, ખાતર વેચાણ કેન્દ્રો, સસ્તા અનાજની દૂકાનો, પાર્લર જેવા અનેકવિધ નાના-મોટા વ્યવસાય શરૂ કરવામાં આવ્યા છે. અમદાવાદ ડિસ્ટ્રીકટ કો-ઓપરેટિવ બેંકના ચેરમેન અજયભાઈ પટેલે સ્વર્ણિમ શતાબ્દી મહોત્સવમાં સૌને આવકારતાં જણાવ્યું હતું કે, સહકારિતા મંત્રી અમિતભાઈ શાહના સબળ નેતૃત્વમાં સહકારી ક્ષેત્ર વિકાસનાં અનેક નવા સોપાનો સર કરી રહ્યું છે. તેમને સહકરિતા વિભાગ સંભાળ્યા બાદ ૫૪ જેટલા સુધારા કર્યા છે. નાના માણસની મોટી બેંક'ના મંત્રને ADCએ સાચા અર્થમાં ચરિતાર્થ કર્યો છે. નાના વ્યક્તિએ સહકારી બેંકોના માધ્યમથી દેશના આર્થિક વિકાસમાં મોટું પ્રદાન આપ્યું છે. દેશમાં સહકારી માળખું વેર-વિખેર હતું ત્યારે સહકારી પ્રવૃત્તિઓને પ્રાધાન્ય આપવા દેશમાં ૭૦ વર્ષથી અલગ સહકારિતા મંત્રાલય સ્થાપવાની માંગ હતી, તેને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અલગ મંત્રાલય સ્થાપીને પૂર્ણ કરી છે. ADC સાથે જોડાયેલા ૫૭૫ સેવા સહકાર મંડળીઓના સભાસદોને વોકર, વ્હીલચેર અને ટ્રાઈસિકલ ઉપરાંત ૬૭૩ ભજન મંડળીઓને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહના હસ્તે તેમજ મહાનુભાવોની ઉપસ્થિતિમાં પ્રતિકરૂપે વાદ્ય યંત્રો પણ આપવામાં આવ્યાં હતાં.